વર્ષ : ૬૩ ■ અંક : ૧૭ ■ તા.૦૧-૦૯-૨૦૨૩

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

G20 भारत 2023 INDIA



## "મારી માટી, મારો દેશ" અભિયાન બન્યું
## જન-જનમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવાનું દ્યોતક

# G-20ના મહાનુભાવો મોઢેરા સૂર્યમંદિરની મુલાકાતે









Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 63 ▪ Issue : 17 ▪ Date : 01 - 09 - 2023

**તંત્રી** : ધીરજ પારેખ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : જિગર ખુંટ
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, સુનિલ પટેલ, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : પી. વી. મોઢ
**ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.**
**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- સરકાર છેવાડાના જરૂરીયાતમંદ લોકો સુધી વિકાસ યોજનાના લાભ પહોંચાડવા પ્રતિબદ્ધ છે.
- ઈ-ગવર્નન્સથી પારદર્શી અને નિશ્ચિત સમય મર્યાદામાં લોકપ્રશ્નોનું નિવારણ આવે છે.
- વિકસિત ગુજરાતના નિર્માણ થકી વિકસિત ભારતના નિર્માણ માટેની પ્રતિબધ્ધતા સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે.
- રાજ્ય સરકાર હંમેશા ખેડૂતોનું હિત જુએ છે.
- ભાવિ પડકારોના સામના માટે વર્તમાન સમયની સજ્જતા સાથે રાજ્ય સરકાર સજાગ છે.
- વિકાસની રાજનીતિ દ્વારા આયોજનબધ્ધ રીતે આગળ વધવાનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે પુરૂં પાડ્યું છે.
- ભવિષ્યની જરૂરીયાતનો વિચાર કરીને રાજ્ય સરકાર વિકાસ કામોની કાર્યયોજના તૈયાર કરી રહી છે.
- વિકાસ કાર્યોની સાથે-સાથે પર્યાવરણની સુરક્ષાને પણ મહત્વ આપવું પડશે.
- ગ્લોબલ વોર્મિંગને નાથવા માટે પ્રદૂષણ અટકાવવા ઉપરાંત જળસંચય અને વૃક્ષારોપણ ઉપર વિશેષ ભાર મૂકી રહ્યાં છીએ.
- સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને નિયંત્રિત કરવા માટે નાગરિકોનો સહકાર અપેક્ષિત છે.

(મુખ્યમંત્રીશ્રીએ મહેસાણા ખાતે સિંચાઈ યોજનાના ખાતમુહૂર્ત પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)

# આકર્ષણ


8 સંવાદ

24 G-20 વિશેષ

**વિકાસયાત્રા**

31 અમદાવાદના છાત્રોએ CMને ૩૨૫ ફૂટની રાખડી અર્પિત કરી

32 ગાંધીનગરમાં વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની ૨૬મી બેઠક

34 માતપુર-બ્રાહ્મણવાડા ઉદવહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ

41 સમાચાર વિશેષ

46 નિર્ણય

50 ક્વિઝ






18 અભિયાન

મારી માટી, મારો દેશ અભિયાન બન્યું
**જન-જનમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવાનું દ્યોતક**

6
## સિદ્ધિ
ઇસરોની સિદ્ધિ :
ચંદ્રયાન-3નું સફળ ઉતરાણ


12
## ગૌરવ
ઈસબગૂલ : સ્વાસ્થ્ય અને
અર્થવ્યવસ્થા માટે લાભદાયી પાક

14
## દિન વિશેષ
• શિક્ષક દિવસ
• ગુજરાતી ભાષા દિવસ

16
## સંભાળ
છઠ્ઠો રાષ્ટ્રીય પોષણ માસ

23
## ચિંતન
ગાંધીનગરમાં સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ
લાઇફની બેઠક યોજાઈ

48
## ખાસ લેખ
ભાવનગરનું અનોખું પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર

વાચકોનો અભિપ્રાય એ પત્રકારત્વનો પ્રાણ છે. તમારું માનીતું અને વિશ્વસનીય પાક્ષિક 'ગુજરાત' તમારા અભિપ્રાયના આધારે જ વધુ વાંચનક્ષમ અને રસપ્રદ બને છે. 'ગુજરાત' પાક્ષિકનો અંક કેવો લાગ્યો, તેની વાંચનસામગ્રી, ભાષા, વિચારો વગેરે વિશે તમારાં મંતવ્યો અમને મળે અને પાક્ષિકની વિકાસયાત્રા વધુ ગતિશીલ બને એ દિશામાં અમારો આ નમ્ર પ્રયાસ છે. આપનાં મંતવ્યો **તંત્રીશ્રી, ગુજરાત પાક્ષિક કાર્યાલય, પ્રકાશન શાખા, બ્લોક નં. ૧૯, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**ના સરનામે સુવાચ્ય રીતે કાગળની એક બાજુ લખીને મોકલી આપવા વિનંતી છે.

- તંત્રી



## રાષ્ટ્રપ્રેમનો ઊર્જાવાન સંચાર : 'મારી માટી, મારો દેશ'

ઑગસ્ટ-૨૦૨૩નો મહિનો ભારતીય અવકાશ સંશોધન ક્ષેત્રે ઐતિહાસિક બની રહ્યો. ચંદ્રયાન-૩નું સફળતાપૂર્વક સોફ્ટ લેન્ડિંગ કરીને ભારતે સમગ્ર વિશ્વને અવકાશ સંશોધન ક્ષેત્રે તેના સામર્થ્યનો પરિચય આપ્યો. પ્રત્યેક ગુજરાતી અને ભારતવાસીની છાતી આ સિદ્ધિથી ગજ-ગજ ફૂલી રહી છે. આ એક એવી વિરલ ઘટના છે કે જે સદીઓ સુધી ગુંજતી રહેશે.

દેશની આઝાદી માટે શહીદોનું યોગદાન નવી પેઢી સુધી સુપેરે પહોંચે તે માટે 'મારી માટી, મારો દેશ' અભિયાન આરંભાયું. આ અભિયાને ગુજરાત સહિત દેશભરમાં નવતર ચેતના ઊભી કરી છે. સમગ્ર ગુજરાતમાં 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમે ઊર્જાનો સંચાર કર્યો. દેશભરમાંથી એકત્રિત થયેલી માટીને દિલ્હીના કર્તવ્યપથ લાવીને વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં 'મારી માટી, મારો દેશ' ઝુંબેશ અંતર્ગત અત્યાર સુધીમાં ૧૫,૧૩૬ શિલાફલકમની સ્થાપના ઉપરાંત પંચપ્રણ, અમૃત વાટિકાનું નિર્માણ તથા વીરો-વીરાંગનાઓનું સન્માન કરાયું હતું.

'તમામ માટે સ્વાસ્થ્ય અને સુખાકારી તરફ'ની થીમ સાથે તાજેતરમાં ગાંધીનગર ખાતે G-20ના આરોગ્ય મંત્રીશ્રીઓની બેઠક યોજાઈ ગઈ. આ સમિટમાં સ્વાસ્થ્ય સામેના પડકારોનું સમાધાન કરવા અને વૈશ્વિક સ્વાસ્થ્ય અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં પ્રગતિને વેગ આપવા માટે પરંપરાગત, પ્રશંસાત્મક અને સંકલિત ચિકિત્સાની ભૂમિકા પર સામૂહિક વિચારમંથન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, G-20ની સાયન્ટિફિક એડવાઈઝર્સ રાઉન્ડ ટેબલની બીજી બેઠક યોજાઈ હતી, જેમાં અલગ-અલગ દેશોના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારોએ ઉપસ્થિત રહીને વિવિધ વિષયો ઉપર ચર્ચા-વિચારણા કરી હતી.

કુપોષણમુક્ત ભારતના નિર્માણમાં અતિમહત્ત્વની ભૂમિકા પોષણ અભિયાનની છે. જેમાં સગર્ભા અને સ્તનપાન કરાવતી મહિલાઓ, છ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો અને કિશોરીઓને આવરી લઈ સમગ્ર દેશમાં 'સ્વસ્થ ભારત'ના વિઝનને સાકાર કરવા માટે સઘન પ્રવૃત્તિઓ સમગ્ર સપ્ટેમ્બર માસ દરમિયાન કરવામાં આવશે.

જાન્યુઆરી ૨૦૨૪માં યોજાઈ રહેલી વાઈબ્રન્ટ સમિટની દસમી શ્રૃંખલાની તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગુજરાત સરકાર ઉપર રોકાણકારોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે વૈશ્વિક અગ્રણી કંપનીઓનું રોકાણ વધી રહ્યું છે. આ ઉપરાંત, છેલ્લાં ૧૦ વર્ષમાં ગુજરાતમાં ૬૯૨ વિકાસ પ્રોજેક્ટ્સને ફંડ મળ્યું છે, જે કોઈ પણ રાજ્યમાં ફંડ મેળવનારા વિકાસ પ્રોજેક્ટ્સની સંખ્યાના સંદર્ભમાં દેશમાં સૌથી વધુ છે. આ ઉપરથી સાબિત થાય છે કે, બેંક અને નાણાકીય સંસ્થાઓનો ગુજરાત ઉપર ભરોસો દિન પ્રતિદિન વધી રહ્યો છે.

પ્રસ્તુત અંકમાં રાજ્ય સરકારના જનહિતલક્ષી કાર્યો, નિર્ણયો અને અન્ય રસપ્રદ માહિતી વણી લેવામાં આવી છે, તે ગુજરાત પાક્ષિકના સુજ્ઞ વાચકોને ઉપયોગી બની રહેશે, તેવી મને શ્રદ્ધા છે.

જય જય ગરવી ગુજરાત...

**- ધીરજ પારેખ,** આઈ.એ.એસ.
**માહિતી નિયામક**



### ભારતના અવકાશ અભિયાનની 'ચંદ્રક્રાંતિ'

# ચંદ્રયાન-૩એ ચંદ્રની ધરતી પર ઉતરાણ કરી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી





ઑગસ્ટ મહિનો એટલે ક્રાંતિનો મહિનો. દેશને આઝાદી અપાવનારા સ્વાતંત્ર્યવીરોને ૧૫મી ઑગસ્ટે સદાય આપણે યાદ કરીએ છીએ. આ ઑગસ્ટ મહિનામાં બનેલો એક યાદગાર પ્રસંગે ૧૪૦ કરોડ દેશવાસીઓ માટે આનંદની ક્ષણ લઈને આવ્યો છે. ૨૩ ઑગસ્ટ, ૨૦૨૩નો દિવસ ભારતીય અવકાશ વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે યાદગાર રહેશે. ચંદ્રયાન -૩ પર સંશોધન કરવા ૧૪ જુલાઈના રોજ શરૂ થયેલું મિશન ૪૧ દિવસે સફળતાપૂર્વક પાર પડ્યું છે. ગત તા. ૨૩ ઑગસ્ટના રોજ સાંજે ૬.૦૪ વાગ્યે ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સેફ લેન્ડિંગ કર્યું. આ સેફ અને સોફ્ટ લેન્ડિંગ બાદ ઈસરોના બેંગલુરૂ સેન્ટર સહિત સમગ્ર દેશમાં ઉજવણીની શરૂઆત થઈ ગઈ. ચંદ્રની સપાટીને સ્પર્શ્યાની થોડી ક્ષણો બાદ ચંદ્રયાન-૩એ સંદેશો મોકલ્યો હતો કે, હું મારા લક્ષ્ય પર પહોંચી ગયો છું. ચંદ્ર પર ચંદ્રયાનના ઉતરાણની ઘડીની સમગ્ર ભારત સાથે વિશ્વ આતુરતાપૂર્વક રાહ જોતું હતું, તે ક્ષણના દેશનાં કરોડો દેશવાસીઓ સાક્ષી બન્યાં હતાં.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડિંગ કરવાનો ભારતનો આ બીજો પ્રયત્ન હતો. ચંદ્રયાન-૨ છેક સુધી સફળ રહ્યું હતું પણ તે સમયે સફળતાપૂર્વક લેન્ડિંગ કરી શક્યું ન હતું. આ વખતે વૈજ્ઞાનિકોએ હાર ન માની અને ચંદ્રયાન-૨માં રહી ગયેલી ક્ષતિઓને દૂર કરીને ચંદ્રયાન-૩માં કેટલાક ફેરફારો કર્યા હતા. આ ચંદ્રયાન-૩ પાછળ રૂ.૬૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેણે ૪૧ દિવસમાં કુલ ૩.૮૪ લાખ કિલોમીટરનું અંતર કાપીને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ રીતે સોફ્ટ લેન્ડિંગ કર્યું છે. આ અભિયાનમાં ચંદ્રયાન-૩ના લેન્ડર વિક્રમ કુલ ૧૭૫૨ કિલો વજન સાથે પહોંચ્યું છે.

બ્રિક્સ સંમેલન માટે દક્ષિણ આફ્રિકા ગયેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ જોહાનિસબર્ગથી વર્ચ્યુઅલી જોડાયા હતા. તેમણે ચંદ્રયાનના ચંદ્ર પર ઉતરાણ બાદ દેશને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, આવી ઐતિહાસિક ઘટનાઓ રાષ્ટ્રજીવનની ચેતના બની જાય છે. આ ક્ષણ અવિસ્મરણીય અને અભૂતપૂર્વ છે. આ ક્ષણ વિકસિત ભારતના શંખનાદ અને નવા ભારતનાં જયઘોષની છે. ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચી ગયું છે, જ્યાં આજ સુધી કોઈ દેશ પહોંચ્યો નથી. તેમણે આ અભિયાનમાં સામેલ ઈસરોની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ૧૪૦ કરોડ દેશવાસીઓને ગૌરવવંતી ક્ષણ આપવાની સાથે દેશને નવી ઊર્જા, નવી ચેતના જગાવવા માટે વૈજ્ઞાનિકોને બિરદાવ્યા હતા. આ સાથે, વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આપણે ધરતીને માતા અને ચંદ્રને મામા કહીએ છીએ. એક જમાનામાં એવું કહેવાતું કે ચંદામામા દૂરથી આવ્યા છે, હવે એક દિવસ એવો પણ આવશે, જ્યારે બાળકો કહેશે કે ચંદામામા એક ટૂર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા અમદાવાદ





સ્થિત ઇસરોના સેન્ટરમાં ગયા હતા. જ્યાં ચંદ્રયાન-૩ના સોફ્ટ લેન્ડિંગને નિહાળ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઇસરો કેમ્પસ ખાતે પ્લાસિવ લેબ અને અન્ય ઉપક્રમોની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે ઇસરોના વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનો સ્પેસ રિસર્ચ કાર્યક્રમ વધુ દૃઢ અને મક્કમપણે આગળ વધી રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વિક્રમ સારાભાઈએ શરૂ કરાવેલો ભારતનો સ્પેસ પ્રોગ્રામ આજે અવકાશની અનંત સીમાઓને આંબી રહ્યો છે. અવકાશ ક્ષેત્રે ભારત એક પછી એક સિદ્ધિ મેળવી રહ્યો છે. આ વિકાસથી દેશના નાગરિકોનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે. આ ઉપરાંત, વડાપ્રધાન શ્રી મોદી દ્વારા તાજેતરમાં બોપલ અમદાવાદ ખાતે ઇન-સ્પેસના હેડક્વાર્ટરના લોકાર્પણ પ્રસંગને યાદ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ઇસરો માનવ જાતના ભલા માટે, દેશવાસીઓના લાભ માટે અંતરીક્ષ ક્ષેત્રે સંશોધન કરતું આવ્યું છે અને આઝાદીના અમૃતકાળમાં ઇસરો પણ વિશ્વમાં પોતાની સિદ્ધિઓની ધજા-પતાકાઓ લહેરાવશે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં આવેલું સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર 'SAC'એ ભારતીય અવકાશ સંશોધનમાં ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. ચંદ્રયાન-૩ની સફળતા પાછળ 'SAC'ના કર્મઠ વિજ્ઞાનીઓ અને ટેક્નીશ્યનોની ભૂમિકા રહેલી છે. ●













## લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય પરિવારજનો, નમસ્કાર!

'મન કી બાત'ના ઑગસ્ટ એપિસોડમાં ફરી એક વાર આપ સૌનું હાર્દિક સ્વાગત છે. મને યાદ નથી કે શ્રાવણ મહિનામાં 'મન કી બાત' કાર્યક્રમ બે વાર યોજાયો હોય એવું ક્યારેય બન્યું હોય, પણ આ વખતે પણ એવું જ થઈ રહ્યું છે. શ્રાવણ એટલે મહાશિવનો મહિનો, ઉત્સવ અને ઉલ્લાસનો મહિનો. ચંદ્રયાનની સફળતાએ આ ઉજવણીના વાતાવરણમાં અનેકગણો વધારો કર્યો છે. ચંદ્રયાનને ચંદ્ર સુધી પહોંચ્યે ત્રણ દિવસથી વધુ સમય થઈ ગયો છે. આ સફળતા એટલી મોટી છે કે તેના વિશે જેટલી ચર્ચા થાય એટલી ઓછી છે. આજે જ્યારે હું તમારી સાથે વાત કરું છું ત્યારે મને મારી એક જૂની કવિતાની કેટલીક પંક્તિઓ યાદ આવી રહી છે...

આકાશ તરફ મસ્તક ઉઠાવી
ઘનઘોર વાદળોને ચીરીને
રોશનીનો શુભ સંકલ્પ લો
સૂર્ય તો હમણાં જ ઊગ્યો છે.
દૃઢ નિશ્ચય સાથે ચાલીને
તમામ મુશ્કેલીને પાર કરી
ઘોર અંધકારને દૂર કરવા
હમણાં જ તો સૂર્ય ઊગ્યો છે.
આકાશ તરફ મસ્તક ઉઠાવી
ઘનઘોર વાદળોને ચીરીને
રોશનીનો શુભ સંકલ્પ લો
સૂર્ય તો હમણાં જ ઊગ્યો છે.

મારા પરિવારજનો, ૨૩ ઑગસ્ટે ભારત અને ભારતના ચંદ્રયાને સાબિત કર્યું છે કે, ચંદ્ર પર પણ સંકલ્પનો સૂર્ય ઊગે છે. મિશન ચંદ્રયાન નવા ભારતની એ સ્પિરિટનું પ્રતીક બની ગયું છે, જે કોઈપણ પરિસ્થિતિમાં જીતવા માંગે છે, અને તે કોઈપણ પરિસ્થિતિમાં કેવી રીતે જીતવું તે પણ જાણે છે.

સાથીઓ, આ મિશનનું એક પાસું હતું જેના વિશે હું આપ સૌ સાથે ખાસ ચર્ચા કરવા માંગુ છું. તમને યાદ હશે કે આ વખતે મેં લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે આપણે Women Led Developmentને રાષ્ટ્રીયચરિત્રના રૂપમાં સશક્ત કરવાનો છે. જ્યાં સ્ત્રી શક્તિનું સામર્થ્ય

જોડાય છે ત્યાં અશક્યને પણ શક્ય બનાવી શકાય છે. ભારતનું મિશન ચંદ્રયાન પણ સ્ત્રી શક્તિનું જીવંત ઉદાહરણ છે. આ સમગ્ર મિશનમાં ઘણાં મહિલાં વૈજ્ઞાનિક અને ઇજનેર સીધી રીતે સામેલ થઇ છે. તેમણે વિવિધ સિસ્ટિમના પ્રોજેક્ટ ડાયરેક્ટર, પ્રોજેક્ટ મેનેજર જેવી ઘણી મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી છે. ભારતની દીકરીઓ હવે અનંત ગણાતા એવા અંતરિક્ષને, એવી જગ્યાને પણ પડકારી રહી છે. જ્યારે કોઈ દેશની દીકરીઓ આટલી મહત્વાકાંક્ષી બની જાય તો તે દેશને વિકસિત થતો કોણ રોકી શકે!

સાથીઓ, આપણે આટલી ઊંચી ઉડાન એટલે પૂરી કરી છે કારણ કે હવે આપણાં સપનાં મોટાં છે અને આપણાં પ્રયત્નો પણ મોટા છે. ચંદ્રયાન-૩ની સફળતામાં આપણા વૈજ્ઞાનિકોની સાથે અન્ય ક્ષેત્રોએ પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તમામ પાર્ટ્સ અને તક્નીકી આવશ્યકતાઓને પૂર્ણ કરવામાં ઘણા દેશવાસીઓએ યોગદાન આપ્યું છે. જ્યારે દરેકના પ્રયત્નો ભેગા થયા ત્યારે સફળતા પણ મળી. આજ ચંદ્રયાન-૩ની સૌથી મોટી સફળતા છે. હું ઈચ્છું છું કે ભવિષ્યમાં પણ આપણું સ્પેસ સેક્ટર દરેકના પ્રયત્નોથી આવી અસંખ્ય સફળતાઓ હાંસલ કરે.

મારા પરિવારના સભ્યો, સપ્ટેમ્બર મહિનો ભારતના સામર્થ્યનો સાક્ષી બનવા જઈ રહ્યો છે. ભારત આવતા મહિને યોજાનારી G-20 Leaders' Summit માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૪૦ દેશોના વડાઓ અને અનેક વૈશ્વિક સંસ્થાઓ રાજધાની દિલ્હી આવી રહ્યાં છે. G-20 Summitના ઇતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી મોટી ભાગીદારી હશે. પોતાની presidency દરમિયાન ભારતે G-20 ને વધુ inclusive forum બનાવ્યું છે. ભારતના આમંત્રણ પર આફ્રિકન યુનિયન પણ G-20માં જોડાયું અને આફ્રિકાના લોકોનો અવાજ વિશ્વના આ મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ(platform) સુધી પહોંચ્યો. મિત્રો, ગયા વર્ષે જ્યારથી ભારતે બાલીમાં G-20નું પ્રમુખપદ સંભાળ્યું છે, ત્યારથી ઘણું બધું બન્યું છે જે આપણને ગર્વથી ભરી દે છે. દિલ્હીમાં મોટા કાર્યક્રમોની પરંપરાથી દૂર જઈને અમે તેને દેશનાં વિવિધ શહેરોમાં લઈ ગયા. દેશના ૬૦ શહેરોમાં આને લગતી લગભગ ૨૦૦ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. G-20 Delegates, જ્યાં પણ ગયા ત્યાં લોકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ Delegates આપણા દેશની diversity અને આપણી vibrant democracy જોઈને ખૂબ પ્રભાવિત થયા હતા. તેમને એ પણ સમજાયું કે ભારતમાં ઘણી બધી શક્યતાઓ છે.

મિત્રો, G-20ની આપણી Presidency, People's Presidency છે, જેમાં જનભાગીદારીની ભાવના સૌથી આગળ છે. G-20 ના અગિયાર Engagement Groups છે, જેમાં Academia, Civil Society, યુવા, મહિલાઓ, આપણા સંસદસભ્યો, Entrepreneurs અને Urban Administration સાથે સંકળાયેલા લોકોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એક યા બીજી રીતે આ અંગે દેશભરમાં આયોજિત કાર્યક્રમો સાથે (૧.૫) દોઢ કરોડથી વધુ લોકો જોડાયેલા છે. લોકભાગીદારી માટેના અમારા આ પ્રયાસમાં માત્ર એક જ નહીં પરંતુ બે વિશ્વ રેકૉર્ડ(record) પણ સર્જાયા છે. વારાણસીમાં આયોજિત G-20 Quizમાં ૮૦૦ શાળાઓના ૧.૨૫ લાખ વિદ્યાર્થીઓ(Students)ની ભાગીદારી એક નવો વિશ્વ રેકૉર્ડ બની ગયો. તે જ સમયે, લમ્બાની કારીગરોએ પણ કમાલ કરી. ૪૫૦ કારીગરોએ લગભગ ૧૮૦૦ Unique Patchesનું અદ્ભુત Collection બનાવીને તેમની કુશળતા અને Craftsmanshipનું પ્રદર્શન કર્યું છે. G-20માં આવેલા દરેક પ્રતિનિધિ આપણા દેશની Artistic Diversity જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. આવો જ એક શાનદાર કાર્યક્રમ સુરતમાં યોજાયો હતો. ૧૫ રાજ્યોમાંથી ૧૫,૦૦૦ મહિલાઓએ ત્યાં આયોજિત સાડી Walkathonમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમથી સુરતની Textile Industryને માત્ર પ્રોત્સાહન જ નથી મળ્યું, (Vocal for Local)'વોકલ ફોર લોકલ' ને પણ પ્રોત્સાહન મળ્યું હતું અને સ્થાનિક માટે ગ્લોબલ બનવાનો માર્ગ પણ મોકળો થયો હતો. શ્રીનગરમાં G-20 બેઠક બાદ કાશ્મીરમાં પ્રવાસીઓની સંખ્યામાં ભારે વધારો થયો છે. હું તમામ દેશવાસીઓને કહેવા માંગું છું કે ચાલો આપણે સાથે મળીને G-20 સંમેલનને સફળ બનાવીએ અને દેશની પ્રતિષ્ઠા વધારીએ.

**'મન કી બાત'ના Episodeમાં, આપણે ઘણીવાર આપણી યુવા પેઢીની ક્ષમતા વિશે ચર્ચા કરીએ છીએ. આજે, રમતગમત એક એવું ક્ષેત્ર છે જ્યાં આપણા યુવાનો સતત નવી સફળતાઓ હાંસલ કરી રહ્યાં છે.**

મારા પરિવારજનો, 'મન કી બાત'ના Episodeમાં, આપણે ઘણીવાર આપણી યુવા પેઢીની ક્ષમતા વિશે ચર્ચા કરીએ છીએ. આજે, રમતગમત એક એવું ક્ષેત્ર છે જ્યાં આપણા યુવાનો સતત નવી સફળતાઓ હાંસલ કરી રહ્યા છે. આજે 'મન કી બાત'માં હું એક એવી Tournament વિશે વાત કરીશ જ્યાં તાજેતરમાં આપણા ખેલાડીઓએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો છે. થોડા દિવસો પહેલાં ચીનમાં World University Games યોજાઈ હતી. આ વખતે આ ગેમ્સમાં ભારતનું અત્યાર સુધીનું Best Ever Performance રહ્યું હતું. આપણા ખેલાડીઓએ કુલ ૨૬ મેડલ જીત્યા જેમાંથી ૧૧ Gold Medal (ગોલ્ડમેડલ) હતા. તમને એ જાણીને આનંદ થશે કે ૧૯૫૯થી અત્યાર સુધી યોજાયેલી તમામ World University Gamesમાં જીતેલા તમામ મેડલને ઉમેરીએ તો પણ આ સંખ્યા માત્ર ૧૮ સુધી પહોંચે છે. આ દાયકાઓમાં માત્ર ૧૮, જ્યારે આ વખતે આપણા ખેલાડીઓએ ૨૬ મેડલ જીત્યા છે. તેથી, World University Gamesમાં મેડલ જીતનારા કેટલાક યુવા ખેલાડીઓ, વિદ્યાર્થીઓ હાલમાં મારી સાથે Phone Line (ફોન લાઇન) પર જોડાયેલા છે. ચાલો હું તમને પહેલાં તેમના વિશે કહું. યુપીની રહેવાસી પ્રગતિએ Archery (તીરંદાજી)માં Medal જીત્યો છે. આસામના રહેવાસી અમ્લાને Athletics (એથ્લેટિક્સ)માં Medal જીત્યો છે. યુપીની રહેવાસી પ્રિયંકાએ Race Walkમાં મેડલ જીત્યો છે. મહારાષ્ટ્રની રહેવાસી

અભિદન્યાએ Shooting (શૂટિંગ)માં મેડલ જીત્યો છે.

મારા પરિવારજનો, આ વખતે ૧૫મી ઑગસ્ટે દેશે 'સબકા પ્રયાસ'ની શક્તિ જોઈ. તમામ દેશવાસીઓના પ્રયાસોએ 'હર ઘર તિરંગા અભિયાન'ને વાસ્તવમાં 'હર મન તિરંગા અભિયાન' બનાવ્યું. આ અભિયાન દરમિયાન ઘણા રેકૉર્ડ પણ બન્યા હતા. દેશવાસીઓએ કરોડોમાં તિરંગા ખરીદ્યા. ૧.૫ લાખ પોસ્ટ ઑફિસ દ્વારા લગભગ ૧.૫ કરોડ તિરંગાનું વેચાણ થયું હતું. તેના કારણે આપણા કામદારો, વણકરોએ અને ખાસ કરીને મહિલાઓએ પણ કરોડો રૂપિયાની કમાણી કરી છે. આ વખતે દેશવાસીઓએ તિરંગા સાથે સેલ્ફી પોસ્ટ કરીને નવો રેકૉર્ડ બનાવ્યો છે. ગયા વર્ષે ૧૫ ઑગસ્ટ સુધી લગભગ ૫ કરોડ દેશવાસીઓએ તિરંગા સાથે સેલ્ફી પોસ્ટ કરી હતી. આ વર્ષે આ આંકડો પણ ૧૦ કરોડને પાર કરી ગયો છે.

સાથીઓ, અત્યારે દેશમાં 'મેરી માટી, મેરા દેશ'ની દેશભક્તિની ભાવનાને ઉજાગર કરવાનું અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. સપ્ટેમ્બર મહિનામાં દેશના દરેક ગામમાં દરેક ઘરમાંથી માટી એકત્ર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવશે. દેશની પવિત્ર માટી હજારો અમૃતના કળશમાં જમા થશે. ઑક્ટોબરના અંતમાં હજારો લોકો અમૃત કળશ યાત્રા સાથે દેશની રાજધાની દિલ્હી પહોંચશે. આ માટીમાંથી જ દિલ્હીમાં અમૃતવાટિકા બનાવવામાં આવશે. મને ખાતરી છે કે દરેક દેશવાસીના પ્રયાસો આ અભિયાનને સફળ બનાવશે.

**દેશની પવિત્ર માટી હજારો અમૃત કળશમાં જમા થશે. ઑક્ટોબરના અંતમાં હજારો લોકો અમૃત કળશ યાત્રા સાથે દેશની રાજધાની દિલ્હી પહોંચશે. આ માટીમાંથી જ દિલ્હીમાં અમૃતવાટિકા બનાવવામાં આવશે.**

મારા પરિવારજનો, આ વખતે મને સંસ્કૃત ભાષામાં ઘણા પત્રો મળ્યા છે. તેનું કારણ એ છે કે શ્રાવણ મહિનાની પૂર્ણિમા, આ તિથિને વિશ્વ સંસ્કૃત દિવસ તરીકે ઊજવવામાં આવે છે.

સર્વેભ્યઃ વિશ્વ-સંસ્કૃત-દિવસસ્ય, હાર્દયઃ શુભકામનાઃ

વિશ્વ સંસ્કૃત દિવસની આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આપણે બધા જાણીએ છીએ કે સંસ્કૃત એ વિશ્વની સૌથી જૂની ભાષાઓમાંની એક છે. તેને ઘણી આધુનિક ભાષાઓની માતા પણ કહેવામાં આવે છે. તેની પ્રાચીનતાની સાથે સાથે સંસ્કૃત તેની વૈજ્ઞાનિકતા અને વ્યાકરણ માટે પણ જાણીતી છે. ભારતનું કેટલું પ્રાચીન જ્ઞાન હજારો વર્ષોથી સંસ્કૃત ભાષામાં સચવાયેલું છે. યોગ, આયુર્વેદ અને તત્ત્વજ્ઞાન જેવા વિષયો પર સંશોધન કરતા લોકો હવે વધુ ને વધુ સંસ્કૃત શીખી રહ્યા છે. ઘણી સંસ્થાઓ પણ આ દિશામાં ખૂબ સારું કામ કરી રહી છે. ઉદાહરણ તરીકે, સંસ્કૃત પ્રમોશન ફાઉન્ડેશન યોગ માટે સંસ્કૃત, આયુર્વેદ માટે સંસ્કૃત અને બૌદ્ધ ધર્મ માટે સંસ્કૃત જેવા ઘણા અભ્યાસક્રમો ચલાવે છે. 'સંસ્કૃત ભારતી' લોકોને સંસ્કૃત શીખવવાનું અભિયાન ચલાવે છે. આમાં તમે ૧૦ દિવસની 'સંસ્કૃત વાર્તાલાપ શિબિર'માં ભાગ લઈ શકો છો. મને ખુશી છે કે આજે લોકોમાં સંસ્કૃત પ્રત્યે જાગૃતિ અને ગૌરવ વધ્યાં છે. તેની પાછળ વીતેલા વર્ષોમાં દેશનું પણ વિશેષ યોગદાન છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૦માં ત્રણ સંસ્કૃત ડીમ્ડ યુનિવર્સિટીઓને Central Universities બનાવવામાં આવી હતી. સંસ્કૃત યુનિવર્સિટીઓની ઘણી કૉલેજો અને સંસ્થાઓ પણ વિવિધ શહેરોમાં ચાલી રહી છે. IIT અને IIM જેવી સંસ્થાઓમાં સંસ્કૃત કેન્દ્રો ખૂબ જ લોકપ્રિય બની રહ્યાં છે.

સાથીઓ, તમે ઘણી વાર એક વાતનો અનુભવ કર્યો હશે, મૂળ સાથે જોડાવાની, આપણી સંસ્કૃતિ સાથે જોડાવાની, આપણી પરંપરાનું એક ખૂબ જ શક્તિશાળી માધ્યમ છે - આપણી માતૃભાષા. જ્યારે આપણે આપણી માતૃભાષા સાથે જોડાઈએ છીએ, ત્યારે આપણે સ્વાભાવિક રીતે આપણી સંસ્કૃતિ સાથે જોડાઈએ છીએ. આપણે આપણા સંસ્કારો સાથે જોડાઈએ છીએ, આપણે આપણી પરંપરા સાથે જોડાઈએ છીએ, આપણે આપણા પ્રાચીન વૈભવ સાથે જોડાયેલા રહીએ છીએ.

મારા પરિવારના સભ્યો, મેં 'મન કી બાત'ના ઘણા એપિસોડમાં પ્રવાસન વિશે વાત કરી છે. વસ્તુઓ કે સ્થળને રૂબરૂ જોવું, થોડી ક્ષણો માટે સમજવું અને જીવવું એ એક અલગ જ અનુભવ આપે છે. સમુદ્રનું કોઈ ગમે તેટલું વર્ણન કરે, પણ આપણે સમુદ્રને જોયા વિના તેની વિશાળતાને અનુભવી શકતા નથી. હિમાલય વિશે ગમે તેટલી વાતો કરીએ, હિમાલયને જોયા વિના આપણે તેની સુંદરતાનું મૂલ્યાંકન કરી શકતા નથી. એટલા માટે હું તમને બધાને વારંવાર વિનંતી કરું છું કે જ્યારે પણ આપણને તક મળે ત્યારે આપણે આપણા દેશની સુંદરતા અને વિવિધતા જોવા જવું જોઈએ. ઘણીવાર આપણે એક બીજી વસ્તુ પણ જોઈએ છીએ, ભલે આપણે વિશ્વના દરેક ખૂણે શોધ કરીએ, પરંતુ આપણે આપણા પોતાના શહેર અથવા રાજ્યની ઘણી શ્રેષ્ઠ જગ્યાઓ અને વસ્તુઓથી અજાણ હોઈએ છીએ.

ઘણી વખત એવું બને છે કે લોકો પોતાના શહેરનાં ઐતિહાસિક સ્થળો વિશે વધુ જાણતા નથી. ધનપાલજી સાથે પણ કંઈક આવું જ થયું. ધનપાલજી બેંગ્લોરની ટ્રાન્સપોર્ટ ઑફિસમાં ડ્રાઇવર તરીકે કામ કરતા હતા. લગભગ ૧૭ વર્ષ પહેલાં તેમને સાઇટસીઈંગ વિંગમાં જવાબદારી મળી હતી. હવે લોકો તેને બેંગ્લોર દર્શિની નામથી ઓળખે છે. ધનપાલજી પ્રવાસીઓને શહેરનાં વિવિધ પ્રવાસન સ્થળો પર લઈ જતા હતા. આવી જ એક સફરમાં એક પ્રવાસીએ તેમને પૂછ્યું કે બેંગ્લોરમાં આવેલી ટાંકીને સેંકી ટાંકી કેમ કહેવાય છે. તેને ખૂબ જ ખરાબ લાગ્યું કે તેને જવાબ ખબર નથી. આવી સ્થિતિમાં તેણે પોતાનું જ્ઞાન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમના વારસાને જાણવાની જિજ્ઞાસામાં, તેમને ઘણા પથ્થરો અને શિલાલેખો મળ્યા. ધનપાલજીનું મન આ કામમાં એટલું મગ્ન હતું કે તેમણે epigraphy એટલે કે શિલાલેખ સંબંધિત વિષયમાં Diploma પણ કર્યો. જોકે તે હવે નિવૃત્ત છે, બેંગલુરુના ઇતિહાસને શોધવાનો તેમનો જુસ્સો હજુ પણ જીવંત છે.

સાથીઓ, મને Brian D. Kharpran બ્રાયન ડી. ખારપ્રાન વિશે

જણાવતા ખૂબ જ આનંદ થાય છે. તે મેઘાલયનો રહેવાસી છે અને Speleology સ્પેલોલોજીમાં ઘણો રસ ધરાવે છે. સરળ ભાષામાં તેનો અર્થ છે - ગુફાઓનો અભ્યાસ. વર્ષો પહેલા જ્યારે તેમણે ઘણી વાર્તાઓના પુસ્તકો વાંચ્યા ત્યારે તેમનામાં આ રસ જાગ્યો. ૧૯૬૪માં, તેણે શાળાના વિદ્યાર્થી તરીકે તેનું પ્રથમ Exploration કર્યું. ૧૯૯૦ માં, તેણે તેના મિત્ર સાથે મળીને એક સંગઠન બનાવ્યું અને તેના દ્વારા તેણે મેઘાલયની અજાણી ગુફાઓ વિશે જાણવાનું શરૂ કર્યું. થોડા જ સમયમાં, તેમણે તેમની ટીમ સાથે મેઘાલયમાં ૧૭૦૦ થી વધુ ગુફાઓ શોધી કાઢી અને રાજ્યને વિશ્વ ગુફાના નકશા પર મૂક્યું. ભારતની કેટલીક સૌથી લાંબી અને સૌથી ઊંડી ગુફાઓ મેઘાલયમાં છે. Brian Ji અને તેમની ટીમે Cave Fauna એટલે કે ગુફાના તે જીવોનું પણ દસ્તાવેજીકરણ કર્યું છે, જે વિશ્વમાં બીજે ક્યાંય જોવા મળતું નથી. હું આ સમગ્ર ટીમના પ્રયત્નોની પ્રશંસા કરું છું, સાથે જ હું તમને મેઘાલયની ગુફાઓની મુલાકાત લેવાનો પ્લાન બનાવવા વિનંતી કરું છું.

સાથીઓ, આજે ઘણા લોકો એવા છે જેઓ ડેરી અપનાવીને Diversify લાવી રહ્યા છે. તમે અમનપ્રીત સિંહ વિશે પણ જાણતા હશો, જે રાજસ્થાનના કોટામાં ડેરી ફાર્મ ચલાવે છે. ડેરીની સાથે તેમણે બાયોગેસ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું અને બે બાયોગેસ પ્લાન્ટ સ્થાપ્યા. આ કારણે તેમનો વીજળી પરનો ખર્ચ લગભગ ૭૦ ટકા જેટલો ઓછો થયો છે. તેમનો આ પ્રયાસ દેશભરના ડેરી ખેડૂતોને પ્રેરણા આપશે. આજે ઘણી મોટી ડેરીઓ બાયોગેસ પર ધ્યાન આપી રહી છે. આ પ્રકારનું Community Driven Value addition ખૂબ જ રોમાંચક છે. મને ખાતરી છે કે આ પ્રકારનો trend સમગ્ર દેશમાં ચાલુ રહેશે.

મારા પરિવારજનો, આજે મન કી બાતમાં આટલું જ. હવે તહેવારોની મોસમ પણ આવી ગઈ છે. આપ સૌને રક્ષાબંધનની અગાઉથી શુભકામનાઓ. સેલિબ્રેશન સમયે આપણે વોકલ ફોર લોકલનો મંત્ર પણ યાદ કરવાનો હોય છે. 'આત્મનિર્ભર ભારત'નું આ અભિયાન દરેક દેશવાસીનું પોતાનું અભિયાન છે. અને જ્યારે ઉત્સવનું વાતાવરણ હોય ત્યારે આપણે આપણી આસ્થાનાં સ્થળો અને તેની આસપાસના વિસ્તારને પણ કાયમ માટે સ્વચ્છ રાખવાનાં હોય છે. આવતી વખતે તમારી પાસે ફરીથી 'મન કી બાત' હશે, કેટલાક નવા વિષયો સાથે મળીશું. દેશવાસીઓના કેટલાક નવા પ્રયાસો અને તેમની સફળતાની ચર્ચા કરીશું. ત્યાં સુધી મને વિદાય આપો.

ખૂબ ખૂબ આભાર. નમસ્કાર! ●

## 'મન કી બાત'માં ગુજરાત



દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દર મહિને રેડિયોના માધ્યમથી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા પોતાની વાત નાગરિકો સમક્ષ રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલી ૧૦૪મી 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આર્થિક રાજમાર્ગ સમા ડેરી ઉદ્યોગ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, મારા પરિવારના સભ્યો, તમે બધા જાણો છો કે ડેરી સેક્ટર આપણા દેશના સૌથી મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાંનું એક છે. તેણે આપણી માતાઓ અને બહેનોના જીવનમાં મોટો ફેરફાર લાવવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. થોડા દિવસો પહેલાં જ મને ગુજરાતની બનાસ ડેરીના એક Interesting Initiative વિશે જાણવા મળ્યું. બનાસ ડેરી એશિયાની સૌથી મોટી ડેરી ગણાય છે. અહીં દરરોજ સરેરાશ ૭૫ લાખ લિટર દૂધ પ્રોસેસ થાય છે. આ પછી તેને અન્ય રાજ્યોમાં પણ મોકલવામાં આવે છે. અન્ય રાજ્યોમાં દૂધ સમયસર પહોંચાડવા માટે, અત્યાર સુધી ટેન્કર અથવા દૂધની ટ્રેન (ટ્રેનો) નો સહારો લેવામાં આવતો હતો. પરંતુ આમાં પણ ઓછા પડકારો ન હતા. પહેલાં તો લોડિંગ અને અનલોડિંગમાં ઘણો સમય લાગતો હતો અને ક્યારેક દૂધ પણ બગડી જતું હતું. આ સમસ્યાને દૂર કરવા માટે ભારતીય રેલવેએ એક નવો પ્રયોગ કર્યો છે. રેલવેએ પાલનપુરથી નવી રેવાડી સુધી Truck-on-Track સુવિધા શરૂ કરી. આમાં, દૂધની ટ્રક સીધી ટ્રેનમાં લોડ કરવામાં આવે છે. એટલે કે transportationની મોટી સમસ્યા આનાથી દૂર થઈ ગઈ છે. Truck-on-Track સુવિધાનાં પરિણામો ખૂબ જ સંતોષકારક રહ્યાં છે. પહેલાં જે દૂધ પહોંચવામાં ૩૦ કલાક લાગતા હતા તે હવે અડધાથી પણ ઓછા સમયમાં પહોંચી રહ્યું છે. જેના કારણે જ્યાં ઈંધણથી થતું પ્રદૂષણ અટક્યું છે ત્યાં ઈંધણનો ખર્ચ પણ બચી રહ્યો છે. આનાથી ટ્રક ચાલકોને પણ ઘણો ફાયદો થયો છે, તેમનું જીવન સરળ બન્યું છે.

સાથીઓ, આજે આપણી ડેરીઓ પણ સામૂહિક પ્રયાસોને કારણે આધુનિક વિચારસરણી સાથે આગળ વધી રહી છે. બનાસ ડેરીએ પણ પર્યાવરણ સંરક્ષણની દિશામાં કેવી રીતે એક પગલું આગળ વધાર્યું છે તે સીડબોલ વૃક્ષારોપણ અભિયાન દ્વારા જાણી શકાય છે. વારાણસી મિલ્ક યુનિયન આપણા ડેરી ખેડૂતોની આવક વધારવા માટે manure management પર કામ કરી રહ્યું છે. કેરળની મલબાર Milk Union Dairy નો પ્રયાસ પણ અનોખો છે. તે પ્રાણીઓના રોગોની સારવાર માટે Ayurvedic Medicines વિકસાવવામાં રોકાયેલ છે. ●

### ઇસબગૂલનું ૯૦% પ્રોસેસિંગ ગુજરાતમાં

## ઈસબગૂલ : સ્વાસ્થ્ય અને અર્થવ્યવસ્થા માટે લાભદાયી પાક





સ્થાનિક ભાષામાં 'ઘોડાજીરૂ' તરીકે ઓળખાતો ઇસબગૂલ ભારતમાં ખેતી હેઠળના તમામ ઔષધીય પાકોમાં સૌથી વધુ વિસ્તાર ધરાવતો અતિ મહત્ત્વનો પાક છે. સમગ્ર વિશ્વમાં ભારત એ ઇસબગૂલ જેવા ઔષધીય પાકનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. ઇસબગૂલ પાકના પ્રોસેસિંગમાં ગુજરાત સમગ્ર ભારતમાં મોખરાના સ્થાન પર છે. ભારતનાં કુલ ઇસબગૂલના ઉત્પાદનનું ૯૦% પ્રોસેસિંગ ગુજરાતમાં કરવામાં આવે છે. તેના પ્રોસેસિંગના એકમો સિદ્ધપુર અને ઊંઝા ખાતે કાર્યરત છે. ઊંઝા અને તેની આસપાસના વિસ્તારોમાં લગભગ ૨૫ જેટલા ઇસબગૂલ પ્રોસેસિંગ યુનિટ્સ વિકસિત કરવામાં આવ્યા છે.

ઇસબગૂલ એ સૌથી વધુ વિદેશી હૂંડિયામણ કમાવી આપતો ઔષધીય પાક છે અને ભારતના કુલ ઇસબગૂલના ઉત્પાદનના ૯૩% ઉત્પાદનની નિકાસ સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે, જેમાં અમેરિકા ભારત પાસેથી સૌથી વધુ માત્રામાં ઇસબગૂલ ખરીદે છે. ત્યાર બાદ ભારત પાસેથી સૌથી વધુ ઇસબગૂલ ખરીદનારા દેશોમાં જર્મની, ઇટલી, યુકે અને કોરિયાનો સમાવેશ થાય છે. જોકે, વિશ્વના અનેક દેશોમાં ભારતમાંથી ઇસબગૂલની નિકાસ કરવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત કૃષિ ક્ષેત્રે વિકાસ કરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારની બાગાયત અને ઔષધીય પાકો માટેની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાતમાં બાગાયતી અને ઔષધીય પાકોના વાવેતર અને ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત, ગુજરાત સરકારની પ્રોત્સાહક ઉદ્યોગનીતિ તેમજ એગ્રો ઇન્ડસ્ટ્રીઝની નીતિઓના કારણે કૃષિ ઉત્પાદનોના પ્રોસેસિંગમાં અને તેમની નિકાસમાં પણ વધારો થઈ રહ્યો છે.

**છેલ્લાં પાંચ વર્ષોમાં ઇસબગૂલનું ઉત્પાદન બમણું થયું :** આ ઇસબગૂલના ઉત્પાદનમાં ગુજરાત દેશનાં અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યમાં ઇસબગૂલનો કુલ વાવેતર વિસ્તાર ૬૭૫૪ હેક્ટર હતો અને કુલ ઉત્પાદન ૬૮૧૭ મેટ્રિક ટન હતું, તેની સામે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ વાવેતર વિસ્તાર ૧૩,૩૦૩ હેક્ટર અને કુલ ઉત્પાદન ૧૨,૯૫૨ મેટ્રિક ટન થયું છે. આમ, છેલ્લાં પાંચ વર્ષોમાં ગુજરાતમાં ઇસબગૂલનો વાવેતર વિસ્તાર અને તેનું ઉત્પાદન લગભગ બમણું થયું છે.

**બનાસકાંઠા ઇસબગૂલનો સૌથી મોટો ઉત્પાદક જિલ્લો :** ગુજરાતમાં બનાસકાંઠામાં ઇસબગૂલનું સૌથી વધુ એટલે કે ૪૭% ઉત્પાદન થાય છે, ત્યાર બાદ કચ્છમાં ૩૪%, મહેસાણામાં ૧૦% અને જૂનાગઢમાં ૫% ઇસબગૂલનું ઉત્પાદન થાય છે. આ સાથે ગુજરાતમાં ઇસબગૂલના કુલ ઉત્પાદનના ૯૬% ઉત્પાદન આ ચાર જિલ્લાઓમાં થાય છે.

**ઇસબગૂલની આવકમાં વધારો :** ઊંઝાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ખાતે છેલ્લાં પાંચ વર્ષોમાં ઇસબગૂલની આવકમાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ઊંઝાની એપીએમસી ખાતે ૬૫,૪૧૩ મેટ્રિક ટન ઇસબગૂલની આવક હતી, જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૮૭,૦૫૦ મેટ્રિક ટન થઈ છે. ઉલ્લેખનીય છે કે ઊંઝાનું ગંજ બજાર એશિયાનું સૌથી મોટું ગંજ બજાર છે, જે ઇસબગૂલ, જીરૂ અને વરિયાળીના પાક માટે પ્રખ્યાત છે.

**કૃષિ યુનિવર્સિટીએ બહાર પાડી ઇસબગૂલની ચાર જાત :** ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ગુજરાત ઇસબગૂલ-૧, ગુજરાત ઇસબગૂલ-૨, ગુજરાત ઇસબગૂલ -૩ અને ગુજરાત ઇસબગૂલ-૪ એમ ઇસબગૂલની ચાર જાતો બહાર પાડેલી અથવા સુધારેલી જાતો છે. આ જાતોનું હેક્ટર દીઠ અનુક્રમે ૮૦૦ થી ૯૦૦ કિગ્રા અને ૧૦૦૦ કિગ્રા જેટલું ઉત્પાદન થાય છે.

**ચિકિત્સાઓમાં ઉપયોગી ઇસબગૂલ :** ઇસબગૂલના બીજ શીતળતાના ગુણધર્મો ધરાવે છે અને તેનો ઉપયોગ આયુર્વેદિક, યુનાની અને એલોપથી ચિકિત્સાઓમાં કરવામાં આવે છે. તેના બીજ તથા તેની ભૂકીનો ઉપયોગ પાચનતંત્ર અને મૂત્રજનનતંત્રનાં શ્લેષ્મ આવરણોના સોજા દૂર કરવામાં તથા આંતરડાનાં ચાંદા, મસા



અને ગોનોરિયાની સારવાર કરવા ઉપરાંત કોલેસ્ટેરોલ ઘટાડવા માટે કરી શકાય છે. ગર્ભપાત વખતે ગર્ભાશય તેમજ યોનિમાર્ગના વિસ્તરણ માટે પણ તેનો ઉપયોગ કરવા અંગે તાજેતરમાં સંશોધન થયું છે. ઔષધીય ઉપયોગો ઉપરાંત તેનો ઉપયોગ રંગકામ, કાપડનું છાપકામ, આઈસ્ક્રીમ ઉદ્યોગ, મીઠાઈ અને સૌંદર્ય પ્રસાધન ઉદ્યોગમાં પણ કરી શકાય તેમ છે. આ ઉપરાંત, ઈસબગૂલના ભૂસીમુક્ત બીજમાં ૧૭થી ૧૯% પ્રોટીન હોય છે અને તેથી તેનો ઉપયોગ પશુ આહારમાં કરવામાં આવે છે.

**અમેરિકામાં સૌથી વધુ ભારતીય ઈસબગૂલની નિકાસ :** ભારતમાંથી ઈસબગૂલનો સૌથી મોટો ખરીદદાર દેશ અમેરિકા છે, જે ભારતમાંથી થતી કુલ નિકાસનો લગભગ ૭૫% હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતમાંથી અમેરિકામાં ૧૯,૬૬૬ મેટ્રિક ટન ઈસબગૂલની નિકાસ કરવામાં આવી હતી, જેનું મૂલ્ય રૂ.૧૦૨૩.૨૯ કરોડ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે પણ એપ્રિલથી જૂન સુધીના પ્રથમ ક્વાર્ટરમાં રૂ.૩૪૩.૨૦ કરોડના મૂલ્યના ૪૯૩૧.૭૦ મેટ્રિક ટન ઈસબગૂલની અમેરિકામાં નિકાસ કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે ભારતીય ઔષધીય પાક ઈસબગૂલ અમેરિકામાં હાલ ભારે માંગમાં છે.



**અમેરિકામાં ઈસબગૂલ પ્રોડક્ટની ડિમાન્ડ :** માર્કેટ રિસર્ચ કંપની મિન્ટેલના ડેટા અનુસાર, યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈસબગૂલનાં વિવિધ ઉત્પાદનોની અત્યારે ધરખમ માંગ છે. વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૨ સુધીમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈસબગૂલનાં ૨૪૯ નવાં ઉત્પાદનો બહાર પાડવામાં આવ્યાં હતાં. વિભિન્ન કેટેગરીમાં વેચાણના આંકડા મળવા મુશ્કેલ છે, પરંતુ માસ-માર્કેટ પ્રોડક્ટ મેટામુસિલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઈસબગૂલનાં ઉત્પાદનોનું વેચાણ બે આંકડાની ટકાવારીમાં વધ્યું છે. ઈસબગૂલની ઘણી બધી નવી પ્રોડક્ટ્સનો ઉપયોગ હવે અમેરિકાનાં રસોડાઓમાં પણ થવા લાગ્યો છે. ઓછા કાર્બોહાઈડ્રેટ્સવાળો ખોરાક ખાતા લોકો તેનો બાઈન્ડિંગ તરીકે ઉપયોગ કરે છે, રસોઈ દરમિયાન પાતળા સોસને થોડોક વધુ ઘટ્ટ બનાવવા માટે ઈસબગૂલનો ઉપયોગ થાય છે, તો ગ્લુટન ફ્રી બેકર્સ બ્રેડ અને કેકના બેકિંગમાં તેનો ઉપયોગ કરે છે. અમેરિકામાં પાચનને સરળ બનાવવા અને ભૂખને કાબૂમાં રાખવા માટે પણ ઈસબગૂલનો ઉપયોગ કરવામાં આવે છે. ●

# ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની પુનઃરચના કરાઈ



આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની પુનઃરચના કરવામાં આવી છે. હોદ્દાની રૂએ આ સલાહકાર પરિષદના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રહેશે. જ્યારે ઉપાધ્યક્ષ તરીકે આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર તેમજ સહ-ઉપાધ્યક્ષ આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ રહેશે.



આ ઉપરાંત આદિજાતિ સલાહકાર પરિષદમાં ધારાસભ્યો શ્રી પી.સી. બરંડા, શ્રીમતી નિમિષાબહેન સુથાર, શ્રી રમેશભાઈ કટારા, શ્રી શૈલેષભાઈ એસ. ભાભોર, શ્રી કનૈયાલાલ બી. કિશોરી, શ્રી મહેન્દ્રભાઈ આર. ભાભોર, શ્રી રાજેન્દ્રસિંહ એમ. રાઠવા, શ્રી જયંતીભાઈ એસ. રાઠવા, શ્રી અભેસિંહ એમ. તડવી, ડૉ. દર્શના સી. દેશમુખ (વસાવા), શ્રી મોહનભાઈ ડી. ઢોડિયા, ડૉ. જયરામભાઈ સી. ગામીત, શ્રી અનંતકુમાર એચ.પટેલ, શ્રી અરવિંદભાઈ સી. પટેલ, તેમજ શ્રી જીતુભાઈ એચ.ચૌધરી એમ કુલ-૧૮ સભ્યોનો સમાવેશ થાય છે. ગુજરાત વિધાનસભા દ્વારા ચૂંટાયેલા સભ્યોની મુદત વિધાનસભામાં ચાલુ રહે ત્યાં સુધીની રહેશે.

જ્યારે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની નિયુક્તિ કરવામાં આવી છે.



આ ઉપરાંત સ્થાયી સમિતિના સભ્ય તરીકે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, ધારાસભ્યો શ્રી અભેસિંહ એમ.તડવી, શ્રી જીતુભાઈ એચ.ચૌધરી અને શ્રી કનૈયાલાલ બી. કિશોરીની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે આ સ્થાયી સમિતિના સચિવ તરીકે આદિજાતિ વિકાસ નિયામકશ્રી રહેશે. ●

# શિક્ષણ દ્વારા સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ ગુજરાત

**હર્ષદ રૂપાપરા**

શિક્ષણ દ્વારા વ્યક્તિગત તથા સમગ્ર સમાજનો વિકાસ કરી શકાય છે. સંસ્કૃત સાહિત્યમાં કહેવાયુ છે કે,

सर्वद्रव्येषु विद्यैव द्रव्यमाहुरनुत्तमम्।
आहार्यत्वादनर्घ्यत्वादक्षयत्वाच्च सर्वदा॥

અર્થાત્ જગત પર વિદ્યમાન સર્વ પ્રકારના દ્રવ્યોમાં વિદ્યારૂપી દ્રવ્ય જ સર્વોત્તમ છે; કારણ કે તે કોઈથી હરી શકાતું નથી, તેનું મૂલ્ય થઈ શકતું નથી અને તેનો કદી નાશ કે હાનિ થતી નથી.

કોઈ પણ રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ આવશ્યક બાબત છે. શિક્ષણ થકી માનવ સંસાધનને મજબૂત બનાવી શકાય છે. શિક્ષણ તમામ બંધનોમાંથી મુકત કરે છે. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે,

सा विद्या या विमुक्तये।

અર્થાત્ વિદ્યા એ છે જે બંધનમાંથી મુક્ત કરી દે. શિક્ષણની આવી જરૂરિયાતને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખરા અર્થમાં સમજીને રાજ્યમાં શિક્ષણની નવી આહલેક જગાડવાનું કાર્ય કર્યુ. કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા વિવિધ પ્રકલ્પો દ્વારા રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તનના મંડાણ કર્યા.

શિક્ષણ આપવાનું કાર્ય શિક્ષકો દ્વારા થાય છે. શિક્ષક એ વ્યક્તિ છે જે એક બગીચાને જુદા જુદા રંગરૂપનાં ફૂલોથી સજાવે છે, જે વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગે પણ હસીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમને જીવવાનું કારણ સમજાવે છે. શિક્ષક માટે બધા વિદ્યાર્થીઓ સમાન હોય છે અને તે બધાનું કલ્યાણ ઇચ્છે છે. દેશમાં પાંચમી સપ્ટેમ્બરના દિવસને શિક્ષક દિન તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસ આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને એક આદર્શ શિક્ષક એવા ડૉ.સર્વપલ્લી રાધકૃષ્ણનની યાદમાં ઊજવવામાં આવે છે.

ગુજરાતમાં પારદર્શી ભરતી દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરી તેમની માટે તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ સમયાંતરે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું મૂલ્યાંકન કરીને જરૂરી સુધારા વધારા કરી રાજયના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાની શરૂઆત થઈ. તેમજ દેશમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કરી શિક્ષણનો નવો રાજમાર્ગ નિર્માણ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં શિક્ષણ અને શિક્ષકો માટે ઉત્તમથી સર્વોત્તમ પ્રકારનું કાર્ય થઈ રહ્યું છે. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઇઆરટી) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ હેતુ વિવિધ વિષયો અંતર્ગત તાલીમ, ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન, બાળમેળા, એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ, કલા ઉત્સવ, ઇકો ક્લબ જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.

તાલીમબદ્ધ શિક્ષકો ઉત્તમ વિદ્યાર્થીઓનું સર્જન કરી શકે છે. શિક્ષકોને ગુણવત્તાયુક્ત તાલીમ મળી રહે તે માટે શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર અને NCERTના માર્ગદર્શન હેઠળ NISHTHA (National Initiative for School Heads' and Teachers' Holistic Advancement) તાલીમ આપવામાં આવી છે, જે અંતર્ગત DIKSHA Platformના માધ્યમથી NISHTHA ૧.૦ (પ્રાઇમરી) કોર્સ ૮૭.૬૩ %, NISHTHA ૨.૦ (સેકન્ડરી) કોર્સ ૮૪.૯૩% તેમજ NISHTHA ૩.૦ કોર્સ ૮૭.૦૪% લાભાર્થીઓએ પૂર્ણ કર્યો છે. GSQAC (Gujarat School Quality Accreditation Council - Gunotsav ૨.૦) અંતર્ગત રાજ્યની તમામ શાળાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરી તેને એક્રેડિટેશન આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. Online Teacher Professional Development Course (TPD): જીસીઇઆરટી દ્વારા રાજ્યના શિક્ષકોમાં વ્યાવસાયિક સજ્જતા કેળવાય તે માટે DIKSHA Portalના માધ્યમથી ૨૩૦થી પણ વધુ TPD શરૂ કરવામાં આવ્યા છે.

Energized Textbooks (ETB)ની કામગીરી અન્વયે ધોરણ ૧ થી ૧૨નાં ૧૦૦ પાઠ્યપુસ્તકોમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ શકે એવા વીડિયો, ઓડિયો અને ડોક્યુમેન્ટના સ્વરૂપમાં ડિજિટલ સાહિત્યનો સમાવેશ કરતા ૨૨૧૭ QR Code મૂકવામાં આવ્યા છે. રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ માટે સામાયિક મૂલ્યાંકન અંતર્ગત જીસીઈઆરટી દ્વારા ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નબેંક તૈયાર કરવામાં આવે છે. આ પ્રશ્નબેંકના આધારે થયેલા મૂલ્યાંકનના ડેટાનું "વિદ્યા સમીક્ષા કેન્દ્ર" (VSK)ના પોર્ટલ પર એકત્રીકરણ થાય છે.

NIPUN Bharat Mission અંતર્ગત ધોરણ ૧ થી ૫ના બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN) વિકસે તે માટે રાજ્યના ભાષા, ગણિત અને પર્યાવરણના તમામ શિક્ષકોને નિપુણ ભારત મિશન અને વિદ્યાપ્રવેશ અંગેની તાલીમ આપવામાં આવી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની ભલામણ અન્વયે વિદ્યાર્થીઓને પ્રારંભિક તબક્કાથી જ આંતરક્રિયાત્મક શૈલીમાં તથા પારસ્પરિક વાતચીત દ્વારા અંગ્રેજી ભાષા શીખવાની તક મળી રહે તે હેતુસર વર્ષ : ૨૦૨૨-૨૩થી ધોરણ ૧-૨માં શિક્ષક આવૃત્તિ અને ધોરણ ૩ માં પાઠ્યપુસ્તક સ્વરૂપે અંગ્રેજીની પહેલ કરવામાં આવી છે. તેમજ વર્ષ: ૨૦૨૨-૨૩ થી ધોરણ ૬, ૭ અને ૯ માં વૈદિક ગણિતનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ, આજની પેઢીને એ રીતે તૈયાર કરવામાં આવી રહી છે, ભારતના ભાવિને વધુ ઉન્નત બનાવવા સાથે આગામી પેઢીઓને વધુ સક્ષમ બનાવી શકે. જેથી ભારત વિશ્વ માટે જ્ઞાનપ્રાપ્તિનું કેન્દ્ર બને. ●

## વિશ્વ ગુજરાતી ભાષા દિવસ

# ‘જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત’

**દેવાંગ મેવાડા**

અખાના ‘ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર’ થી પ્રેમાનંદની ‘શું શા પૈસા ચાર’ સુધીની ઉક્તિઓ કે કથનોમાં ગુજરાતી ભાષાના અનાદર કે અવહેલનાનું દુ:ખ અને વિષાદ જોવા મળે છે. પ્રેમાનંદને આ વાતનું બહુ લાગી આવતા પ્રણ લીધું હતું કે, જ્યાં સુધી મારી ભાષાને સન્માન નહીં મળે ત્યાં સુધી પાઘડી નહીં પહેરું. તો, પ્રાચીન સમયમાં પાટણપતિ શ્રી સિદ્ધરાજ જયસિંહે કલિકાલસર્વજ્ઞ મહાન જૈનાચાર્ય હેમચંદ્રાચાર્યની કૃતિ ‘સિદ્ધહેમશબ્દાનુશાસન’ ગ્રંથને હાથીની અંબાડી ઉપર પધરાવી નગરયાત્રા કરાવી હતી. તે ગુજરાતી ભાષાનું ગૌરવ બતાવે છે.

ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ અને સામાજિક પરિવર્તનના હિમાયતી એવા કવિ નર્મદની પુણ્યસ્મૃતિમાં ૨૪ ઑગષ્ટના રોજ ‘વિશ્વ ગુજરાતી ભાષા દિવસ’ ઊજવવામાં આવે છે. આ ઉજવણીનો હેતુ ગુજરાતી ભાષાની ગરિમાને વિશ્વફલક સુધી ફેલાવવાનો છે.

ગુજરાતી એ ગુજરાત રાજ્ય તેમજ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશની સત્તાવાર ભાષા છે. ભારતના બંધારણમાં સમાવિષ્ટ ૨૨ સત્તાવાર ભાષાઓમાંની એક છે. તે ૭૦૦ વર્ષ કરતાં પણ વધુ જૂની ભાષા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતી બોલનારા લોકો સાથે ભારતમાં છઠ્ઠી સૌથી વધુ બોલાતી ભાષા છે.

ગુજરાતી ભાષાની વાત કરીએ ત્યારે ઉમાશંકર જોષીના શબ્દો ‘સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી. યાદ આવ્યા વગર ન જ રહે. જાણીતા લેખક ચંદ્રકાંત બક્ષીએ આ અંગે લખ્યું હતું કે, મારી ગુજરાતી ભાષા ચિતા પર જલતી લાશ અને ગર્ભમાં બંધાતા પિંડની વચ્ચેનો સેતુ છે.

આખ્યાનકાર પ્રેમાનંદે ‘ગુજરાતી ભાષા’ શબ્દ પ્રયોગ પહેલીવાર કર્યો હોવાનું પ્રમાણ મળે છે. જોકે એ પહેલાં કવિ ભાલણ ગૂર્જરભાષા શબ્દપ્રયોગ કરતા. ગૂર્જર પ્રદેશ એટલે સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વિસ્તારોમાં ગુજરાતી ભાષા બોલાતી. મુંબઈ તથા પાકિસ્તાનમાં ગુજરાતી બોલાય છે. અમેરિકા અને કેનેડામાં સૌથી વધુ બોલાતી ભારતીય ભાષાઓમાંની એક ગુજરાતી છે. લંડનમાં ગુજરાતી ચોથા ક્રમે સૌથી વધુ બોલાતી ભાષા છે. ૧લી મે, ૧૯૬૫થી સચિવાલયના તમામ



વિભાગો અને જિલ્લા તાલુકા ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સૌ ગુજરાતીઓને ‘વિશ્વ ગુજરાતી ભાષા દિવસ’ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવતાં એક ટ્વીટ સંદેશમાં જણાવ્યું હતું કે, સુંદર લિપિ ધરાવતી ગુજરાતી ફક્ત ભાષા જ નહીં, આપણી સંસ્કૃતિ અને વૈશ્વિક ઓળખ છે.

ગુજરાતી ભાષાના જતન અને સંવર્ધન માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૧માં ‘ગુજરાતી ભાષા પ્રચાર' શરૂ કર્યો હતો. ધોરણ ૧ થી ૮ માં પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના પત્ર વ્યવહારમાં યુનિકોડ ફોન્ટને કારણે હવે કૉમ્પ્યૂટર-મોબાઇલ વગેરેમાં ગુજરાતી લખવું સરળ બન્યું છે. જેનાથી ગુજરાતી ભાષાને વેગ મળ્યો છે.

ગોંડલ નરેશ શ્રી ભગવતસિંહજીએ તૈયાર કરાવેલ ભગવદ્‌ગોમંડલ, ધીરુભાઈ ઠાકર તથા કુમારપાળ દેસાઈ જેવા સાક્ષરોના ૨૪ વર્ષના પુરુષાર્થથી ૨૬ ગ્રંથોના 'અ' થી 'હ' સુધીના ૨૪,૦૦૦ પૃષ્ઠોમાં ૧,૭૩,૫૦,૦૦૦ જેટલા શબ્દોએ શબ્દદેહે આકાર લીધેલ સર્વપ્રથમ ગુજરાતી વિશ્વકોશ, સ્વ. રતિલાલ ચંદરિયાના ૨૫ વર્ષોના પ્રયત્નો બાદ તૈયાર થયેલો ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતા ગુજરાતી ભાષાના સર્વપ્રથમ ઓનલાઈન શબ્દકોશ ‘ગુજરાતી લેક્સિકન’એ ગુજરાતી ભાષાની અમૂલ્ય અને અતૂલ્ય સેવા કરી છે.

માતૃભાષા અંગે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ જણાવે છે કે, માતાનું દૂધ સંતાનના તનને મજબૂત કરે છે, તો માતૃભાષા એના મનને મજબૂત કરે છે. જે હૂંફ, પ્રેમ, આત્મીયતા અને સંવેદના માતા પાસેથી મળે છે, એ માતૃભાષા દ્વારા સહજતા અને સચોટતાથી અભિવ્યક્ત થઈ શકતી હોય છે.

વર્ષ ૧૯૩૨માં આવેલું પ્રથમ ગુજરાતી ચલચિત્ર ‘નરસિંહ મહેતા’થી લઈને ઓસ્કારમાં જનારું પ્રથમ ગુજરાતી ચલચિત્ર ‘છેલ્લો શૉ’ હોય, આ તમામે ગુજરાતી ભાષાના જતન સાથે ગુજરાતી ભાષાને વૈશ્વિક સ્તરે પહોંચાડી છે.

માતૃભાષા ગુજરાતી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં નર્મદે કહ્યું હતું કે, મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી, પણ મને કડકડાટ ગુજરાતી આવડવાનો ગર્વ છે. ‘વિશ્વ ગુજરાતી માતૃભાષા દિવસે ગુજરાતીને પ્રચલનમાં લાવવાનો ગર્વ લઈએ, વિશ્વ ગુજરાતી ભાષા દિને સૌ ગુજરાતીઓ ભાષાની જાળવણી અને સંવર્ધન માટે સંકલ્પબદ્ધ થઈએ, તે જ આ દિવસની સાર્થક ઉજવણી લેખાશે. ●

## સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારતના સંકલ્પ સાથે

# છઠ્ઠા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરાશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાંથી કૂપોષણની મુક્તિ માટે પોષણયુક્ત ભારતનો સંકલ્પ કરતાં 'સહી પોષણ, દેશ રોશન' ના નામે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ સંકલ્પને સાકાર કરવા વિવિધ પ્રકલ્પોની શરૂઆત કરવામાં આવી છે. તેમાનો જ એક પ્રકલ્પ એટલે 'પોષણ માસ'.

તેને અનુલક્ષીને દર વર્ષે સપ્ટેમ્બર મહિનાને 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે ઉજવવામાં આવે છે. ૬ વર્ષથી ઓછી ઊંમરના બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓના પોષણમાં સુધારો કરવો તે કેન્દ્ર સરકારનો આશય છે. વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલા, પોષણ (પ્રધાનમંત્રીની સર્વગ્રાહી પોષણ યોજના) અભિયાનનો હેતુ મિશન-મોડમાં કૂપોષણના પડકારોનો સામનો કરવાનો છે.

પોષણ અભિયાનના ઉદ્દેશ્યોને પાર પાડવા માટે પોષણ ૨.૦ (સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦) એક સંકલિત પોષણ સહાયક કાર્યક્રમ તરીકે શરૂ કરવામાં આવ્યો છે. આરોગ્ય, સુખાકારી અને રોગપ્રતિકારક શક્તિને પોષવા માટેની પદ્ધતિઓ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રીત કરીને પોષણસામગ્રી, વિતરણ, પહોંચ અને પરિણામોને મજબૂત કરવા રોગ અને કૂપોષણ માટે તેની શરૂઆત કરવામાં આવી છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તા. ૧ થી ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન છઠ્ઠા 'રાષ્ટ્રીય પોષણ માસની ઊજવણી કરવામાં આવનાર છે. આ વર્ષે, પોષણ માસની થીમ "સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારત" છે.

ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મહિલા-બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના માર્ગદર્શનમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવશે. પોષણ માસની ઉજવણીમાં મુખ્ય સાત જેટલી બાબતો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને વિશિષ્ટ સ્તનપાન અને પૂરક ખોરાક, સ્વસ્થ બાળક સ્પર્ધા (SBS), પોષણ ભી પઢાઈ ભી (PBPB), મિશન લાઈફ દ્વારા પોષણમાં સુધારો, મેરી માટી, મેરા દેશ (MMMD), આદિજાતિ કેન્દ્રિત પોષણ સંવેદના અને ટેસ્ટ, ટ્રીટ, ટોક એનિમિયાનો સમાવેશ થાય છે.

એક મહિના સુધી ચાલનારા આ અભિયાનમાં સગર્ભા અને સ્તનપાન કરાવતી મહિલાઓ, છ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને કિશોરીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરીને સંવેદના અભિયાન, આઉટરીચ પ્રોગ્રામ્સ, ઓળખ અભિયાન, શિબિરો અને મેળાઓ દ્વારા જમીન સ્તરે પોષણ વિશે જાગૃતિ લાવવા માટે સમગ્ર દેશમાં સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારતના વિઝનને સાકાર કરવા માટે સઘન પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

વિશિષ્ટ સ્તનપાન અને પૂરક ખોરાક વિષય અંગે ઘરની મુલાકાત, પૂરક ખોરાક વિશે શિબિર, ઘરની મુલાકાત કરવામાં આવશે. તેમજ સ્તનપાનની યોગ્ય રીત અંગે શિબિરો, પૂરક ખોરાકમાં આહારની વિવિધતા માટે જાગૃતિ શિબિર, પૌષ્ટિક પૂરક ખોરાકની વાનગીઓ બનાવવા અંગેના નિદર્શન સત્ર આયોજિત





## 'રાષ્ટ્રીય પોષણ માસ' વિશે:

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે તા. ૦૮ માર્ચ, ૨૦૧૮ના રોજ 'પોષણ અભિયાન'નો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત, દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં 'રાષ્ટ્રીય પોષણ માસ'ની અને માર્ચ મહિનામાં 'પોષણ પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવે છે. અત્યાર સુધી સમગ્ર દેશમાં ૫ પોષણ માસની સફળતાપૂર્વક ઊજવણી કરવામાં આવી છે. ૨૦૨૨ના છેલ્લા પોષણ માસ દરમિયાન મુખ્ય થીમ્સ હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી હતી.

કરવામાં આવશે. આ ઉપરાંત, શહેરોના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વિશિષ્ટ સ્વસ્થ બાળક સ્પાર્ધા/ ગ્રોથ મેઝરમેન્ટ ડ્રાઈવ (SAM/ MAM સ્ક્રિનિંગ)નું આયોજન કરવામાં આવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વને મિશન લાઈફનો વિચાર આપ્યો છે. વર્ષ ૨૦૨૧માં ગ્લાસગો ખાતે યોજાયેલા UNFCCC COP૨૬માં વર્લ્ડ લિડર્સ સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા LiFE, એટલે કે, પર્યાવરણ માટેની જીવનશૈલીની વિભાવના રજૂ કરી તેમણે ટકાઉ જીવનશૈલી અપનાવવા માટે વૈશ્વિક પ્રયાસને ફરીથી જાગૃત કરવા માટે આહવાન કર્યું હતું.

જે અન્વયે આંગણવાડી કેન્દ્રોમાં મોડેલ રેઈન વોટર હાર્વેસ્ટિંગ એટલે કે વરસાદી પાણીના સંગ્રહ સ્ટ્રક્ચરની ઉજવણી કરવામાં આવશે. સાથે તળાવ, કૂવા,પાણીની ટાંકી વગેરે પર સફાઈ/સિલ્ટિંગ અભિયાન હાથ ધરાશે. આ ઉપરાંત, જળ સંરક્ષણ અને વ્યવસ્થાપનની વિવિધ તકનિકો પર મહિલાઓની ભાગીદારી વધારવા વર્કશોપનું આયોજન કરવામાં આવશે.

ચાલુ વર્ષને, સમગ્ર વિશ્વ મિલેટ્સ યર તરીકે ઉજવી રહ્યું છે. ત્યારે બાજરી આધારિત ખાદ્ય વસ્તુઓમાંથી બનેલી ત્રિરંગા/મેઘધનુષ્ય/પરંપરાગત થાળીને પ્રોત્સાહન આપવા માટેની ઈવેન્ટ યોજાશે. શહેરી ઝૂંપડપટ્ટીમાં ખોરાકમાં બાજરીના સેવન દ્વારા સારા સ્વાસ્થ્ય અંગે જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવશે. બાળકોમાં જાગૃતિ આવે તે માટે કૂપોષણ નાબૂદીમાં બાજરીની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરતી નિબંધ, ક્વિઝ અથવા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. કિશોરવયની છોકરીઓ માટે AWCs ખાતે એનિમિયા તપાસ માટે આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે.

રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં, મહિલા અને બાળ વિકાસ વિભાગો, આંગણવાડી કાર્યકરો અને મદદગાર દ્વારા અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આશા, ANM, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂદાયિક આરોગ્ય કેન્દ્રો, શાળાઓ દ્વારા શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, પંચાયતો દ્વારા પંચાયતી રાજ વિભાગ અને સ્વ-સહાય જૂથો દ્વારા ગ્રામીણ વિકાસ વગેરેની કામગીરી હાથ ધરાશે. મહિલાઓ અને બાળકો માટે સ્વસ્થ ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે વિવિધ વિષયોની પ્રવૃત્તિઓ અને સમગ્ર માસ દરમિયાન સર્વગ્રાહી પોષણના મહત્ત્વનો સંદેશ ફેલાવાશે. ●





## મારી માટી, મારો દેશ અભિયાન બન્યું

# જન-જનમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવાનું દ્યોતક

દેશ માટે પોતાની જાન ન્યોચ્છાવર કરનાર શહીદોનું યોગદાન નવી પેઢી સુધી પહોંચે તે જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યોજાઈ રહેલ 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ભારતની આઝાદીનાં ૭૫ વર્ષની સ્મારક ઉજવણી કરવામાં આવી રહી છે. આઝાદી કા અમૃત મહોત્સવનો વિધિવત્ રીતે પ્રારંભ તા.૧૨ માર્ચ,૨૦૨૧ના રોજ થયો હતો. જે આગામી તા. ૩૦ ઑગસ્ટ, ૨૦૨૩ સુધી ચાલશે. આ અભિયાન અંતર્ગત દેશભરની ગ્રામ પંચાયતોમાંથી માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના નવીન કર્તવ્ય પથ લાવીને 'આઝાદી કા અમૃત મહોત્સવ સ્મારક' અને 'અમૃતવાટિકા' બનાવીને વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે. આ અભિયાનમાં અંદાજિત ૧.૫૦ કરોડ લોકો જોડાશે અને ૧૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. જે અંતર્ગત ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં 'મારી માટી, મારો દેશ ઝુંબેશ' અંતર્ગત સમગ્ર ઑગસ્ટ મહિનામાં રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં 'મારી માટી, મારો દેશ' અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રભક્તિની ભાવના, દેશની વિરાસત અને વીરો ઉપર ગર્વ અને અસ્મિતાનું સિંચન કરવા માટે 'હરઘર તિરંગા' અને 'મારી માટી મારો દેશ' જેવાં આગવાં અભિયાનો આપી જન-જનમાં રાષ્ટ્રભાવના જાગૃત કરી છે. એટલું જ નહીં, વડાપ્રધાનશ્રી સ્વચ્છતા અભિયાન, મિશન લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયરમેન્ટ, સ્ટેચ્યૂ ઑફ યુનિટી માટે ખેડૂતનાં ઓજારોનું લોખંડ એકત્રીકરણ તથા કોરોના વોરિયર્સના ઉત્સાહવર્ધન જેવાં અભિયાનોમાં જન ભાગીદારી જોડીને પોઝિટીવ આઉટકમ લાવનારા ગ્લોબલ લીડર બન્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની આઝાદીના અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવામાં આવી અને હવે જ્યારે દેશ આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ્યો છે ત્યારે આ ધરતીના વીર સપૂતો, ક્રાંતિકારી રત્નોને યાદ કરવા, તેમના શૌર્ય, સાહસ અને સંઘર્ષને આદર આપવા માટે તેમણે આપેલા 'મારી માટી, મારો દેશ' અભિયાનથી



## રાજ્યભરમાં અત્યાર સુધીમાં ૧૫,૧૩૬ શિલાફલકમ્‌ની સ્થાપના





દેશભરમાં રાષ્ટ્રભાવના વધુ સુદૃઢ થશે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની માટીએ આપેલા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવાં રત્નોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, દેશના દરેક રાજ્ય, પ્રાંત કે પ્રદેશ આવા હજારો સ્વાતંત્ર્ય વીરોની ગાથા સાચવીને બેઠા છે.

પરતંત્રતા અને પરાધીનતામાંથી મુક્ત થવા માટે આ રાષ્ટ્રની માટીમાં પાકેલા રત્નોએ માતૃભૂમિની આઝાદી માટે પોતાના પ્રાણોની આહુતિ આપવામાં પાછીપાની કરી નહોતી. આવા વીર-શહીદોની વંદના કરવા ‘માટીને નમન, વીરોને વંદન’નો અવસર વડાપ્રધાનશ્રીએ આપણને આપ્યો છે. વડાપ્રધાનશ્રીએ દરેક કામમાં, યોજનામાં જન ભાગીદારી જોડીને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલથી છેવાડાના માનવી સુધી વિકાસ કઈ રીતે પહોંચે તેવું આગવું મોડલ વિકાસની રાજનીતિથી વિકસાવ્યું છે. ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ પણ તેમના નેતૃત્વમાં સાકાર થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ પોલીસ દળના ત્રણ જવાનોનું અને બે શહીદ પોલીસ જવાનોનું મરણોપરાંત ગેલેન્ટ્રી ઍવૉર્ડથી સન્માન કર્યું હતું. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, આઝાદીની લડત લડનારા, વીર સપૂતોએ સ્વરાજ્યની પ્રાપ્તિ માટે પોતાનું બધું જ દાવ પર લગાડી દીધું. જ્યારે વર્તમાન સમયમાં સુરાજ્ય માટે, શાંતિ સલામતી અને વિકાસના અવસરોને બરકરાર રાખવા માટે પોલીસના જવાનો દિન-રાત, ખડેપગે જનસેવામાં કાર્યરત છે તેમનાં ગૌરવ અને સન્માન એ રાષ્ટ્ર કાજે સમર્પિત સેવાકર્મીઓનાં સન્માન છે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ તમામને નમન કરતાં જણાવ્યું હતું કે, ભારતની ભૂમિ વેદથી વિજ્ઞાન સુધી વિસ્તરેલી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત 'હર ઘર તિરંગા અભિયાન'માં કાશ્મીરથી કન્યાકુમારી સુધી યુવાનો, બાળકો, ભાઈઓ-બહેનો, વડીલો સહિત દેશના તમામ ધર્મ-જ્ઞાતિના લોકો તિરંગો લહેરાવીને દેશભક્તિના રંગે રંગાયા છે તે આપણા સૌ માટે ગૌરવ સમાન છે.

તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી મોદીના 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત ગુજરાતની સરહદો, જિલ્લાઓ, ગામોમાંથી પૂજન-વંદન કરેલી માટી ગાંધીનગરના આંગણે લાવવામાં આવી છે આ માટીને હું ગુજરાતના કરોડો નાગરિકો-વીર જવાનો વતી વંદન કરું છું. જ્યારે પણ વીર જવાનો અને તેમના પરિવારોને મળવાનું થાય ત્યારે તેમને સલામી આપી અથવા તેમને વંદન કરીને સન્માન કરવું જોઈએ. આમ કરવાથી દેશની રક્ષા કરવાના તેમના જુસ્સાને વધુ બળ મળશે તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશભરમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત 'મારી માટી, મારો દેશ' માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમને અપ્રતિમ પ્રતિસાદ સાંપડ્યો છે. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સપનાને સાકાર કરવામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત અગ્રિમ ભૂમિકા અદા કરી રહ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, 'મારી માટી મારો દેશના રાજ્યવ્યાપી અભિયાનમાં અત્યાર સુધીમાં ૧૫,૧૩૬ શિલાફલકમની સ્થાપના, ૧૫,૫૮,૧૬૬ નાગરિકોએ સેલ્ફી અપલોડ કરી, ૨૧,૨૮,૧૦૫ નાગરિકોએ પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી, વસુધા વંદન કાર્યક્રમ હેઠળ ૧૬,૩૩૬ અમૃતવાટિકાનું નિર્માણ, ૧૨,૨૮,૦૨૫ રોપાઓનું વાવેતર, વીર વંદના હેઠળ ૨૯,૯૨૫ વીરો/વીરાંગનાઓ તેમજ પરિવારોનું સન્માન કરાયું હતું. તેમજ



૨૧,૦૧,૦૮૫ નાગરિકો ધ્વજવંદન કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

આ અવસરે વીરોની વંદના કરીને મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓ દ્વારા ગુજરાતના પોલીસ અધિકારી-કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શહીદ થયેલા પોલીસ કર્મચારીઓને યાદ કરી તેમના પરિવારના સભ્યોને સન્માનિત કરવામાં આવ્યા હતા. શહીદ થનાર અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કોન્સ્ટેબલ સ્વ.શ્રી ચંદ્રકાંતભાઈ જયંતીલાલ મકવાણા તથા અમદાવાદ શહેરના પોલીસ કોન્સ્ટેબલ સ્વ. શ્રી વિજયસિંહ જગતસિંહ યાદવના પરિવારના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શૌર્ય ચંદ્રક મેળવનાર સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ભાવેશભાઈ પ્રવીણભાઈ રોજીયા તેમજ જીવન રક્ષક પદક મેળવનાર ગીર સોમનાથ જિલ્લાના આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર શ્રી જગદીશભાઈ દાનાભાઈ મકવાણા અને ગાંધીનગર સલામતી શાખાના પોલીસ કોન્સ્ટેબલ શ્રી ઘનશ્યામભાઈ પ્રભાતભાઈ તડવીનું આ પ્રસંગે જાહેર મંચ પરથી ગેલેન્ટ્રી એવૉર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રીશ્રીઓ, મહાનુભાવો સહિત ઉપસ્થિત તમામ નાગરિકોએ હાથમાં માટી લઈને પંચપ્રણની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે 'મારી માટી, મારો દેશ'ના ગુજરાત અભિયાનની ફિલ્મનું નિર્દેશન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગુજરાતના વિવિધ પ્રદેશોના કલાકારો દ્વારા દેશ ભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત પંચાયત વિભાગને વધુ ડિજિટાઈઝ્ડ કરવા આ વિભાગની નાણાકીય અને હિસાબી કામગીરી ઓનલાઈન થઈ શકે તે માટે ખાસ સોફ્ટવેર 'PRAISA'નું લૉન્ચિંગ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજયકક્ષાના કાર્યક્રમમાં મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓ, ભારતીય સેના, વાયુસેના, નૌકાદળ તેમજ બીએસએફના અધિકારીઓ, પોલીસદળના અધિકારીઓ, વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મયોગીઓ, ખેડૂતો મોટી સંખ્યામાં ઉત્સાહભેર સહભાગી થઈને દેશ ભક્તિના રંગમાં રંગાયાં હતાં. ●



## વસુધા વંદન કાર્યક્રમમાં રાજ્યભરમાં કુલ ૨૧,૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું

'આઝાદી કા અમૃત મહોત્સવ'ને યાદગાર તેમજ ભવ્ય બનાવવા ગુજરાત સહિત ભારતભરમાં 'મારી માટી, મારો દેશ' અભિયાનમાં નાગરિકો ઉત્સાહભેર સહભાગી થયા હતા. ગુજરાતમાં તા.૧૬ થી ૨૦ ઑગસ્ટ દરમિયાન યોજાયેલા આ અભિયાન અંતર્ગત ૨૪૮ તાલુકોઓમાં તાલુકા કક્ષાના કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમોમાં કુલ ૧,૧૨,૦૯૮ નાગરિકોએ સેલ્ફી સાથે પંચપ્રણ પ્રતિજ્ઞા




લીધી હતી. વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત કુલ ૨૧,૬૭૦ વૃક્ષોનું વાવેતર તેમજ વીર વંદના હેઠળ અંદાજે ૧,૬૪૭ વીરો-પરિવારોને સન્માનિત કરવામાં આવ્યા છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૨૪૮ તાલુકાઓમાં ૨૪૮ શિલાફલકમ્ એટલે કે, પથ્થરની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં રાજયમાં તાલુકા કક્ષાએ અંદાજે ૧,૧૨,૪૬૦ નાગરિકો રાષ્ટ્રગાન અને ધ્વજવંદન કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

# "આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રહિતનાં કાર્યો થઈ રહ્યાં છે"



પોરબંદર ખાતે 'મારી માટી, મારો દેશ' અભિયાન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને નાગરિકોએ માટીને નમન તથા વીરોને વંદન કર્યા હતાં. આ કાર્યક્રમમાં પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવની યાત્રા હેઠળ રાષ્ટ્રહિતના અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'મારી માટી, મારો દેશ' અભિયાન હેઠળ પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મભૂમિમાં પંચ પ્રણ પ્રતિજ્ઞા કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને માટીને નમન અને વીરોને વંદન કરું છું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે ત્યારે આ અભિયાનમાં તમામ નાગરિકો સહભાગી બને તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજુબેન કારાવદરાએ જણાવ્યું હતું કે, કોરોનાની વિકટ પરિસ્થિતિમાં પણ ગરીબ પરિવારોને વિનામૂલ્યે અનાજ પૂરું પાડી કોઈ ભૂખ્યું ન સૂએ તેની તકેદારી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાખી હતી. મહિલા સશક્તીકરણ, શિક્ષણ અને આરોગ્ય સહિત તમામ ક્ષેત્રે દેશ અત્યારે આગળ વધી રહ્યો છે.

આ તકે સૌ મહાનુભાવોએ શિલાફલકમ્ અનાવરણ, પંચપ્રણ પ્રતિજ્ઞા, વસુધા વંદન વૃક્ષારોપણ તથા ધ્વજવંદન અને રાષ્ટ્રગાન ગવાયું હતું.

આ તકે પ્રભારી મંત્રીશ્રીએ શહીદ વીર શ્રી નાગાર્જુન સિસોદિયાના પરિવારજનોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. ઉપરાંત વિસાવાડા ગામની રાસમંડળીની બહેનો દ્વારા મણિયારો રાસ રમવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર શ્રી કે.ડી.લાખાણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.બી.ઠક્કર, સહિત મહાનુભાવો અધિકારીઓ, વિદ્યાર્થીઓને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ટંકારામાં તાલુકા કક્ષાનો 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ યોજાયો



'મારી માટી, મારો દેશ' અંતર્ગત મોરબી જિલ્લામાં પણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મોરબીના પાંચ તાલુકાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ટંકારા ખાતે ટંકારા-પડધરી ધારાસભ્ય શ્રી દુર્લભજીભાઈ દેથરિયા તેમજ મોરબી જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિગ્વિજયસિંહ ડી. જાડેજાની ઉપસ્થિતિમાં 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ' યોજાયો હતો.

આ કાર્યક્રમ અન્વયે શ્રી દુર્લભજીભાઈ દેથરિયાએ જણાવ્યું હતું કે, આઝાદી સમયે જે વીરોએ પોતાના લોહીનું સિંચન કરીને આપણને આઝાદી અપાવી છે તેવા સ્વાતંત્ર્ય વીરો તેમજ હાલ દેશની રક્ષા કરતા વિવિધ પાંખના વીર જવાનોને યાદ કરવા અને તેમનું સન્માન કરવાના એક ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મારી માટી મારો દેશ' કાર્યક્રમની શરૂઆત કરી છે. જેના ભાગરૂપે મહર્ષિ દયાનંદ સરસ્વતીની પાવન ભૂમિ પર તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

આપણે આપણા તાલુકાની માટી એક કળશમાં એકત્ર કરી છે. રાષ્ટ્રીય કક્ષાએ આવા ૭૫૦૦ કળશો એકત્ર થશે અને તે દિલ્હી ખાતે સ્મૃતિ સ્વરૂપે એનાયત કરાશે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે સ્વામી દયાનંદ સરસ્વતીના માનમાં આર્યસમાજના આચાર્યશ્રી રામદેવ શાસ્ત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ નિવૃત્ત આર્મીમેન અંબારામભાઈ દેત્રોજાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સર્વે મહાનુભાવોએ મહર્ષિ દયાનંદ સરસ્વતીના નામ જડિત શિલાફલકમ્નું અનાવરણ કર્યું હતું. કળશમાં માટી અર્પણ કરી માટીને વંદન કર્યાં હતાં તેમજ ધ્વજવંદન કરી રાષ્ટ્રગીત સાથે તિરંગાને સલામી આપી હતી. ઉપસ્થિત સર્વે પંચપ્રણ પ્રતિજ્ઞા લઈ દેશની ઉન્નતિ માટે પ્રતિબદ્ધ બન્યા હતા. કાર્યક્રમમાં અમૃતવાટિકાના ભાગરૂપે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. ●

# નાગરિકોએ પવિત્ર માટી લઈ વિકસિત ભારતનો સંકલ્પ લીધો

'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વડગામ ખાતે પાલનપુર તાલુકા કક્ષાનો ‘‘મારી માટી, મારો દેશ’’ માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વડગામ તાલુકાના અગ્રણીઓ અને તાલુકા વિકાસ અધિકારી શ્રી ભૌમિક ચૌધરી અને સરપંચ શ્રી પ્રવીણભાઈ પરમારની ઉપસ્થિતિમાં શિલાફલકમનું અનાવરણ કરી વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે શહીદ વીરોને સલામ તેમજ આર્મી સહિત વિવિધ ફોર્સમાંથી નિવૃત્ત થયેલ વીર જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અધિકારીઓ અને પદાધિકારીઓએ શિલાફલકમ્ સાથે સેલ્ફી લીધી હતી.

"મારી માટી, મારો દેશ’’ કાર્યક્રમની ઉજવણી પ્રસંગે વડગામવાસીઓએ હાથમાં પવિત્ર માટી લઈ વિકસિત ભારતના સાથ અને સહકાર માટે અથાગ પરિશ્રમ કરવા તથા આપણા મહાન ભારત દેશના ભવ્ય વારસા પર ગર્વ લેવા અને તેનું જતન કરવા તથા ગુલામીની માનસિકતાનાં તમામ નિશાનોને નાબૂદ કરીને આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે કામ કરતા રહેવા અને રાષ્ટ્ર પ્રત્યેની અતૂટ ફરજોનું પાલન કરવાના પંચપ્રણ પ્રતિજ્ઞા લઈ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રતિબદ્ધતાના સંકલ્પ લીધા હતા. તાલુકા કક્ષાએ ૭૫ વૃક્ષોનું વાવેતર કરી "વસુધા વંદન થકી અમૃત વાટિકા” તૈયાર કરવા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ધ્વજવંદન કરી રાષ્ટ્રગાન સાથે તિરંગાને સલામી આપવામાં આવી હતી. આ કાર્યક્રમથી વડગામમાં દેશભક્તિનો માહોલ છવાયો હતો.

## અમીરગઢ ખાતે રાષ્ટ્ર નિર્માણ માટે પ્રતિબદ્ધતાના શપથ લેવાયા

બનાસકાંઠા જિલ્લામાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત આયોજિત 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમની આન, બાન અને શાન સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત અમીરગઢ ખાતે તાલુકા કક્ષાના 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમની દેશભક્તિસભર માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

તાલુકા પંચાયત અમીરગઢ ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત ગ્રામજનોએ હાથમાં દીવો લઈ પંચ પ્રણ પ્રતિજ્ઞા લઈ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રતિબદ્ધતાના શપથ લીધા હતા. સ્થાનિક કક્ષાએ ૭૫ વૃક્ષોનું વાવેતર કરી વસુધા વંદન થકી અમૃત વાટિકા તૈયાર કરવા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દેશની રક્ષા કાજે સર્વોચ્ચ બલિદાન આપનાર વીરોના પરિવારોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરીને વીરોને વંદન થકી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

## સરહદી સૂઇગામ તાલુકો દેશભક્તિના રંગે રંગાયો

રાજ્યના સરહદી એવા સૂઈગામ ખાતે તાલુકા કક્ષાના મારી માટી, મારો દેશ કાર્યક્રમની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શિલાફલકમનું પૂજન અર્ચન કરી અનાવરણ કરવામાં આવ્યું હતું. તેમજ સૂઈગામ તાલુકાના જલોયા ગામના-૨ અને લીંબળાના-૧ શહીદ વીરો અને તમામ આઝાદીના લડવૈયા અને શહીદો સહિતને શ્રદ્ધાંજલિ આપીને તેમનાં કુટુંબીજનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો, સ્થાનિક આગેવાનો દ્વારા ૭૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત તમામ દ્વારા પંચ પ્રણ પ્રતિજ્ઞા લઈ ધ્વજવંદન અને રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં તાલુકાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, સરપંચશ્રીઓ, મહર્ષિ કણાદ શાળા પરિવાર સહિત મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર હાજર રહી કાર્યક્રમની ગૌરવભેર ઉજવણી કરી હતી. ●







# ગાંધીનગરમાં સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની બેઠક યોજાઇ



રાજ્યના અભયારણ્ય વિસ્તારોમાં હાથ ધરાયેલા તથા હાથ ધરાનારા મોટા પ્રોજેક્ટસનું એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ કરવા તેમજ વન્ય અભયારણ્ય વિસ્તારોમાં રેલવે લાઇન, અંડરગ્રાઉન્ડ પાઇપલાઇન, ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક જેવા પ્રોજેક્ટથી થતી પર્યાવરણીય અસરો વિષયક અભ્યાસ થવો જોઈએ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની ૨૨મી બેઠકના અધ્યક્ષસ્થાનેથી ઉપરોક્ત સૂચનો કર્યાં હતાં. તેમણે આ વન્ય પ્રાણી વિસ્તારોમાં જ્યાં ઘાસ કે ઝાડ ન હોય અને ખુલ્લી જમીનો હોય તેનો પણ સર્વે હાથ ધરવાનું પ્રેરક સૂચન પણ આ બેઠકમાં કર્યું હતું.

સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની આ ૨૨મી બેઠકમાં રાજ્યના ગીર, જાંબુઘોડા, પૂર્ણા, જેસોર, નારાયણ સરોવર, કચ્છ અભયારણ્ય સહિતના અભયારણ્યમાં હયાત કાચા રસ્તા, નાળા-પૂલિયાને પહોળા કરવા કે મરામત કરવી તેમજ ૬૬ KV સબ સ્ટેશન અને વીજ લાઇન તેમજ IOCની અંડર ગ્રાઉન્ડ પાઇપલાઇન, જેવી દરખાસ્તો વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૨૯ની જોગવાઈઓને ધ્યાને રાખીને મંજૂર કરવામાં આવી હતી. વનમંત્રી શ્રી મુળૂભાઈ બેરા અને રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ઇકો સૅન્સિટિવ ઝોનમાં આવતી કેટલીક નવી દરખાસ્તો પણ રજૂ કરવામાં આવી હતી.

તદ્અનુસાર, બાલારામ-અંબાજી અભયારણ્યના ઇકો સૅન્સિટિવ ઝોન વિસ્તારમાં તારંગા હિલથી અંબાજી-આબુરોડ નવી બ્રોડગેજ લાઇન નાખવા વન્યજીવ દૃષ્ટિકોણથી ભલામણ સહિતની પ્રપોઝલ સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની બેઠકમાં મૂકવામાં આવી હતી.

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ આવી દરખાસ્તો સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની ભલામણ મેળવીને નૅશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફને મોકલવાનું જણાવાયેલું છે. વન વિભાગ હવે આ દરખાસ્તને નૅશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફમાં મોકલશે તેવું પણ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું.

રાજ્યમાં સુધારેલ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨નો તા.૦૧ એપ્રિલ ૨૦૨૩થી અમલ કરવામાં આવે છે તે અંગેની વિસ્તૃત વિગતો અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્યપ્રાણી) શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવે આ બેઠકમાં પ્રેઝન્ટેશન દ્વારા આપી હતી.

કલમ ૨૫-A અનુસાર જમીન સંપાદન, પુનર્વસન અને પુનઃસ્થાપન અધિનિયમ-૨૦૧૩માં વાજબી વળતર અને પારદર્શિતાના અધિકાર અન્વયે કાર્યવાહી કરવાની સત્તાઓ જિલ્લા કલેકટરને આપવામાં આવેલી છે તેમ પણ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું.

એટલું જ નહીં, કલમ-૩૩ અંતર્ગત ચીફ વાઇલ્ડ લાઇફ વૉર્ડન કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર તેમના દ્વારા મંજૂર કરાયેલા અભયારણ્ય માટેના મેનેજમેન્ટ પ્લાન અનુસાર અભયારણ્યનું નિયંત્રણ સંચાલન અને રક્ષણ કરશે તેવી જોગવાઈની વિગતો બેઠકમાં આપવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લાની મઘરડી નાની સિંચાઈ યોજનામાં જંગલની જમીન ઉપયોગમાં લેવાના બદલાની જમીનમાં પ્રેમપરાની ૩૮.૨૩ હેક્ટર જમીનને વન્ય પ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ અંતર્ગત આ વર્ષે પ્રેમપરા અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવેલી છે તેમ જણાવવામાં આવ્યું હતું.

વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધનના ભાગરૂપે વન વિભાગ દ્વારા સામાન્યતઃ દર પાંચ વર્ષે રાજ્યમાં વન્ય પ્રાણીઓની વસ્તીનો અંદાજ મેળવવામાં આવે છે. આ સંદર્ભમાં થયેલી છેલ્લી વસ્તી ગણતરી મુજબ ડોલ્ફિન, રીંછ, ગીધ, વરુ, ઝરખ, ચિત્તલ અને નીલગાય જેવાં પ્રાણીઓની વસ્તીમાં થયેલ વૃદ્ધિની વિગતો બેઠકમાં રજૂ કરવામાં આવી હતી.

મુખ્ય સચિવ શ્રી રાજકુમારે સ્ટેટ બોર્ડ ફોર વર્લ્ડ લાઇફની આ બેઠકની ચર્ચામાં સહભાગી થતાં જણાવ્યું હતું કે, સંરક્ષણ કન્ઝર્વેશન સામે વિકાસ-ડેવલપમેન્ટનો કોન્સેપ્ટ અપનાવીને સ્ટડી અને ઍસેસમેન્ટ અભયારણ્ય વિસ્તારમાં કરવાની આવશ્યકતા છે.

આ બેઠકમાં ધારાસભ્ય અને બોર્ડના સભ્ય શ્રી મહેશ કસવાલા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, DGP શ્રી વિકાસ સહાય, વન પર્યાવરણના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ શ્રી ચતુર્વેદી, વિભાગોના સચિવશ્રીઓ, શ્રી ધનરાજ નથવાણી સહિતના બોર્ડના માનદ સભ્યો અને વરિષ્ઠ વન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## વડાપ્રધાનશ્રીનું G-20 બેઠકને સંબોધન

## "આગામી આરોગ્ય કટોકટીને રોકવા આપણે સજ્જ રહેવું જોઈએ"

ગુજરાતનાં ગાંધીનગરમાં આયોજિત G-20 સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંબોધિત કર્યાં હતા. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતાં વડાપ્રધાનશ્રીએ ભારતમાં હેલ્થકેર ક્ષેત્ર સાથે સંકળાયેલા ૨.૧ મિલિયન ડૉક્ટર્સ, ૩૫ લાખ નર્સો, ૧.૩ મિલિયન પેરામેડિકલ્સ, ૧.૬ મિલિયન ફાર્માસિસ્ટ્સ અને લાખો અન્ય લોકો તરફથી મહાનુભાવોનું અભિવાદન કર્યું હતું.

રાષ્ટ્રપિતાને યાદ કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ગાંધીજી સ્વાસ્થ્યને એટલો મહત્ત્વપૂર્ણ મુદ્દો માનતા હતા કે તેમણે આ વિષય પર 'સ્વાસ્થ્યની ચાવી' નામનું પુસ્તક લખ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સ્વસ્થ રહેવું એટલે વ્યક્તિનાં મન અને શરીરને સંવાદિતા અને સમતોલનની સ્થિતિમાં રાખવું, એટલે કે સ્વાસ્થ્ય એ જ જીવનનો પાયો છે.

વડાપ્રધાનશ્રીએ સંસ્કૃતમાં એક શ્લોકનું પઠન પણ કર્યું હતું, જેનો ભાવાર્થ હતો: 'સ્વાસ્થ્ય એ જ વાસ્તવિક સંપત્તિ છે અને સારા સ્વાસ્થ્ય સાથે દરેક કાર્ય પૂર્ણ થઈ શકે છે.'

વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ રોગચાળાએ આપણને યાદ અપાવ્યું છે કે આપણા નિર્ણયોના કેન્દ્રમાં આરોગ્ય હોવું જોઈએ. સમય આપણને આંતરરાષ્ટ્રીય સહકારનું મૂલ્ય પણ દર્શાવે છે, પછી ભલે તે દવા અને રસીની ડિલિવરીમાં હોય કે પછી આપણા લોકોને સ્વદેશ પરત લાવવામાં હોય. વિશ્વને કોવિડ-૧૯ની રસી પ્રદાન કરવાની ભારત સરકારની માનવતાવાદી પહેલનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, "વેક્સિન મૈત્રી" પહેલ હેઠળ ભારતે ૧૦૦થી વધારે દેશોને ૩૦૦ મિલિયન રસીના ડોઝ આપ્યા હતા.

રોગચાળા દરમિયાન જે શીખવા મળ્યું તે સૌથી મોટા પદાર્થપાઠોમાંનો એક ગણાવતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, વૈશ્વિક સ્વાસ્થ્ય વ્યવસ્થા અનુકલનક્ષમ હોવી જોઈએ. આપણે આગામી આરોગ્ય કટોકટીને રોકવા, તૈયારી કરવા અને તેનો મક્કમતાપૂર્વક, પૂર્ણ સજ્જતા સાથે આયોજનબદ્ધ રીતે સામનો કરવા તૈયાર રહેવું જોઈએ. આજની એકબીજા સાથે જોડાયેલી દુનિયામાં આ વાત મહત્ત્વપૂર્ણ છે. જેમ કે આપણે રોગચાળા દરમિયાન જોયું, વિશ્વના એક ભાગમાં આરોગ્યની સમસ્યાઓ ખૂબ જ ટૂંકા સમયમાં વિશ્વના અન્ય ભાગોને પણ અસર કરી શકે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, "ભારતમાં અમે સંપૂર્ણ અને સર્વસમાવેશક અભિગમને અનુસરી રહ્યા છીએ." તેમણે કહ્યું હતું કે, અમે સ્વાસ્થ્ય સાથે સંબંધિત માળખાગત સુવિધાઓનું વિસ્તરણ કરી રહ્યાં છીએ, ચિકિત્સાની પરંપરાગત પદ્ધતિઓને પ્રોત્સાહન આપી રહ્યા છીએ અને તમામને વાજબી ખર્ચે હેલ્થકેર પ્રદાન કરી રહ્યા છીએ. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વૈશ્વિક ઉજવણી સમગ્રતયા આરોગ્ય માટેની સાર્વત્રિક ઈચ્છાશક્તિનો પુરાવો છે. આ વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે ઊજવવામાં આવી રહ્યું છે. બાજરી અથવા 'શ્રી અન્ન' ભારતમાં જાણીતા છે, તેના ઘણા સ્વાસ્થ્ય લાભો છે.

વડાપ્રધાન શ્રી મોદીએ કહ્યું હતું કે, અમે માનીએ છીએ કે સંપૂર્ણ સ્વાસ્થ્ય અને સુખાકારી દરેકના જીવનને લંબાવવામાં મદદરૂપ થઈ શકે છે. ગુજરાતમાં જામનગરમાં WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપના આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. G-20 આરોગ્ય મંત્રીઓની બેઠકની સાથે પરંપરાગત ચિકિત્સા પર ડબ્લ્યુએચઓ ગ્લોબલ સમિટનું આયોજન તેની સંભવિતતાનો ઉપયોગ કરવાના પ્રયાસોને વધુ તીવ્ર બનાવશે. પરંપરાગત દવાઓનો વૈશ્વિક ભંડાર બનાવવાનો આ આપણો સંયુક્ત પ્રયાસ હોવો જોઈએ.

સ્વાસ્થ્ય અને પર્યાવરણ પરસ્પર જોડાયેલાં છે એ વાત પર ભાર મૂકીને વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સ્વચ્છ હવા, પીવાનું સુરક્ષિત પાણી, પર્યાપ્ત પોષણ અને સુરક્ષિત આશ્રય સ્વાસ્થ્યનાં મુખ્ય પરિબળો છે. તેમણે ક્લાઈમેટ એન્ડ હેલ્થ ઈનિશિયેટિવ શરૂ કરવાની દિશામાં હાથ ધરેલાં પગલા બદલ મહાનુભાવોને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે કહ્યું હતું કે, એન્ટિ-માઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR)ના જોખમને પહોંચી વળવા માટે લેવામાં આવેલાં પગલાં પણ પ્રશંસનીય છે. AMR વૈશ્વિક સ્તરે જાહેર સ્વાસ્થ્ય અને અત્યાર સુધી ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે થયેલી તમામ પ્રગતિઓ માટે ગંભીર જોખમ છે. તેમણે G-20 હેલ્થ વર્કિંગ ગ્રૂપે "એક સ્વાસ્થ્ય"ને પ્રાથમિકતા આપી છે એ બાબતે ખુશી વ્યક્ત કરી હતી. અમારી "એક પૃથ્વી, એક આરોગ્ય"ની દૃષ્ટિ છે, જે સમગ્ર ઇકોસિસ્ટિમ - મનુષ્યો, પ્રાણીઓ, વનસ્પતિઓ અને પર્યાવરણ માટે સારા સ્વાસ્થ્યની કલ્પના કરે છે.

તમામ માટે હેલ્થકેરની સુલભતામાં ડિજિટલ સોલ્યુશન્સ અને



નવીનતાની ભૂમિકા પર ભાર મૂકતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આપણા પ્રયાસોને સમાન અને સર્વસમાવેશક બનાવવા માટે આ એક ઉપયોગી માધ્યમ છે, કારણ કે દૂર-દૂરના દર્દીઓ ટેલિ-મેડિસિન મારફતે ગુણવત્તાયુક્ત સારસંભાળ મેળવી શકે છે. તેમણે ભારતના રાષ્ટ્રીય મંચ ઇ-સંજીવનીની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, તેનાથી અત્યાર સુધીમાં ૧૪૦ મિલિયન ટેલિ-હેલ્થ કન્સલ્ટેશનની સુવિધા મળી છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ભારતના કોવિન(CoWIN) પ્લેટફોર્મે માનવ ઇતિહાસમાં સૌથી મોટા રસીકરણ અભિયાનની સફળતાપૂર્વક સુવિધા પ્રદાન કરી છે. તેમણે જણાવ્યું હતું કે, તે બે અબજથી વધુ રસીના ડોઝની ડિલિવરી અને વૈશ્વિક સ્તરે ચકાસી શકાય તેવાં રસીકરણ પ્રમાણપત્રોની વાસ્તવિક-સમયની ઉપલબ્ધતાનું સંચાલન કરે છે. ડિજિટલ હેલ્થ પર વૈશ્વિક પહેલ વિવિધ ડિજિટલ સ્વાસ્થ્ય પહેલોને એક જ મંચ પર લાવશે.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આહ્વાન કરતાં કહ્યું હતું કે, "ચાલો આપણે આપણા ઇનોવેશન્સ જાહેર હિત માટે સમર્પિત કરીએ, ચાલો આપણે ફંડના ડુપ્લિકેશનને ટાળીએ. ચાલો આપણે ટૅક્નોલોજીની સમાન ઉપલબ્ધતાને સરળ બનાવીએ". તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ પહેલથી વૈશ્વિક દક્ષિણના દેશો હેલ્થકેર ડિલિવરીમાં રહેલી ખામીઓ દૂર કરી શકશે અને આપણને સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ હાંસલ કરવાના આપણા લક્ષ્યાંકથી એક પગલું નજીક લઈ જશે. ●

## આરોગ્યલક્ષી પહેલોની સફળતામાં જનભાગીદારી મુખ્ય પરિબળ

*આરોગ્યલક્ષી પહેલોની સફળતામાં મુખ્ય પરિબળ તરીકે જનભાગીદારીના મહત્ત્વ પર ભાર મૂકીને વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આપણા રક્તપિત્ત નાબૂદી અભિયાનની સફળતાનું આ એક મુખ્ય કારણ છે. તેમણે કહ્યું હતું કે, ટીબી નાબૂદી પર આપણો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ જનભાગીદારીને પણ પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું હતું કે, અમે દેશના લોકોને 'નિ-ક્ષય મિત્ર' અથવા 'ટીબી નાબૂદી માટે મિત્રો' બનવા અપીલ કરી છે, જે અંતર્ગત આશરે 10 લાખ દર્દીઓને નાગરિકોએ દત્તક લીધા છે. વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "હવે આપણે વર્ષ 2030ના વૈશ્વિક લક્ષ્યાંકથી ઘણા આગળ ટીબી નાબૂદી હાંસલ કરવાનાં માર્ગે અગ્રેસર છીએ."*

# WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ યોજાઇ

ભારતની આગેવાનીમાં યોજાઈ રહેલી G-20 શિખર પરિષદ અન્વયે આરોગ્ય મંત્રીઓની બેઠકના ભાગરૂપે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ અંગે WHOની આ સૌપ્રથમ સમિટ ગાંધીનગરમાં યોજાઈ હતી. 'તમામ માટે સ્વાસ્થ્ય અને સુખાકારી તરફ' ની થીમ સાથે આયોજિત આ સમિટમાં સ્વાસ્થ્ય સામેના પડકારોનું સમાધાન કરવા અને વૈશ્વિક સ્વાસ્થ્ય અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં પ્રગતિને વેગ આપવા માટે આ પરંપરાગત, પ્રશંસાત્મક અને સંકલિત ચિકિત્સાની ભૂમિકા પર સામૂહિક વિચાર મંથન કરવામાં આવ્યું હતું.

WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટના પ્રારંભ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, સર્વે ભવન્તુ સુખિન: સર્વે સન્તુ નિરામયાનો ઉપનિષદ ભાવ ગ્લોબલ સમિટના હેલ્થ એન્ડ વેલબીઇંગ ફોર ઓલના ભાવ સાથે સુસંગત અને ઉપયુક્ત છે. ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટનો પ્રારંભ WHOના વડા ડૉ.



ટેડ્રોસ અધનોમ ગેબ્રિયેસસ, દેશના આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, કેન્દ્રીય આયુષ મંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલ, કેન્દ્રીય આયુષ રાજ્ય મંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, ભુતાનના આરોગ્યમંત્રી કુ. લ્યોંપો દશો દેચેન વાંગ્મો, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, WHOના રિજનલ ડિરેક્ટર્સ ડૉ. પુનમ ખેત્રપાલ, ડૉ. વિવિઆન તાતિઆના અને ડૉ. હંસ ક્લુગેની ઉપસ્થિતિમાં થયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિએ સમગ્ર વિશ્વને એક પરિવાર માનીને 'વસુધૈવ કુટુંબકમ્' વિચારધારા વિશ્વને આપી છે. એટલું જ નહીં, આ સંસ્કૃતિ હંમેશાં સમગ્ર માનવજાતિના કલ્યાણ અને સારા સ્વાસ્થ્યની પણ કામના કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંપૂર્ણ માનવજાતના સારા સ્વાસ્થ્ય માટે ભારતીય ચિકિત્સા પદ્ધતિઓ અને આયુર્વેદ જ્ઞાનની સમૃદ્ધ વિરાસત દેશ અને દુનિયા સમક્ષ ઉજાગર કરી છે. વડાપ્રધાનશ્રી વિશ્વની પીડા ઓછી કરવા માટે પ્રતિબદ્ધ છે અને ૨૧મી સદીના ભારતના અનુભવો તથા જ્ઞાન વિશ્વ સાથે શેર કરીને આગળ વધવામાં વિશ્વાસ રાખે છે.

જ્યારે વિશ્વ આખું કોરોના મહામારીના ભયના ઓથારમાં હતું ત્યારે વડાપ્રધાનશ્રીએ આયુષ-આયુર્વેદ સેક્ટરને વિકસિત કરીને આયુર્વેદિક ઉકાળા, દવાઓ અને અન્ય ઉત્પાદનોથી લોકોની



રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મોટું પ્રદાન કર્યું છે. કોરોના પછી દુનિયાભરમાં આયુર્વેદ દવાઓ અને ઉત્પાદનોની માંગ વધી ગઈ છે અને પારંપરિક ચિકિત્સાની સદીઓ જૂની ભારતીય પદ્ધતિઓ આજે આરોગ્ય રક્ષા ક્ષેત્રે રાહબર બની છે એમ પણ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતમાં WHOના ટ્રેડિશનલ મેડિસિન માટેના ગ્લોબલ સેન્ટરની સ્થાપના માટે જામનગરને પસંદ કરવામાં આવ્યું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ-ITRA જામનગરમાં કાર્યરત થતાં ગુજરાતનું ગૌરવ વધ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિશ્વસ્તરીય હેલ્થ કેર સંસ્થાના રૂપમાં અગ્રેસર આ ITRAમાં ૧૪ વિભાગો અને NABL માન્યતા પ્રાપ્ત ૬ પ્રયોગશાળાઓ કાર્યરત છે. વડાપ્રધાનશ્રીએ આયુર્વેદ ચિકિત્સા અને ઉત્પાદનોને જે મહત્ત્વ આપ્યું છે તેના પરિણામે આયુષ મંત્રાલય દર વર્ષે ધન્વંતરિ જયંતીને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઊજવે છે તેની પણ ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે આયુષ ક્ષેત્રમાં ઇન્વેસ્ટમેન્ટ અને ઇનોવેશન્સની અસીમિત સંભાવનાઓની વિસ્તૃત વિગતો આપતાં ઉમેર્યું કે, પોષક તત્વો હોય, દવાઓની સપ્લાય ચેઇનનું મૅનેજમેન્ટ હોય કે આયુષ આધારિત ડાયાગ્નોસ્ટિક ટૂલ્સ કે ટેલિમેડિસિન દરેક સેક્ટરમાં ઇનોવેશન અને ઇન્વેસ્ટમેન્ટને અવકાશ છે.

વડાપ્રધાનશ્રીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ભારતે આયુર્વેદ, યુનાની, હોમિયોપેથી તથા યોગને વૈશ્વિક મંચ પર લઈ જવા આયુષ વિઝા અને આયુષ માર્કની ઘોષણા કરવામાં આવી હોવાની માહિતી પણ મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિતોને આપી હતી. તેમણે આવનારા વર્ષોમાં આયુષ સેવાઓનું વિકસતા દેશો સાથે આદાન-પ્રદાન પણ હીલ ઇન ઇન્ડિયા-હીલ બાય ઇન્ડિયા પૉલિસી અન્વયે થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ●



# ભારતના હેલ્થ મોડેલને G-20 દેશોએ આવકાર્યું

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વન અર્થ, વન હેલ્થ એડવાન્ટેજ હેલ્થ કેર - ઇન્ડિયા ૨૦૨૩ને સાકાર કરવાના વિઝન સાથે દેશ આજે દુનિયાને પોતાનું સામર્થ્ય દરેક ક્ષેત્રમાં દર્શાવવા સક્ષમ બની રહ્યો છે. તે સમયે તાજેતરમાં ગાંધીનગર ખાતે G-20 સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠક યોજાઈ હતી. ભારતે ૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ G-20ની અધ્યક્ષતા સંભાળી હતી અને હાલમાં ઇન્ડોનેશિયા, ભારત અને બ્રાઝિલનો સમાવેશ કરીને તે G-20 ટ્રોઇકાનો ભાગ છે. ટ્રોઇકામાં ત્રણ વિકાસશીલ અને ઊભરતી અર્થવ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.

G-20 આરોગ્ય મંત્રીની બેઠકમાં મુખ્યત્વે ત્રણ મુખ્ય પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં એન્ટી-માઇક્રોબાયલ પ્રતિકાર અને વન હેલ્થ ફ્રેમવર્ક પર ધ્યાન કેન્દ્રિત કરીને આરોગ્ય કટોકટી નિવારણ, સજ્જતા અને પ્રતિભાવ; સલામત, અસરકારક, ગુણવત્તાયુક્ત અને સસ્તા તબીબી પ્રતિરોધક પગલાંઓ (રસીઓ, ઉપચાર અને નિદાન)ની સુલભતા અને ઉપલબ્ધતા પર ધ્યાન કેન્દ્રિત કરીને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં સહકારનું મજબૂતીકરણ; અને સાર્વત્રિક આરોગ્ય કવરેજમાં મદદ કરવા તેમજ આરોગ્ય સંભાળ સેવા ડિલિવરીમાં સુધારો કરવા માટે ડિજિટલ આરોગ્ય આવિષ્કારો અને ઉકેલોનો સમાવેશ થાય છે.

G-20 સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકને અનુલક્ષીને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું, "ભારતમાં વિશાળ હેલ્થવર્કફોર્સ છે અને એ જ ભારતની સોફ્ટ સ્ટ્રેન્થ છે. ભારતની G-20 પ્રેસિડન્સી અંતર્ગત આયોજિત આ સમિટમાં વિશ્વના દેશોને ભારતના સ્વાસ્થ્ય ક્ષેત્રથી થનારા લાભોની જાણકારી, તેને સંબંધિત અનેકવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ થઈ રહી છે. પરંપરાગત ઔષધિઓ અંગે પણ આ અંતર્ગત ચર્ચાઓ થઈ છે.

શ્રી માંડવિયાએ કહ્યું હતું કે આજે ભારતનું સામર્થ્ય છે કે તે વિશ્વની ૭૦ ટકા રસીની જરૂરિયાત પરિપૂર્ણ કરે છે. G-20 હેલ્થ મિનિસ્ટર્સ સમિટની ઉપલબ્ધિ વિશે જણાવતાં કેન્દ્રીય આરોગ્યમંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, આ સમિટની સૌથી મોટી ઉપલબ્ધિ એ છે કે દુનિયા આજે ભારતની ક્ષમતાઓથી પરિચિત થઈ રહી છે. ભારત જે રીતે ડિજિટલ, મેડિકલ ક્ષેત્ર સહિતનાં અનેક ક્ષેત્રોમાં હરણફાળ ભરી રહ્યું છે તેને દુનિયા આજે જોઈ રહી છે.

G20
भारत 2023 INDIA

### ગાંધીનગરમાં મેડટેક એક્સપો-2023

# ફાર્માસ્યુટિકલ સેક્ટર માટે ગુજરાત ફેવરિટ ડેસ્ટિનેશન




ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સ, ફિક્કી અને મેડટેક ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ઇન્ડિયા મેડટેક એક્સપો-૨૦૨૩નું ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પ્રારંભ કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. મેડટેક ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા ઉદ્યમીઓ, સ્ટાર્ટઅપ્સ, હૉસ્પિટલ્સ, રિસર્ચર્સ અને ઇન્વેસ્ટર્સ સહિત બધા જ સ્ટેક હોલ્ડર્સ એક છત્ર હેઠળ એકઠા થયા હતા. રાજ્યમાં ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝને વ્યાપારમાં અનુકૂળ વાતાવરણ મળે તે માટે તેમણે રાજ્ય સરકારના સહયોગની તત્પરતા દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૪માં સહભાગી થવા ફાર્મા-મેડિકલ ડિવાઈસીસ સેક્ટરના ઉદ્યોગકારોને નિમંત્રણ પણ પાઠવ્યું હતું.

આ એક્ઝિબિશનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી મોદીના નેતૃત્વમાં હવે દેશની તસવીર બદલાઈ ગઈ છે અને આપણે આત્મનિર્ભર થયા છીએ. એટલું જ નહીં, મેઈક ઈન ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત દેશમાં મેડિકલ ડિવાઈસીસ અને દવાઓના નિર્માણને પ્રાથમિકતા અપાઈ છે. મોંઘી હેલ્થ સર્વિસીસ, ઈક્વિપમેન્ટ્સ અને દવાઓ સામાન્ય જન અને ગરીબ જરૂરતમંદ લોકોને હવે આસાનીથી મળતાં થયાં છે.

તેમણે આ મેડટેક એક્સપોના આયોજન માટે ગુજરાતની પસંદગીને સાચી દિશાની અને સમયાનુકૂળ ગણાવતાં ઉમેર્યું કે, ફાર્માસ્યુટિકલ સેક્ટરની ઇન્ડસ્ટ્રીઝ માટે ફેવરિટ ડેસ્ટિનેશન પણ છે. સૌરાષ્ટ્રમાં મેડિકલ ડિવાઈસીસ પાર્ક અને અંકલેશ્વર નજીક બલ્ક ડ્રગ પાર્કના નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. કાર્ડિયાક હાઈટેક સ્ટેન્ટના ઉત્પાદનમાં ગુજરાત અગ્રણી છે. હાઈટેક ઇન્ટ્રા ઓક્યુલર લેન્સના ઉત્પાદનના પચાસ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે તેમજ ઓર્થોપેડિક ઇમ્પ્લાન્ટ ઇન્સ્ટ્રુમેન્ટના ઉત્પાદનમાં પણ ગુજરાત લીડ લઈ રહ્યું છે. ભારતના કુલ ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગમાં ગુજરાત ૩૦ ટકા જેટલો હિસ્સો ધરાવે છે તેમજ રાજ્યમાં ઓછા ખર્ચે ઉચ્ચ ગુણવત્તાયુક્ત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સુવિધાઓ પણ ઉપલબ્ધ છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા G-20 સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકની સાથે સાથે ગાંધીનગરમાં ભારતના પ્રથમ મેડિકલ ટૅક્નોલોજી એક્સ્પો, 'ઇન્ડિયા મેડટેક એક્સ્પો ૨૦૨૩'ના પ્રારંભ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "ભારતને 'ફાર્મસી ઓફ ધ વર્લ્ડ' તરીકે માન્યતા આપવામાં આવી છે. હવે સમય આવી ગયો છે કે ભારતે મેડિકલ ડિવાઈસીસ ક્ષેત્રે આગેવાની લેવી જોઈએ અને વાજબી, નવીન અને ગુણવત્તાયુક્ત તબીબી ઉપકરણોના ઉત્પાદનમાં અગ્રણી બને." તેમની સાથે નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડૉ. વી. કે. પૌલ અને ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ પણ જોડાયા હતા.

આ ક્ષેત્ર હેઠળ કેન્દ્ર સરકારે હાથ ધરેલી નવી પહેલો પર પ્રકાશ પાડતા ડૉ.માંડવિયાએ જણાવ્યું હતું કે "નેશનલ મેડિકલ ડિવાઈસ પૉલિસી ૨૦૨૩ ઉપરાંત સરકારે તાજેતરમાં જ શરૂ કરી છે. મેડિકલ ડિવાઈસીસ માટે એક્સપોર્ટ-પ્રમોશન કાઉન્સિલ અને મેડિકલ ડિવાઈસ ક્લસ્ટરની સહાય માટેની યોજના છે. ચિકિત્સા ઉપકરણોના ચાર લક્ષિત સેગમેન્ટ માટે કુલ રૂ. ૩,૪૨૦ કરોડના નાણાકીય ખર્ચ સાથે ચિકિત્સા ઉપકરણોના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના શરૂ કરવામાં આવી હતી. અમે "પ્રમોશન ઓફ મેડિકલ ડિવાઈસીસ પાર્ક્સ" યોજના પણ લઈને આવ્યા છીએ. ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કોમન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના નિર્માણ માટે કુલ રૂ. ૪૦૦ કરોડના નાણાકીય ખર્ચ સાથે અને નવીનતા, સંશોધન અને ઉત્પાદન વિકાસને પ્રોત્સાહન આપશે."

ડૉ. વી. કે. પૌલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની નવી શરૂ થયેલી પીએલઆઈ (પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ) યોજનાએ ફાર્માસ્યુટિકલ્સના ઉત્પાદન માટે તેમજ તબીબી ઉપકરણોના ઉત્પાદન માટે એપીઆઈ (એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિયન્ટ્સ)ના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં મદદ કરી છે. આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, અધિક મુખ્ય સચિવ શ્રી એસ જે હૈદર, શ્રી કમલેશ કુમાર પંત, ફિક્કીના પદાધિકારીઓ અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# G-20 ડેપ્યુટીઝની બેઠક





"ભારતનું G-20 પ્રેસિડેન્સી વસુધૈવ કુટુમ્બકમ - દુનિયા એક પરિવારની ફિલસૂફીની આસપાસ ફરે છે. વૈશ્વિક આરોગ્યના ક્ષેત્ર કરતાં આ વધુ મહત્ત્વનું ક્યાંય નથી કારણ કે રોગચાળાએ આપણને શીખવ્યું છે કે 'જ્યાં સુધી દરેક વ્યક્તિ સુરક્ષિત ન હોય ત્યાં સુધી કોઈ પણ સુરક્ષિત નથી'." કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી ડૉ. ભારતી પ્રવિણ પવારે G-20 આરોગ્ય મંત્રીઓની બેઠક અગાઉ આજે અહીં G-20 ડેપ્યુટીઝની બેઠકને સંબોધન કરતાં આ માહિતી આપી હતી. આ પ્રસંગે નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડૉ. વી કે પૌલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સંઘ મંત્રીશ્રીએ ભારતના G-20 પ્રેસિડેન્સીનાં આરોગ્ય કાર્યકારી જૂથોમાં થઈ રહેલી મહત્ત્વપૂર્ણ ચર્ચાવિચારણા પર ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે શરૂઆતથી જ દરેક G-20 હેલ્થ વર્કિંગ ગ્રૂપમાં હેલ્થ ઈમરજન્સી પ્રિવેન્શન પ્રીપેર્ડનેસ એન્ડ રિસ્પોન્સ (એચઈપીપીઆર)ને સંબોધિત કરવાની પ્રથમ પ્રાથમિકતા મુખ્ય બાબત રહી છે, તેમણે જણાવ્યું હતું કે "ભારતીય G-20 પ્રેસિડેન્સીએ વન હેલ્થ, એએમઆર (એન્ટિ-માઈક્રોબાયલ રેઝિસ્ટન્સ) અને ક્લાઈમેટ ચેન્જનાં ગંભીર જોખમો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે."

"વાજબી તબીબી પ્રતિકારક પગલાંની સમાન સુલભતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાતને પહોંચી વળવાની બીજી પ્રાથમિકતા વૈશ્વિક MCM(મેડિકલ કાઉન્ટરમેઝર) સંકલન પ્લેટફોર્મ સ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે, જે સમગ્ર વિશ્વમાં સંશોધન અને વિકાસ અને ઉત્પાદન નેટવર્કની સ્થાપનાની કલ્પના કરે છે. આનાથી ગુણવત્તાયુક્ત અને સસ્તી રસીઓ, થેરાપ્યુટિક્સ અને ડાયગ્નોસ્ટિક્સ (વીટીડી)ની સુલભતા ખાસ કરીને વિશ્વભરના સૌથી સંવેદનશીલ લોકો તેમજ ગ્લોબલ સાઉથના દેશોમાં શક્ય બનશે."

ભારતની G-20 અધ્યક્ષતામાં ત્રીજી સ્વાસ્થ્ય પ્રાથમિકતા ડિજિટલ હેલ્થ ઈનોવેશન્સ અને સોલ્યૂશન્સ ડેવલપમેન્ટ અને તેના ઉપયોગની છે. ડૉ.પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ગ્લોબલ ઈનિશિયેટિવ ફોર ડિજિટલ હેલ્થ (જીઆઈડીએચ)ની કલ્પના કરવામાં આવી છે, જે એ સુનિશ્ચિત કરે છે કે વર્તમાન અને ચાલુ ડિજિટલ સ્વાસ્થ્ય પ્રયાસોને એક છત્ર હેઠળ સુલભ બનાવી શકાય. આ એક મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય છે અને તમારા સમર્થન અને તમારા માર્ગદર્શન સાથે, જીઆઈડીએચ ઉચ્ચ-સ્તરીય આંતરરાષ્ટ્રીય સહકારનું અગ્રણી ઉદાહરણ બનવાની સંભાવના ધરાવે છે જે વિશ્વને સીધો ફાયદો કરે છે."

ભારતીય G-20ના પ્રમુખપદ દરમિયાન તમામ પ્રકારની સખત મહેનત અને અવિશ્વસનીય પ્રયાસોને સુનિશ્ચિત કરવાનું નિર્ણાયક કાર્ય આજે પરિપૂર્ણ થવાનું છે તેની નોંધ લઈને ડૉ. પવારે પ્રતિનિધિઓને તેમની ચર્ચા અંગે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "આ મંચના માધ્યમથી જે પરિણામો હાંસલ થશે તે ઊંડી અને માહિતગાર ચર્ચાની પરાકાષ્ઠા હશે, જે કાર્યકારી જૂથની ૩ બેઠકો અને અસંખ્ય દ્વિપક્ષીય અને બહુપક્ષીય બેઠકોમાં થઈ છે."

ભારતના G-20 હેલ્થ વર્કિંગ ગ્રૂપ્સ અને તેની સાથે આયોજિત ૧૪ કો-બ્રાન્ડેડ ઈવેન્ટ્સમાં વિશ્વમાં આરોગ્યને લગતી મહત્ત્વની ચિંતાઓને આવરી લેવામાં આવી હતી. તેમણે એ બાબતની પણ નોંધ લીધી હતી કે, છેલ્લાં ત્રણ સ્વાસ્થ્ય કાર્યકારી જૂથોમાં થયેલી ચર્ચાઓએ આપણને એક કેન્દ્રવર્તી વૈશ્વિક સ્વાસ્થ્ય માળખું તૈયાર કરવાના આપણાં પારસ્પરિક લક્ષ્યાંકની નજીક લાવ્યા છે.

ઈન્ડોનેશિયા અને બ્રાઝિલના ટ્રોઈકાના સભ્યોએ આજે વિશ્વમાં મુખ્ય આરોગ્ય પડકારોને પ્રાધાન્ય આપવા બદલ ભારતીય રાષ્ટ્રપતિની પ્રશંસા કરી હતી. તેમણે બહુ-ક્ષેત્રીય અભિગમ અપનાવવા અને બહેતર સ્વાસ્થ્ય વ્યવસ્થામાં રોકાણ કરવા જોડાણની ભલામણ કરી હતી. તેમણે વચગાળાની મેડિકલ કાઉન્ટરમેઝર મિકેનિઝમમાં નિર્ણય લેવાની અસરકારક વ્યવસ્થા માટેની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. આ બેઠકમાં ભારતના G-20 પ્રેસિડેન્સી સુસ શેરપા અને વિદેશ મંત્રાલયના અધિક સચિવ શ્રી અભય ઠાકુર અને ભારતના G-20 પ્રેસિડેન્સી હેલ્થ ટ્રેક ફોકલ પોઈન્ટ અને સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અધિક સચિવ શ્રી લવ અગ્રવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

## વન અર્થ વન હેલ્થ એડવાન્ટેજ હેલ્થકેર ઇન્ડિયા ઇવેન્ટ

# ભારત આરોગ્ય ક્ષેત્રે સંશોધનમાં અગ્રેસર




ભારતે પ્રાથમિક અને ડિજિટલ હેલ્થકેરનાં ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરે તેમજ પોતાના દેશમાં સ્વાસ્થ્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. દર્દી માટે વન સ્ટોપ ડિજિટલ પોર્ટલ' અને 'વર્કફોર્સ મોબિલિટી' પોર્ટલના માધ્યમથી જનઆરોગ્યની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. હેલ્થકેર ઇનોવેશનમાં ભારત હંમેશાં અગ્રેસર રહ્યું છે. ગાંધીનગર ખાતે તાજેતરમાં વન અર્થ વન હેલ્થ એડવાન્ટેજ હેલ્થકેર ઇન્ડિયા ઇવેન્ટ અંતર્ગત 'ધ એડવાન્ટેજ હેલ્થ કેર ઇન્ડિયા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ પ્રારંભ કરાવ્યો હતો.

આજે ભારત પાસે તબીબી ક્ષેત્રે ઉચ્ચ લાયકાત ધરાવતા અને કુશળ માનવબળ ઉપલબ્ધ છે, જે ભારતમાં આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી રહ્યું છે. કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, ભારતમાં સ્વાસ્થ્યને એક સેવા તરીકે જોવામાં આવે છે. તબીબી મૂલ્યની મુસાફરીથી જ્ઞાનની વહેંચણીમાં વધારો થશે, સ્થાયી ભાગીદારી થશે અને મજબૂત વૈશ્વિક સ્વાસ્થ્ય માળખાનું નિર્માણ કરવામાં પ્રદાન કરવા માટે સમન્વયમાં વધારો થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નદૃષ્ટા નેતૃત્વની પ્રશંસા કરતા શ્રી સર્વાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે,"આપણા પરંપરાગત હેલ્થકેર સિસ્ટિમ્સના નિવારણાત્મક અને પ્રોત્સાહક અભિગમે આજે આધુનિક યુગમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે, ખાસ કરીને જ્યારે તાજેતરના સમયમાં વૈશ્વિક મહામારીથી પીડિત હતું. ત્યારે ભારતે વિશ્વને રસી પહોંચાડીને વસુધૈવ કુટુંબકમની ભાવના સાર્થક કરી.

કેન્દ્રીય મંત્રી ડૉ. ભારતી પ્રવીણ પવારે જણાવ્યું હતું કે"વર્તમાન સમયમાં, પરંપરાગત ઔષધિઓ અને આધુનિક ચિકિત્સાનું સંકલન એ તમામ માટે, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં, વાજબી અને સુલભ સ્વાસ્થ્ય સુવિધા પ્રાપ્ત કરવા માટે આવશ્યક પાસું છે."

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાજ્યમંત્રી પ્રો.એસ.પી.સિંઘ બઘેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારત પાસે 'વન અર્થ વન હેલ્થ'નું વિઝન છે, આપણે વૈશ્વિક હેલ્થકેર નેટવર્કને સરળ બનાવવા માટે હિતધારકો - હૉસ્પિટલો, તબીબી સુવિધાકારો, વીમા કંપનીઓ, હેલ્થકેર ઍસોસિયેશનો અને સરકારી સંસ્થાઓમાં સુમેળ સાધવો જોઈએ, જેમાં દર્દીઓની સુખાકારી તેના મૂળમાં છે. આપણે આપણી કેટલીક આરોગ્યલક્ષી પ્રાથમિકતાઓ હાંસલ કરવા માટે દર્દી-કેન્દ્રિત આરોગ્ય પ્રણાલી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જ્યારે દર્દીઓને તબીબી પરામર્શ, સારવાર, ઑપરેશન પછીની સારવાર અને ભૌગોલિક મર્યાદાઓને પાર કરીને ફોલો-અપ કેર સહિતની સેવાઓની વિસ્તૃત શ્રેણીમાંથી પસંદગી કરવાની સત્તા આપવામાં આવશે ત્યારે એક સર્વસમાવેશક આરોગ્ય વ્યવસ્થા હાંસલ થશે."

ડૉ. ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે જણાવ્યું હતું કે, ડિજિટલ હેલ્થ એ એક મહાન સંપત્તિ છે, કારણ કે તે દર્દીઓને આયુષ્માન ભારત સ્વાસ્થ્ય અને સુખાકારી કેન્દ્રો જેવા પ્લેટફોર્મ પર ટેલિમેડિસિન મારફતે તબીબી સ્વાસ્થ્ય સેવાઓ સુલભ કરવા સક્ષમ બનાવે છે. ડિજિટલ હેલ્થ પરવડે તેવા તફાવતને દૂર કરે છે, જે સૌથી અંદરના વિસ્તારોમાં તબીબી સંભાળ પૂરી પાડે છે અને એવા દર્દીઓ માટે કે જેઓ આ સેવાઓ પરવડી શકે તેમ નથી.

આ સમિટમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવિયાએ યુરોપિયન યુનિયન, જર્મની અને સાઉદી અરેબિયા સાથે વિવિધ દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. આ દ્વિપક્ષીય બેઠકોમાં આરોગ્યલક્ષી બાબતો પર એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આયુષ મંત્રાલયના રાજ્યમંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા અને ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, માલદીવ સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયના રાજ્યમંત્રી શ્રી શાહ માહિર, માલદીવ સરકારના સ્વાસ્થ્યનાં નાયબ મંત્રી સુશ્રી સફિયા મોહમ્મદ સઈદ, સોમાલિયા સરકારના નાયબ સ્વાસ્થ્ય મંત્રી ડૉ. મોહમ્મદ હસન મોહમ્મદ મોહમ્મદ, સોમાલિયા સરકારના સ્વાસ્થ્ય અને વસતિ મંત્રી શ્રી મોહન બહાદુર બાસ્નેટ, ફેડરલ ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ નેપાળના સ્વાસ્થ્ય અને વસતિ મંત્રી શ્રી મોહન બહાદુર બાસ્નેટ અને શ્રીલંકા સરકારના સ્વાસ્થ્ય મંત્રી ડૉ. કેહલિયા રામબુકવે સહિત ૭૦થી વધુ દેશોના પ્રતિનિધિઓ અને ઉદ્યોગના અધિકારીઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# G-20ના પ્રતિનિધિઓ મોઢેરા અને સુજાણપુર ગામની મુલાકાતે

ભારત આ વર્ષે G-20નું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે. જે અંતર્ગત દેશભરમાં વિવિધ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતને પણ ૧૭ જેટલી બેઠકોની યજમાની કરવાનો અવસર મળ્યો છે. આ શૃંખલામાં તાજેતરમાં ગાંધીનગરમાં ચીફ સાયન્ટિફિક એડવાઈઝર્સની બીજી બેઠક યોજાઈ હતી. G-20ના મુખ્ય વિજ્ઞાન સલાહકારોની બીજી ગોળમેજી પરિષદની બેઠકના પ્રથમ દિવસે પ્રતિનિધિશ્રીઓએ સુજાણપુરા સોલર પ્લાન્ટ અને મોઢેરા સૂર્ય મંદિરની મુલાકાત લીધી હતી.

મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય વિજ્ઞાન સલાહકારોના પ્રતિનિધિઓ સાથે જોડાયા હતા અને વિચારવિમર્શ કર્યો હતો. પ્રતિનિધિઓએ પ્રસિદ્ધ મોઢેરાના સૂર્યમંદિરની મુલાકાતમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળ્યો હતો. આ ઉપરાંત મોઢેરાનાં શિલ્પ સ્થાપત્ય અને કલાથી આ ડેલિગેશન અભિભૂત થયું હતું. G-20ના પ્રતિનધિઓને મંદિરનાં મહત્ત્વ અને અને તેની વિશેષતાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. મોઢેરા સૂર્ય મંદિર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશની અપ્રતિમ સફળતાની ચંદ્રયાનની કૃતિ રજૂ કરાઈ હતી જેને પ્રતિનિધિ મંડળે રસપૂર્વક નિહાળી હતી. મુખ્યમંત્રીશ્રી સાથે સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત પદાધિકારીઓ જોડાયા હતા.

આ પ્રસંગે G-20ના સભ્ય દેશો ઉપરાંત વિશેષ આમંત્રિત દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. G-20ના દેશોમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, કેનેડા,



ચાઈના, ઇયુ, ફ્રાન્સ, જર્મની, ઇન્ડોનેશિયા, ઇટાલી, જાપાન, રિપબ્લિક ઓફ કોરિયા, રશિયન ફેડરેશન, સાઉદી અરેબિયા, સાઉથ આફ્રિકા, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આમંત્રિત દેશોમાં બાંગ્લાદેશ, ઓમાન, નેધરલેન્ડ અને નાઈજેરીયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુનેસ્કોના પ્રતિનિધિઓ ડેલિગેશન સાથે જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સૂર્યમંદિર માટે પ્રખ્યાત મોઢેરા હવે સોલાર પાવર્ડ વિલેજ એટલે કે સૌર ઊર્જા સંચાલિત ગામ તરીકે ઓળખાયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૯ ઑક્ટોબર, ૨૦૨૨ના રોજ મોઢેરાને ભારતનું પ્રથમ (૨૪ x ૭) રાઉન્ડ ધ ક્લોક BESS સોલર પાવર્ડ વિલેજ જાહેર કર્યું હતું. ભારત સરકાર અને ગુજરાત સરકારે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટિમ (BESS) સાથે સંકલિત સોલાર પાવર પ્રોજેક્ટ દ્વારા મોઢેરાને ૨૪ x ૭ સોલાર એનર્જી પ્રદાન કરવા માટે મોઢેરાના સૂર્યમંદિરથી લગભગ ૬ કિમીના અંતરે આવેલા મહેસાણાના સુજાણપુર ખાતે 'મોઢેરા સૂર્ય મંદિર અને મોઢેરા નગરનું સોલરાઇઝેશન' કર્યું છે.

ભારત સરકારમાંથી નીતિ આયોગના સભ્ય ડૉ. વિનોદ પૌલ સહિત વિવિધ સરકારી પ્રતિનિધિઓમાં પ્રો.અજય કે. સુદ, ડૉ. બાલસુબ્રહ્મણ્યમ, ડૉ.પરવિન્દર, ડૉ.રાજીવ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખાંધાર અને વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં. ●



## મોઢેરા સૂર્યમંદિર વિશે

મહેસાણાથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલું સુપ્રસિદ્ધ મોઢેરા સૂર્યમંદિર ગુજરાતને સોલંકી યુગના શાસનની સ્વર્ણિમ યશોગાથાની ઝાંખી કરાવે છે. સોલંકીયુગના આ સૂર્યમંદિરના ગર્ભગૃહમાં સંવત ૧૦૮૩નો શિલાલેખ કંડારાયેલો છે. જેના પરથી કહી શકાય છે કે ઈ.સ.૧૦૨૭માં આ મંદિર બંધાયું હશે. પૌરાણિક સમયમાં મોઢેરા તીર્થસ્થાન ગણાતું હતું. આ સૂર્યમંદિર હાલ ગર્ભગૃહ, રંગમંડપ, ગૂઢમંડપ સાથે શિખર વગર ઊભું છે. આ ત્રણેય પરિસરની કુલ લંબાઈ લગભગ ૧૪૫ ફૂટ છે. ગર્ભગૃહ અને ગૂઢમંડપ બંને ૭૦ ફૂટ લંબાઇ અને ૫૦ ફૂટ પહોળાઇમાં છે. ગર્ભગૃહ છ માળનું હશે તેમ મનાય છે. અહીં ૧૭૬ ફૂટ લાંબો અને ૨૦ ફૂટ પહોળો સૂર્યકુંડ છે. આ સૂર્યકુંડ પણ કલાત્મક કોતરણીથી સુશોભિત છે.






# અમદાવાદના છાત્રોએ CMને ૩૨૫ ફૂટની રાખડી અર્પિત કરી

ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યની બહેનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયા, મહિલા સાંસદ તથા ધારાસભ્યશ્રીઓ અને મહિલા પોલીસકર્મીઓ સહિત રાજ્યના ખૂણે - ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રીશ્રીને રક્ષાસૂત્ર બાંધી દીર્ઘાયુ અને પ્રજાના કલ્યાણકારી કામો માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉજવણી દરમિયાન મુખ્યમંત્રીશ્રી સમક્ષ અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં સ્થિત સાધના વિનય મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયો દર્શાવતી ૩૨૫ ફૂટ લાંબી રાખડી આકર્ષણનું કેન્દ્ર બની હતી. ૪૨ જેટલા વિદ્યાર્થીઓએ ૮ દિવસના સમયમાં જ આશરે ૧૦૦ મીટર કાપડના ઉપયોગથી આ રાખડી બનાવી હતી. જેમાં ભારત અને ગુજરાતની અસ્મિતા, ભારતની G-20ની અધ્યક્ષતા, ચંદ્રયાન-૩ની સફળતા જેવા વિવિધ વિકાસ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. ●









## ગાંધીનગરમાં વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની ૨૬મી બેઠક

# દેશની GDPમાં પશ્ચિમના રાજ્યોનું ૨૫ ટકા પ્રદાન



પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની ૨૬મી બેઠક તાજેતરમાં ગાંધીનગરમાં યોજાઈ હતી. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઇન્ટર સ્ટેટ કાઉન્સિલ સેક્રેટરિએટ, એમએચએના ઈ-રિસોર્સ વેબ પોર્ટલ HTTPS://ISCS-ERESOURCE.GOV.IN પોર્ટલનું ઉદઘાટન કર્યું હતું. આ પોર્ટલ ઝોનલ કાઉન્સિલની કામગીરીને સરળ બનાવશે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ દેશની કુલ GDPમાં પશ્ચિમ ઝોનનું ૨૫ ટકા પ્રદાન હોવાનું જણાવ્યું હતું. જ્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈ-સરકારની ઉપયોગિતાની ઉપસ્થિત સૌને માહિતી આપી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું હતું કે, દેશના ચંદ્રયાન મિશનની તાજેતરની સફળતા બાદ સમગ્ર વિશ્વ ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઇસરો)ના વખાણ કરી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, છેલ્લાં ૯ વર્ષમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની દૂરંદેશી સાથે ભારતનાં અંતરિક્ષ ક્ષેત્રને નવી દિશા આપવાની સાથે વર્ષ ૨૦૩૦ સુધીમાં અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતને દુનિયામાં મોખરે લઈ જવા માટે સમયબદ્ધ કાર્યક્રમ અને માળખું તૈયાર કર્યું છે.

ગુજરાતના ગાંધીનગર ખાતે મળેલી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની ૨૬મી બેઠકમાં કુલ ૧૭ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી, જેમાંથી ૦૯ મુદ્દાઓનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું અને રાષ્ટ્રહિતના મુદ્દાઓ સહિત બાકીના મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સમગ્ર દેશને લગતા કેટલાક મહત્ત્વના મુદ્દાઓ આ મુજબ હતા, "જમીન સંબંધિત મુદ્દાઓનું હસ્તાંતરણ, પાણી પુરવઠા સાથે સંબંધિત મુદ્દાઓ, હરાજી કરાયેલી ખાણો કાર્યરત કરવી, કોમન સર્વિસ સેન્ટર ખાતે રોકડ જમા કરાવવાની સુવિધા, બેંક શાખાઓ/પોસ્ટલ બેંકિંગ સુવિધાઓ દ્વારા ગામડાઓને આવરી લેવા, મહિલાઓ અને બાળકો વિરુદ્ધ જાતીય ગુના/બળાત્કારના કેસોની ઝડપી તપાસ, બળાત્કાર અને પોક્સો ધારાના કેસોના ઝડપી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક સ્પેશ્યલ કોર્ટ (એફટીએસસી)ની યોજનાનો અમલ, ગામડાઓમાં કુટુંબોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે રાજ્યો દ્વારા ભારત નેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ, 5G લાગુ કરવા માટે રાજ્યો દ્વારા ટેલિકોમ રોડબલ્યુ નિયમો અપનાવવા, મોટર વાહનોનો અમલ (વાહન સ્ક્રેપિંગ સુવિધામાં સુધારાની નોંધણી અને કામગીરી) નિયમોનો અમલ, ૨૦૨૨, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (પીએસીએસ) ને મજબૂત કરવી સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઝોનલ કાઉન્સિલના સભ્યોને મહત્ત્વના ત્રણ રાષ્ટ્રીય મુદ્દાઓ - પોષણ અભિયાન, શાળા છોડવાનો દર ઘટાડવા અને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ દરેક ગરીબ સુધી પહોંચાડવા માટે સંવેદનશીલતાપૂર્વક



કામ કરવા જણાવ્યું હતું. તેમણે ઝોનલ કાઉન્સિલની ભૂમિકાની પ્રશંસા કરતાં ઉલ્લેખ કર્યો હતો કે, ઝોનલ કાઉન્સિલ ભલે સલાહકાર સ્વરૂપે હોય, પણ છેલ્લાં થોડાં વર્ષોમાં તેઓ વિવિધ ક્ષેત્રોમાં પારસ્પરિક સમજણ અને સહકારના સ્વસ્થ જોડાણને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ પરિબળ સાબિત થઈ છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, ઝોનલ કાઉન્સિલ સહકારી સંઘવાદ માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે તથા રાજ્યો વચ્ચેની સમસ્યાઓનું સમાધાન કરવા માટે મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. સમગ્ર સરકારી અભિગમ, જે બંધારણની ભાવના અનુસાર સંમતિપૂર્ણ ઉકેલમાં માને છે. બેઠકમાં સભ્ય દેશો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા અપનાવવામાં આવેલી સારી પ્રથાઓને પણ વહેંચવામાં આવી હતી.

તેમણે દેશના સર્વાંગી વિકાસને હાંસલ કરવા માટે સહકારી અને સ્પર્ધાત્મક સંઘવાદનો લાભ ઉઠાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનનો ઉલ્લેખ કર્યો હતો કે, ઝોનલ કાઉન્સિલ એક કે વધારે રાજ્યો કે કેન્દ્ર અને રાજ્યોને અસર કરતા મુદ્દાઓ પર સતત આધાર પર સંવાદ અને ચર્ચા માટે એક માળખાગત વ્યવસ્થા મારફતે આ પ્રકારના જોડાણને પ્રોત્સાહન આપવા મંચ પ્રદાન કરે છે. આ ભાવનામાં મજબૂત રાજ્યો એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, પશ્ચિમ ઝોન દેશનો મહત્ત્વપૂર્ણ ઝોન છે અને દેશની જીડીપીમાં ૨૫ ટકાનું પ્રદાન ધરાવતો આ વિસ્તાર ફાઇનાન્સ, આઇટી, ડાયમંડ, પેટ્રોલિયમ, ઓટોમોબાઇલ અને સંરક્ષણનું કેન્દ્ર છે. તેમણે કહ્યું કે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલના સભ્યો લાંબા દરિયાકિનારા વહેંચે છે જ્યાં અત્યંત સંવેદનશીલ સંસ્થાઓ અને ઉદ્યોગો છે અને ચુસ્ત સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નોની જરૂર છે.

ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સંસદમાં મોદી સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા ત્રણ નવા બિલ - ભારતીય ન્યાય સંહિતા બિલ - ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા બિલ - ૨૦૨૩ અને ભારતીય શક્તિ બિલ - ૨૦૨૩ - પસાર થયા પછી, કોઈ પણ કેસ ૨ વર્ષથી વધુ સમય સુધી ચાલુ રાખી શકશે નહીં, જેના પરિણામે ૭૦% નકારાત્મક ઊર્જા નાબૂદ થશે. તેમણે તમામ રાજ્યોને આ કાયદાઓના અમલીકરણ માટે જરૂરી મૂળભૂત માળખાગત સુવિધા અને ક્ષમતા બનાવવાની દિશામાં કામ કરવા જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નવું શરૂ કરવામાં આવેલું પોર્ટલ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજોનો ભંડાર છે. આ ડિજિટલ સંસાધનનો ઉપયોગ કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો તેમજ રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા થઈ શકે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બેઠકના યજમાન રાજ્ય તરીકેની ગુજરાતને મળેલી તક અંગે આભાર વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકાર દ્વારા ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ઈ-સરકાર પોર્ટલનાં વ્યાપક ઉપયોગથી અસરકારક, પારદર્શી અને નિશ્ચિત સમય મર્યાદામાં લોકપ્રશ્નો રજૂઆતોનું નિવારણ અને યોજનાઓનું સુચારુ અમલીકરણ થાય છે તેની ભૂમિકા આપી હતી. આ બેઠકમાં સહભાગી રાજ્યોની ગુડ પ્રેક્ટિસીસ શેરિંગ અન્વયે ગુજરાતનાં ઈ-સરકાર પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે તે માટે તેમણે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલના અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીનો આભાર માન્યો હતો.

આ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવાના મુખ્યમંત્રીશ્રીઓ તથા દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના વહીવટકર્તાઓ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તથા અન્ય વિશિષ્ટ મંત્રીઓ, પશ્ચિમ ઝોનનાં રાજ્યોનાં મુખ્ય સચિવો, કેન્દ્રીય ગૃહ સચિવ, આંતર-રાજ્ય પરિષદ સચિવાલયનાં સચિવ તથા રાજ્યો અને કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## માતપુર-બ્રાહ્મણવાડા ઉદવહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ

# મહેસાણા - પાટણ જિલ્લાની જમીનને સિંચાઇનો લાભ મળશે



ગુજરાત સરકારે રાજ્યના તમામ વર્ગ અને વિસ્તારના સર્વાંગી વિકાસની દરકાર કરી છે. રાજ્યના ખેડૂતોને પૂરતી વીજળી, સિંચાઈ, સારા બિયારણ મળી રહે તેની ચિંતા ગુજરાત સરકારે કરી છે. તેમજ વિવિધ વિકાસ પ્રકલ્પો દ્વારા ખેડૂતોને મદદ મળી રહી છે. તાજેતરમાં આ ઉપક્રમને આગળ વધારતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસાણાના ઊંઝા ખાતેથી માતપુર-બ્રાહ્મણવાડા ઉદવહન સિંચાઈ યોજનાનું અને ઊંઝા નગરપાલિકાના સરદાર વલ્લભભાઇ પટેલ ટાઉનહોલનું લોકાર્પણ કર્યુ હતુ.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ દેશનો શ્રેષ્ઠ વિકાસ થઇ રહ્યો છે. ભારતનું ગૌરવ વિશ્વમાં વધી રહ્યું છે. તેમણે ચંદ્રયાન-૦૩ના ચંદ્રની ધરતી પર સફળ લેન્ડીંગને ભારતની યશોગાથાના મહત્ત્વપૂર્ણ અધ્યાય તરીકે ગણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે વિકસિત ગુજરાતના નિર્માણ થકી વિકસિત ભારતના નિર્માણ માટે સૌને પ્રતિબધ્ધ બનવા આહવાન કરી જણાવ્યું હતું કે સરકાર હંમેશાં ખેડૂતોની સાથે રહી છે અને તેમની સાથે રહેવાની છે.

વરસાદ ખેંચાવાની સ્થિતિમાં ખેતી અને ખેડૂતને સહન કરવું પડે નહીં તે માટે રાજ્ય સરકારે કૃષિ માટે દશ કલાક વીજળી આપવા અને જરૂર પડે સિંચાઇ માટે નહેરોમાં પાણી છોડવા નિર્ણય લીધો છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,ભાવિ પડકારોના સામના માટે વર્તમાન સમયની સજ્જતા માટે રાજ્ય સરકાર હમેશાં સજાગ છે. ભવિષ્યની જરૂરીયાતનો વિચાર કરીને રાજ્ય સરકાર વિકાસ કામોની કાર્યયોજના તૈયાર કરે છે,તેમણે પ્રત્યેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણને જળસંચય માટેનું મહત્વપૂર્ણ કાર્ય ગણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકાસ કાર્યોની સાથે સાથે પર્યાવરણની સુરક્ષાને પણ મહત્ત્વ આપવું પડશે ગ્લોબલ વાર્મિંગ જેવી સમસ્યાના સામના માટે પ્રદુષણને અટકાવવા ઉપરાંત જળસંચય અને વૃક્ષારોપણના મહત્ત્વને પણ સમજવું પડશે. તેમણે સિંગલ યુઝ પ્લાસ્ટીકના ઉપયોગને નિયંત્રિત કરવા અનુરોધ કર્યો હતો અને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ દેશભરમાં ચાલી રહેલા મિશન લાઇફ અભિયાનને મહત્ત્વપૂર્ણ ગણાવ્યું હતું.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૬૯ કરોડ રૂપિયાની મહત્વાકાંક્ષી યોજનાથી મા નર્મદાનું અવતરણ અહીંની ધરતી પર થયું છે. ઉત્તર ગુજરાતની ધરતીને નવપલ્લવિત કરી ખેડૂતોની સમૃધ્ધિ થાય તે દિશામાં સરકાર વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં અને મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં કામ કરી રહી છે.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ઉત્તર ગુજરાતને ઉત્તમ ગુજરાત બનાવવા માટે અનેક વિકાસ કાર્યો કર્યા છે. સુજલામ સુફલામ યોજના સહિત નદીમાં બેરેજ બનાવી જમીનના તળ ઊંચા આવે તે દિશામાં સરકાર કામ કરી રહી છે.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ઉમેર્યું હતું કે ખેડૂતોના ખેતર સુધી પાણી લાવવાનું ભગીરથ કાર્ય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ટીમ ગુજરાત દ્વારા થઇ રહ્યું છે. રાજ્ય વિકાસની નવી ઊંચાઇ તરફ આગળ વધી રહ્યુ છે ત્યારે ખેડૂતો અને ગામડું સમૃધ્ધ થાય તે માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

ઉત્તર ગુજરાતને ઉત્તમ બનાવવાના સંકલ્પ સાથે સરકાર કામ કરી રહી છે તેમ જણાવતાં જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, છેવાડાના ખેડૂતોના ખેતર સુધી પાણી પહોચે તેમજ દરેકને કામ કરે તે માટે હર ખેત કો પાની, હર હાથ કો કામ આ સૂત્રને





સાકાર કરવા સરકાર કટિબદ્ધ છે. પાણી પુરવઠામંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જળવ્યવસ્થાપનની વિવિધ યોજનાઓ હેઠળ જળસંચયથી ભૂગર્ભ રિચાર્જથી સુકી જમીનને હરિયાળી બનાવવાનું કામ સરકાર દ્વારા કરાઇ રહ્યું છે

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે રૂ. ૬૭.૬૯ કરોડના ખર્ચે નિર્મિત નહેર આધારિત બ્રાહ્મણવાડા ઉદવહન સિંચાઈ યોજનાથી ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકા, વિસનગર તાલુકા અને પાટણ તાલુકાના ખેડૂતોને સિંચાઈ સહિતની સગવડો મળશે. તેમણે ખેડૂતોને અટલ ભૂજલ યોજના અંતર્ગત ગુજરાત પ્રોત્સાહક યોજના અંગે માહિતી આપીને તેનો લાભ લઈ સૂક્ષ્મ સિંચાઈથી ખેતી સમૃદ્ધ કરવા માટે આહવાન કર્યું હતું. પાણી પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નર્મદા નહેરથી ગામ તળાવો ભરવાની ત્રણ કિલોમીટરની મર્યાદા દૂર કરવાની સૂચના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડૂતોના વ્યાપક હિતમાં આપી છે.

આ પ્રસંગે સાસંદ શ્રી શારદાબેન પટેલ, સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદભાઈ પરમાર, ધારાસભ્યો સર્વે શ્રી કીરીટભાઇ પટેલ, મુકેશભાઇ પટેલ, સુખાજી ઠાકોર, કરશનભાઇ સોલંકી, સરદારભાઇ ચૌધરી, પૂર્વ ગૃહમંત્રી રજનીભાઇ પટેલ, અગ્રણી ગીરીશભાઇ રાજગોર, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના ચેરમેન શ્રી કે. બી. રાબડીયા, જિલ્લા કલેક્ટર એમ. નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અચલ ત્યાગી સહિત ઊંઝા શહેર, તાલુકા, મહેસાણા અને પાટણ જિલ્લાના પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## કોસ્ટગાર્ડના DGએ મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાત લીધી

*ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના ડિરેક્ટર જનરલ શ્રી રાકેશ પાલે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. શ્રી રાકેશ પાલ એ નવી દિલ્હીમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના હેડ ક્વાર્ટર્સ ખાતે ૨૫માં ડિરેક્ટર જનરલ તરીકેનો પદભાર સંભાળ્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે આ સૌજન્ય મુલાકાત બેઠક યોજી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરના બિપરજોય વાવાઝોડાની આફત સમયે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા હાથ ધરાયેલી બચાવ-રાહત સહિતની કામગીરી અને દરિયાઈ સુરક્ષા માટે કોસ્ટગાર્ડના અન્ય ઓપરેશન્સની સિદ્ધિઓ વિશે જાણીને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની રાષ્ટ્ર રક્ષાની સેવાની સરાહના કરી હતી.* ●



## રાજ્યની ગૌશાળા-પાંજરાપોળો માટે

# મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાના સહાયના ધોરણમાં સુધારો



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ગૌશાળા-પાંજરાપોળોના વિશાળ હિતમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં સહાયનાં ધોરણોમાં મહત્ત્વપૂર્ણ સુધારો કર્યો છે. જે ગૌશાળા-પાંજરાપોળ એક જ રજિસ્ટ્રેશન ધરાવતી હોય, પરંતુ એક કરતાં વધુ સ્થળે પશુ નિભાવ શેલ્ટર હોમ હોય તેવી સંસ્થાઓને શાખા દીઠ વધુમાં વધુ ૩ હજાર પશુની મર્યાદામાં પશુ દીઠ રોજના રૂ.૩૦ પ્રમાણે સહાય અપાશે.

સમસ્ત મહાજન દ્વારા રાજ્યની ગૌશાળા પાંજરાપોળોને સ્વાવલંબન માટે રૂ. ૨.૫૧ કરોડની સહાયના ચેક અર્પણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજનાનો લાભ મેળવવા માંગતી સંસ્થાઓએ હવે આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આવી સહાયની રકમ જે તે સંસ્થાને DBTથી સીધી જ તેના બેન્ક ખાતામાં જમા આપવામાં આવશે.

આ સહાય વિતરણ અંગે યોજાયેલા સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, જીવદયાનાં કાર્યોથી લઈને છેવાડાના નાનામાં નાના માનવીના વિકાસ સુધીની વિવિધ યોજનાઓમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનભાગીદારી-પીપીપીના મોડલ દ્વારા વિકાસની રાજનીતિની ગતિ વધુ વેગવંતી બનાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ અબોલ પશુઓની સારસંભાળ અને રખરખાવ કરતી આવી સેવા સંસ્થાઓના ઉત્તમ કાર્યોમાં સરકાર યોગ્ય મદદ-સહાયથી પડખે ઊભી રહેવા તત્પર છે તેવા વિશ્વાસ આપ્યો હતો. તેમણે ઉમેર્યુ હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય સુધારવા પ્રાકૃતિક ખેતીથી બેક ટુ બેઝિકનું આગવું વિઝન આપ્યું છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળીને રાસાયણિક ખાતરથી ઉત્પન્ન થતા અનાજથી મુક્તિ સાથોસાથ પશુધનની પણ સારી રીતે માવજત થઈ શકશે.

મુખ્યમંત્રીશ્રીએ ગૌશાળા-પાંજરાપોળોને સમયસર સહાય મળી રહે તે માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ભગવાન મહાવીર સ્વામીના 'જીવો અને જીવવા દો'ના સૂત્રને પશુઓની નિભાવણી દ્વારા ગૌશાળા-પાંજરાપોળો આત્મસાત કરે છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીના દૃષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યમાં ગૌવંશ માટે રૂ. ૫૦૦ કરોડના પ્રાવધાન સાથે શરૂ કરાયેલી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે સમસ્ત મહાજન દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રીશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકોને સહાયના ચેક અર્પણ કરવા ઉપરાંત રાજસ્થાનની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકોનું જીવદયાના આ અદકેરા કાર્ય માટે સન્માન કર્યું હતું.

કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગૌસંવર્ધન માટે શરૂ કરેલા વિવિધ કાર્યક્રમો ગૌચર વિકાસ બોર્ડ, ગૌસેવા આયોગ, પશુ રસીકરણ, પશુ આરોગ્ય મેળાઓ વગેરેથી પશુસંવર્ધન અને પશુસુધારણા માટે ઉમદા કામગીરી કરી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાના કપરાકાળમાં પણ રાજ્ય સરકારે આત્મનિર્ભર ગુજરાત યોજના હેઠળ દરેક સંસ્થાને પશુ દીઠ રૂ. ૨૫ લેખે રોકડ સહાય સતત ૭ માસ સુધી કરી હતી અને રૂ. ૨૨૧ કરોડની સહાય કરીને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

કૃષિ મંત્રી શ્રી પટેલે ગૌશાળા-પાંજરાપોળો જેવી સંસ્થાઓને કેન્દ્ર-રાજ્યની ગોબરધન સહિતની જુદી - જુદી યોજનાઓનો લાભ લઈ આર્થિક ઉપાર્જન થકી કાયમી ધોરણે આત્મનિર્ભર અને સ્વાવલંબી બને તે માટે પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તેમજ વિધાનસભાના ઉપદંડક શ્રી જગદીશભાઈ મકવાણા, પૂર્વ ધારાસભ્ય શ્રીમતી વર્ષાબહેન દોશી સહિત રાજ્યની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકો-ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# કચ્છની 'સેવા-સાધના' સંસ્થાની પ્રેરણાથી ૧૬ મકાનોનું નિર્માણ

છેવાડાના માનવીઓને પણ મુખ્યધારાના વિકાસથી લાભાન્વિત થાય તે માટે સરકાર અને સંસ્થાઓ સતત કામગીરી કરી રહી છે. ભુજના શ્રી રામદેવનગર હાજીપીરમાં લંડનનાં 'મેક એ ચેન્જ ફાઉન્ડેશન' સહયોગથી અને કચ્છની 'સેવા-સાધના' સંસ્થાની પ્રેરણાથી ૧૬ મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેનું તાજેતરમાં લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ લાભાર્થીઓને પ્રતીકરૂપે ગૃહપ્રવેશ કરાવ્યો હતો. તેમણે શ્રી રામદેવનગરના મંદિરમાં દર્શન કરીને વૃક્ષારોપણ પણ કર્યું હતું.



આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકાસ કેવો હોય અને કેવી રીતે થાય તેની પ્રતીતિ વડાપ્રધાનશ્રીએ વિશ્વ અને દેશને કરાવી છે. વડાપ્રધાનશ્રીનો એવો અભિગમ રહ્યો છે કે, કોઈપણ સરકારી યોજનાના કેન્દ્રમાં છેવાડાના માણસ હોય. છેવાડાના નાગરિકો માટે વિકાસકાર્યો કરવામાં થોડી મુશ્કેલીઓનો આવતી હોય છે. જોકે, મેક એ ચેન્જ ફાઉન્ડેશને ખૂબ સારું કામ કરીને ૧૬ પરિવારના માટે મકાનોનું નિર્માણ કરી શ્રી રામદેવનગરની સ્થાપના કરી છે. સંસ્થાઓની કામગીરીને બિરદાવી મુખ્યમંત્રીશ્રી જણાવ્યું હતું કે, જે લોકોની પાંચ-પાંચ પેઢીએ છત નહોતી જોઈ એવા પરિવારોને આજે પોતીકાં મકાન મળ્યાં છે.

આ પ્રસંગે સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય સર્વશ્રી કેશુભાઈ પટેલ, અનિરુદ્ધભાઈ દવે, માલતીબહેન મહેશ્વરી, વિરેન્દ્રસિંહ જાડેજા, ત્રિકમભાઈ છાંગા, પ્રદ્યુમ્નસિંહ જાડેજા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પારૂલબહેન કારા, ભુજ તાલુકાના પ્રમુખ શ્રી મંજુલાબહેન ભંડેરી સહિત સંસ્થાના આગેવાનો, દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે નાઉરુના હાઇકમિશનર

નાઉરુના ભારત સ્થિત હાઇકમિશનર કુમારી માર્લેન મોસેસએ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વતન રાજ્ય ગુજરાતની મુલાકાતથી ભાવવિભોર થતાં કુમારી માર્લેને કહ્યું કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં ગુજરાતે રિન્યુએબલ એનર્જી, હેલ્થ, ક્લાઈમેટ ચેન્જ સહિત વિકાસના સર્વગ્રાહી ક્ષેત્રમાં અપ્રતિમ પ્રગતિ સાધી છે.

નાઉરુ જેવા નાના પ્રજાસત્તાક રાષ્ટ્રએ ગુજરાતના આ વૈશ્વિક વિકાસમાંથી ઘણું શીખવાનું છે એમ તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. નાઉરુ ૨૧ સ્ક્વેર કિ.મીટરના વિસ્તારમાં પથરાયેલું અને ૧૦ હજારની વસ્તી ધરાવતું નાનું રાષ્ટ્ર છે તથા ભારત અને જાપાન બે મોટા રાષ્ટ્ર સાથે ઉષ્માપૂર્ણ સંબંધો ધરાવે છે એમ તેમણે ઉમેર્યું હતું. એટલું જ નહીં, ભારત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વમાં વિકસિત રાષ્ટ્ર બનવા સજ્જ થયું છે તેનો આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમુદ્રતટ અને ફોસ્ફેટની વિપુલ માત્રા ધરાવતા નાઉરુએ ક્લાઈમેટ ચેન્જની સમસ્યાને પહોંચી વળવા જે ઉપાયો હાથ ધર્યા છે તે જાણવા આ બેઠકમાં ઉત્સુકતા દર્શાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ૧૬૦૦ કિ.મીટર લાંબો દરિયા કિનારો ગુજરાત પાસે છે અને ક્લાઈમેટ ચેન્જની અસરો સામે ગુજરાત પણ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં સંવેદનશીલ છે.

નાઉરુના હાઇકમિશનરશ્રીએ તેમના દેશમાં લોકોને સમુદ્રતટથી ઊંચાઈવાળા અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવાના ઉપાયો ક્લાઈમેટ ચેન્જ સામે હાથ ધર્યા છે તેમ આ બેઠકમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં જણાવ્યું હતું કે, ક્લાઈમેટ ચેન્જ અનુકૂલન પગલાંઓ અંગે ગુજરાત-નાઉરુ વચ્ચે સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ અને નોલેજ શેરિંગ માટે સહયોગની સંભાવનાઓ રહેલી છે. એનર્જી સિક્યુરિટી માટે પણ ગુજરાત લીડ લઈ રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

નાઉરુએ ક્લાઈમેટ ચેન્જ સામેના કારગત ઉપાયો માટે એક આંતરરાષ્ટ્રીય સંસ્થા પાસે પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવ્યો છે તેવી હાઇકમિશનર શ્રી માર્લેને જાણકારી આપી હતી. આ મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તથા ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર પણ ઉપસ્થિત રહ્યા હતા. ●



## ખેડૂતો-નાગરિકોની સમસ્યાનું નિવારણ જિલ્લાકક્ષાએ આવે : CM



ખેડૂત ખાતેદારો, સામાન્ય નાગરિકોને પોતાની નાની-નાની રજૂઆતો માટે રાજ્ય સ્વાગત સુધી આવવું જ ન પડે તેવી સમસ્યા નિવારણ વ્યવસ્થા જિલ્લા કક્ષાએ જ સુનિશ્ચિત કરવામાં આવે, તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના જિલ્લા ક્લેક્ટરશ્રીએ અને જિલ્લા વિકાસ અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જન ફરિયાદ નિવારણના ઓનલાઈન ઉપક્રમ રાજ્ય સ્વાગતમાં રજૂઆત માટે આવેલા અરજદારોની રજૂઆત સાંભળી તેના ત્વરિત અને યોગ્ય નિવારણ માટે ક્લેક્ટરશ્રીએ - વિકાસ અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, સંપાદનમાં ગયેલી જમીન અંગેનું ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર મેળવવા, વળતર રકમની વિસંગતતા તથા જાહેર રસ્તા પર થયેલ દબાણ હટાવવા જેવા પ્રશ્નોનું નિરાકરણ જિલ્લા સ્વાગતમાં સ્થાનિક વહીવટી તંત્ર જ લાવી દે તો સામાન્ય માનવી, ગ્રામીણ ખેડૂતોને ગાંધીનગર રાજ્ય સ્વાગતમાં આવવાની જરૂરિયાત જ ન ઊભી થાય.

આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ શહેરી વિકાસ, મહેસૂલ, પંચાયત, ગૃહ વિભાગના તેમજ ગેરકાયદે બાંધકામ દૂર કરવું તથા રહેઠાણ પાસે ગટરલાઈન અને પાકો રસ્તો બનાવી આપવા જેવા વિષયોને સ્પર્શતા પ્રશ્નો રજૂ થયા હતા.

એટલું જ નહિ મુખ્યમંત્રીશ્રીએ ઓઈલ કંપનીની પાઈપલાઈન નાખવામાં અસર થતા બનાસ કાંઠાના ૮૦૦ જેટલા ખેડૂતોને વળતર ચૂકવવા અંગેના પ્રશ્ને જરૂરી સૂચનાઓ આપી આ પ્રશ્ન હલ કરાવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગેરકાયદે બાંધકામ, છેતરપિંડી, જમીન માપણીની ક્ષતિઓ જેવી બાબતોમાં સખતાઈથી કામ લેવા પણ જિલ્લા વહીવટી તંત્રોને તાકીદ કરી હતી.

સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણની આ શ્રૃંખલામાં ૧૨ જેટલા પ્રશ્નો રજૂ થયા હતા. ઑગસ્ટ મહિના દરમિયાન જિલ્લા, તાલુકા અને ગ્રામ સ્વાગતમાં કુલ-૫૦૧૦ રજૂઆતો માંથી ૭૭.૫૮ ટકા એટલે કે ૩,૮૮૭ રજૂઆતોનું સુખદ નિવારણ લાવી દેવાયું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતા. ●

## પંચાયતના કર્મયોગીઓની બદલી બની ફેસલેસ-પેપરલેસ અને ટ્રાન્સપરન્ટ

રાજ્ય સરકારના પંચાયત સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ ના ૧૧૭૯ કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલીની કાર્યવાહીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરીની મહોર મારી છે. મુખ્યમંત્રીશ્રીના દ્દષ્ટિવંત નેતૃત્વમાં વહીવટમાં ટ્રાન્સપેરન્સી અને એફિશિયન્સીને વેગવંતી બનાવવાના વિઝન સાથે ઓનલાઈન, ફેસલેસ અને ટ્રાન્સપરન્ટ એવી આ બદલી પ્રક્રિયાનો અભિગમ પંચાયત વિભાગે પ્રથમવાર અપનાવ્યો છે.

આવી આંતર જિલ્લાઓની બદલીઓ માટેની અરજીઓમાં જેમને અગ્રતા આપવામાં આવી છે. તેમાં દિવ્યાંગ કર્મચારીઓને, પતિ-પત્નીની નોકરીના કિસ્સામાં પતિ અથવા પત્નીએ જે જિલ્લામાં આંતર જિલ્લા ફેરબદલીથી જવા માટે અરજી કરી હોય તે જ જિલ્લામાં તેમના પતિ અથવા પત્ની ફરજ બજાવતાં હોય તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, જે કર્મચારીને પોતાને અથવા તેના પરિવારમાં માતા-પિતા, પતિ-પત્ની, બાળકોને આરોગ્યની સમસ્યા ધરાવતાં હોય તેવા કર્મચારીઓને પ્રાથમિકતા આપવામાં આવે છે. આ આંતર જિલ્લા ફેરબદલીનો લાભ તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક, ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટિ પર્પઝ હેલ્થ વર્કર, અને ગ્રામ સેવક સહિતની કુલ ૨૨ જેટલા સંવર્ગની જગ્યાઓ માટે ૧૧૭૯ કર્મચારીઓને મળશે.

આ ફેરબદલીમાં યોગ્ય કર્મચારીઓને લાભ મળે તેમજ કોઈ ગેરરીતિને અવકાશ ન રહે તેવા કર્મયોગી હિતકારી અભિગમ સાથે પંચાયત વિભાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આવી આંતર જિલ્લા ફેરબદલીની સમગ્ર પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કર્યો છે.

પંચાયત વિભાગે મુખ્યમંત્રીશ્રીના દિશા-નિર્દેશનોને પગલે ભરતી પ્રક્રિયા કેલેન્ડર વધુ સુગ્રથિત બનાવ્યું છે. આ કેલેન્ડર મુજબ તારીખ ૧૫ ઑક્ટોબર ૨૦૨૩ સુધીમાં તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક અને ગ્રામ સેવકોની ભરતી અંગેની જિલ્લા પસંદગી કાર્યવાહી સહિતની સમગ્ર કામગીરી પૂર્ણ કરી દેવાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ નિર્ણયને પરિણામે કર્મચારીઓને પોતાની પસંદગીના જિલ્લામાં કામ કરવાની તક મળવાથી તેમની કાર્યક્ષમતા અને કામની ગુણવત્તામાં પણ વૃદ્ધિ થશે. ●

## શેલ એનર્જી ઊર્જા ક્ષેત્રે ગુજરાતમાં રૂ. ૩૫૦૦ કરોડનું રોકાણ કરશે



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ માટે બેંચમાર્ક તરીકે પ્રસ્થાપિત કરતી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજન હાથ ધર્યા છે. તેના ભાગરૂપે ઊર્જા ક્ષેત્રની અગ્રગણ્ય કંપની શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ગુજરાતમાં ૩૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તાજેતરમાં આ અંગેના MoU રાજ્ય સરકાર અને શેલ એનર્જી વચ્ચે ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા.

આ ઉપક્રમના ચોથા તબક્કામાં ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તાજેતરમાં એક MoU કરવામાં આવ્યો હતો. શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ આ MoU અન્વયે રૂ. ૨૨૦૦ કરોડના રોકાણ સાથે ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ૧૨૦૦ એકરમાં રિન્યૂએબલ એનર્જી ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપશે. આ પ્લાન્ટ દ્વારા અંદાજે એક હજારથી વધુ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી મળશે તેમજ સંભવત: ૨૦૨૬ સુધીમાં આ પ્લાન્ટમાં વાણિજ્યિક ઉત્પાદન શરૂ થઈ જશે.

આ ઉપરાંત રાજ્યમાં વિવિધ સ્થળોએ ફ્યુઅલ રિટેલિંગ, EV રિચાર્જ સ્ટેશન ક્ષેત્રે શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. ૮૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે તથા અંદાજે બે હજાર લોકોને રોજગારી આ ક્ષેત્ર પૂરી પાડશે. તેમના આ પ્રોજેક્ટ આગામી ૨૦૨૭ સુધીમાં કાર્યરત થવાના છે.

રાજ્ય સરકાર સાથે કરેલા આ MoU અનુસાર શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ LNG રિગેસિફિકેશન ટર્મિનલ, એસેટ ઇન્ટિગ્રિટી રિજુવેનેશન અને ડેબોટલનેકિંગ પ્રોજેક્ટમાં રૂ. ૫૦૦ કરોડનું રોકાણ કરવાની છે. આ પ્રોજેક્ટમાં ૩૭૫ લોકોને રોજગાર અવસર મળતા થશે તથા આ પ્રોજેક્ટ પણ સંભવત: ૨૦૨૭ સુધીમાં વાણિજ્યિક ઉત્પાદન કરતો થઈ જશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ તકે જણાવ્યું હતું કે, રાજ્યમાં ઉદ્યોગ રોકાણકારોને ત્વરાએ ઉદ્યોગો શરૂ કરવામાં સરળતા રહે તેવું વાતાવરણ બન્યું છે અને ઉદ્યોગકારોને મુશ્કેલી ન પડે તથા સરકાર અને ઉદ્યોગો સાથે મળીને રાજ્યના વિકાસની ગતિ વધુ વેગવંતી બનાવે તેવી આપણી નેમ છે.

આ MoU સાઇનિંગ અવસરે મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન, ઊર્જા વિભાગનાં અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર શ્રી સંદીપ સાંગલે, સંયુક્ત કમિશનર શ્રી કુલદીપ આર્ય તથા ઈન્ડેક્સ્ટ-બી ના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## રાજ્યમાં એક હજાર કરોડનાં મૂડીરોકાણ માટે MOU

વાયબ્રન્ટ સમિટના પૂર્વાર્ધ રૂપે દર અઠવાડિયે વિવિધ ઉદ્યોગ રોકાણકારો સાથે રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટેના MoUનો ઉપક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી પ્રયોજવામાં આવી રહ્યો છે. આ ઉપક્રમના પાંચમાં તબક્કામાં ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં રૂ. ૧ હજાર કરોડના રોકાણો માટે વધુ ચાર MoU કરવામાં આવ્યા હતા.

તદઅનુસાર ટેક્ષટાઇલ, ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, પેકેજીંગ ઉદ્યોગ માટે ટકાઉ પર્યાવરણીય પ્રોજેક્ટનાં ક્ષેત્રોમાં કુલ રૂ. ૧ હજાર કરોડના સંભવિત મૂડીરોકાણ અને ૧૦ હજારથી વધુ રોજગાર અવસર ઉપલબ્ધ કરાવતા MoU થયા હતા. આ MoUમાં અમદાવાદ જિલ્લાના કેરાલા GIDCમાં કંપોઝિટ ટેક્ષટાઇલ યુનિટ, માંડલ તાલુકાના માનપુરામાં ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા માટે, નવસારીના જલાલપોર તાલુકાના વેસ્મા અને કાળાકાછા ઔદ્યોગિક પાર્ક માટે આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા, ધોળકા-બગોદરા રોડ પર ગાંગડમાં બોટલના રિસાયક્લિંગ માટે ટકાઉ પર્યાવરણીય પ્રોજેક્ટ જમ્બો બેગ્સ PET (PET બોટલ ટુ બેગ) નો પ્રોજેક્ટ શરૂ થશે.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪નાં પૂર્વાર્ધરૂપે પ્રતિ સપ્તાહે યોજવામાં આવતા MoU સાઈનીંગ ઉપક્રમની ચાર તબક્કામાં રાજ્યમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે કુલ રૂ. ૭,૩૭૪ કરોડના રોકાણોના ૧૫ MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ ૧૦,૮૦૦ થી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ તકે જણાવ્યું હતું કે, રાજ્યમાં ઉદ્યોગ રોકાણકારોને ત્વરાએ ઉદ્યોગો શરૂ કરવામાં સરળતા રહે તેવું વાતાવરણ બન્યું છે અને ઉદ્યોગકારોને મુશ્કેલી ન પડે તથા સરકાર અને ઉદ્યોગો સાથે મળીને રાજ્યના વિકાસની ગતિ વધુ વેગવંતી બનાવે તેવી આપણી નેમ છે. આ MoU સાઈનીંગ અવસરે મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે હૈદર, ઉદ્યોગ કમિશનર શ્રી સંદીપ સાંગલે, સંયુક્ત કમિશનર શ્રી કુલદીપ આર્ય તથા ઈન્ડેક્સ-બીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## અંકલેશ્વરમાં કેન્સરના દર્દી માટે સુવિધાઓ ઉપલબ્ધ બની

અંકલેશ્વર ખાતે શ્રીમતી જયાબેન મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલમાં જે. બી. મોદી કેન્સર સેન્ટરની વિવિધ સુવિધાઓનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા ગુજરાતના બહુઆયામી માળખાકીય વિકાસનો લાભ છેવાડાના માનવીને મળી રહ્યો છે. ગુણવત્તાયુક્ત માળખાકીય વિકાસના કારણે ગુજરાતના દરેક વિસ્તારમાં ઉદ્યોગ-ધંધાઓ વિકસાવવા રાજ્ય સરકારે પરિણામકારી પ્રયાસ કર્યો છે. જેના પરિણામે નાનાં ગામડાંઓ-શહેરોમાં અત્યાધુનિક સુવિધા ધરાવતી હૉસ્પિટલોને દર્દીઓની સ્વાસ્થ્ય-સુખાકારી વધી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિથી છેવાડાના માનવીને સરકારની યોજનાઓ પહોંચાડીને દેશ અને દુનિયાનમાં એક નવો આયામ પ્રસ્થાપિત કર્યો છે. જેથી તેમનો 'આત્મા ગામડાનો, સુવિધા શહેરોની' સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. રાજ્ય સરકારે હરહંમેશ સામાજિક સંગઠનો દ્વારા કરવામાં આવતી પ્રજાલક્ષી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. જેના પરિણામે ગ્રામ્યસ્તરે મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલ બની રહી છે. તેની સુવિધાઓનો લાભ ગામની આજુબાજુના લોકોને પણ મળતો થયો છે. મુખ્યમંત્રીશ્રીએ અંકલેશ્વર સ્થિત શ્રીમતી જયાબેન મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલના જે. બી. મોદી કેન્સર સેન્ટર ખાતે અંદાજિત રૂ. ૭.૬ કરોડ મૂલ્યના PET-CT સ્કેન મશીનનું લોકાર્પણ કર્યું હતું તેમજ કેન્સરના દર્દીઓ માટે પર્સનલ હાઈજીન કિટ સહિત પોષણ રક્ષક કિટની સુવિધા શરૂ કરાવી હતી.

પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના છેવાડાના લોકોના આરોગ્યની દરકાર સરકારે કરી છે. PM-JAY કાર્ડને કારણે નાગરિકોને સ્વાસ્થ્યલક્ષી સુવિધાઓ મેળવવામાં આર્થિક સંકટ દૂર થયું છે અને ઉત્તમ સારવાર મેળવવામાં હવે કોઈ બાધ રહ્યો નથી. રાજ્ય સરકાર દ્વારા PM-JAY કાર્ડની કુટુંબદીઠ મર્યાદા ૫ લાખથી વધારીને ૧૦ લાખની કરવામાં આવી છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ G-20નો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ જ્યારે G-20ની પ્રેસિડેન્સી સંભાળી રહ્યો છે ત્યારે ગાંધીનગર ખાતે ટ્રેડિશનલ મેડિસિન પર સરકાર ભાર આપી રહી છે.




આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, અંકલેશ્વર જીઆઈડીસીએ સામાજિક દાયિત્વ પણ નિભાવ્યું છે. એટલે જ ઔદ્યોગિક એકમોના લોકફાળાના કારણે આ વિસ્તારને અત્યાધુનિક સુવિધા ધરાવતી હૉસ્પિટલ મળી છે.

કેન્સરની શરૂઆતથી અંત સુધી તમામ સગવડ એક જ છત હેઠળ મળી રહે તેવી સુવિધા ઊભી કરવામાં આવી છે.આ વેળાએ પોષણ રક્ષક ન્યુટ્રિશિયન પ્રોગ્રામ અંતર્ગત પોષણ કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જે. બી. કેન્સર સેન્ટર અંતર્ગત સરકારશ્રીના આયુષ્માન કાર્ડધારક દર્દીઓને પણ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

સંસ્થા દ્વારા તથા અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ ઍસોસિયેશન દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. આ વેળાએ સંસ્થાને મદદરૂપ થનારા દાતાઓનું સન્માન પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ વેળાએ સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્યો સર્વ શ્રી ઈશ્વરસિંહ પટેલ, અરૂણસિંહ રણા, રમેશભાઈ મિસ્ત્રી, રિતેશભાઈ વસાવા, ડી. કે. સ્વામી સહિત જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ભરૂચમાં 'ગુજકો ગ્રીન બનાના ફાઈબર' પ્રોજેક્ટનો પ્રારંભ



ભરૂચના વગુસણામાં ગુજકોમાસોલના ગુજકો ગ્રીન બનાના ફાઈબર પ્રોજેકટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, કેળની ખેતી કરતા ખેડૂતો માટે કેળના અવશેષોના નિકાલની સમસ્યાને આવકવૃદ્ધિમાં બદલવાનું કામ ગુજકોમાસોલે કર્યું છે. ગુજકોમાસોલના પ્રોજેકટ થકી કેળાના વેસ્ટમાંથી ફાઈબર મેળવી કાપડ, કાગળ જેવી વસ્તુ બનાવવામાં આવે છે. તેમાંથી નીકળતા પ્રવાહીમાંથી પ્રવાહી ખાતર, તેના ગરમાંથી પૌષ્ટિક કેન્ડી તેમજ બાકી બચતા અવશેષમાંથી અળસિયાનું ખાતર બનાવવામાં આવે છે.

દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તત્કાલીન કૃષિમંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીએ આ પ્રોજેકટના સંશોધનનો નવસારી કૃષિ યુનિર્વસિટીમાંથી પ્રારંભ કરાવ્યો હતો. ગુજકોમાસોલે આ પ્રોજેકટ શરૂ કરતાં કેળની ખેતી કરતા ખેડૂતો માટે આવકવૃદ્ધિના નવા સ્રોત ઊભા થશે એમ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં બનાના ફાઈબર પ્રોજેક્ટમાં માતબર પ્રદાન બદલ નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી ચિરાગ દેસાઈનું રાજયપાલશ્રીના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

આ અવસરે મંત્રી સર્વશ્રી રાઘવજીભાઈ પટેલ, જગદીશભાઈ વિશ્વકર્મા, કુંવરજીભાઈ હળપતિ તેમજ ધારાસભ્ય શ્રી અરુણસિંહ રણા, ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, સહકારી આગેવાનો તથા પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતમાં રોકાણ માટે નાણાકીય સંસ્થાઓનો વિશ્વાસ વધ્યો

દેશની બેન્કો અને નાણાકીય સંસ્થાઓએ ફરી એકવાર ભારતમાં મોસ્ટ ફેવરેટ ઇન્વેસ્ટમેંટ ડેસ્ટીનેશન તરીકેની ઓળખ ધરાવતાં ગુજરાતમાં રોકાણ કરાયેલા વિકાસ પ્રોજેક્ટ્સમાં તેમનો સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયાએ હાલમાં બહાર પાડેલા ઓગસ્ટ મહિનાના બુલેટિનમાં જણાવ્યું છે કે વર્ષ 2022-23 માં દેશમાં સૌથી વધુ 82 વિકાસ પ્રોજેક્ટ્સને બેન્કો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ફંડ પૂરું પાડવામાં આવ્યું છે. આ કેટેગરીમાં 48 પ્રોજેક્ટ્સની સાથે મહારાષ્ટ્ર બીજા સ્થાને અને 45 પ્રોજેક્ટ્સની સાથે ઉત્તર પ્રદેશ ત્રીજા સ્થાને છે.

જો કે, બેન્કો/નાણાકીય સંસ્થાઓ દ્વારા મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સના કુલ ખર્ચની વાત કરીએ, તો ગુજરાત 14 ટકાના હિસ્સા સાથે દેશમાં બીજા સ્થાને છે.

આ ઉપરાંત, આરબીઆઈના આ બુલેટિન મુજબ છેલ્લા 10 વર્ષમાં અર્થાત 2013-14 થી 2022-23 ની વાત કરીએ, તો આ સમયગાળામાં પણ, દેશની બેન્કો અને નાણાકીય સંસ્થાઓનો સૌથી વધુ વિશ્વાસ ગુજરાતમાં રોકાણ કરાયેલા વિકાસ પ્રોજેક્ટ્સ પર રહ્યો છે. છેલ્લા 10 વર્ષમાં ગુજરાતમાં 692 વિકાસ પ્રોજેક્ટ્સને ફંડ મળ્યું છે, જે કોઈ પણ રાજ્યમાં ફંડ મેળવનારા વિકાસ પ્રોજેક્ટ્સની સંખ્યાના સંદર્ભમાં દેશમાં સૌથી વધુ છે.

છેલ્લા 10 વર્ષમાં ગુજરાતને હંમેશા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું માર્ગદર્શન મળ્યું છે. આ જ કારણ છે કે રાજ્ય સરકાર, આરબીઆઈના આ બુલેટિન રિપોર્ટમાં ઉલ્લેખિત વર્ષ 2022-23ના આ આંકડાઓ અને છેલ્લા 10 વર્ષની આ સિદ્ધિને ગુજરાતની રોકાણ અનુકૂળ પોલિસી, ઉદ્યોગ પ્રિય વાતાવરણ અને રાજ્યની સૌથી મોટી ઈન્વેસ્ટર સમિટ “વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ”ની સિદ્ધિની સાથે-સાથે તેને વડાપ્રધાનશ્રી દ્વારા બતાવેલા માર્ગને અનુસરવાના પ્રતિફળ તરીકે પણ જોઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જાન્યુઆરી 2024માં વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટની દસમી શૃંખલાનું આયોજન કર્યું છે. આ સમયે ગુજરાતે હાંસલ કરેલી આ સિદ્ધિ આગામી વાઈબ્રન્ટ સમિટ માટે મહત્વની તો છે જ, પરંતુ આ કાર્યક્રમની સફળતા માટે પણ આ આંકડાઓ ખૂબ જ ફાયદાકારક બની શકે છે. આપને જણાવી દઈએ કે, વાઈબ્રન્ટ ગુજરાત 2024ના આયોજનના માધ્યમથી ફરી એક વાર ગુજરાત મોટા પાયા પર રોકાણ અને વિકાસ પ્રોજેક્ટ્સને આકર્ષિત કરવાની તૈયારીમાં છે અને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની આ રિપોર્ટ ચોક્કસપણે ગુજરાતમાં રોકાણ કરવા માટે રોકાણકારો માટે ઉત્પ્રેરક તરીકે કામ કરશે. ●

# સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જરૂરી - રાજ્યપાલશ્રી



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ગુજરાતમાં વધુમાં વધુ પ્રાકૃતિક કૃષિનું ચલણ વધે તે માટે હંમેશાં પ્રયત્નશીલ રહ્યા છે. તેઓ જે પણ જગ્યાએ જાય છે ત્યાં તેઓ ગાય આધારિત આ કૃષિ પદ્ધતિનો પ્રચાર કરતા રહે છે. તાજેતરમાં દાહોદ જિલ્લાના સાલિયા ધામ, કબીર આશ્રમ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. જેમાં ખેડૂતોને સંબોધન કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાઈને દેશને પોષણયુક્ત અનાજ-પાક મળે, ખેડૂતોની આવક વધે, લોકો તંદુરસ્ત બને તે માટેનાં પ્રયત્નો અને અભિયાનો ચલાવવામાં આવી રહ્યાં છે. વધતા જતા ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો, ઘટી રહેલાં કૃષિ ઉત્પાદનો તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે. રાજ્યપાલશ્રીએ યુનેસ્કોના રિપોર્ટનો હવાલો આપતાં જણાવ્યું કે, જો રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડવામાં નહીં આવે, તો આગામી ૪૦ વર્ષમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના કારણે જમીન સદંતર બિનઉપજાઉ બની જશે. તદુપરાંત, વિદેશથી મંગાવવામાં આવતા યુરિયા અને અન્ય રાસાયણિક ખાતરોમાં દેશનું હૂંડિયામણ બચાવી શકાશે. દેશી ગાયના ગોબરની ઉપયોગિતા જણાવી અળસિયા આધારિત કુદરતી ખાતર બનાવવાની વિધિ, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન વિશે પણ વિગતવાર સમજણ આપી હતી.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લાં ચાર વર્ષ દરમિયાન રાજ્યમાં ૭.૭૫ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. પ્રતિ મહિને ૩.૩૦ લાખ લોકોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવે છે. દાહોદ જિલ્લામાં કુલ ૨.૧૫ લાખ, હેક્ટરમાં ખેતી કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે મકાઈ, સોયાબીન, ચણા, ઘઉ જેવા પાકોની ખેતી કરવામાં આવે છે. જેમાં ૨૮,૦૫૫ એકર વિસ્તારમાં કુલ ૪૧,૬૭૯ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. સરકારની દેશી ગાય નિભાવ યોજના અંતર્ગત દાહોદમાં ૧૫,૨૨૧ ખેડૂતોને નાણાકીય સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમમાં રાજ્યના પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ, કબીર આશ્રમના મહંત શ્રી ઋષિકેશદાસજી, મહંત શ્રી રોહિતદાસજી તથા પ્રાકૃતિક કૃષિ સાથે સંકળાયેલા નિષ્ણાતો, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ●



# વિધાનસભાનું આગામી સત્ર પેપરલેસ રહેશે

વડાપ્રધાનશ્રીના ડિજિટલ ઈન્ડિયાના સપનાને સાર્થક કરવાની દિશામાં ગુજરાત વિધાનસભાએ નવતર પહેલ કરી છે. આગામી તા. ૧૩મી સપ્ટેમ્બરથી યોજાનાર વિધાનસભાનું ચોમાસુ સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. જે અંતર્ગત તમામ ધારાસભ્યશ્રીઓને નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-NEVAની તાલીમ આપવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વર્કશોપ ખુલ્લો મુકતા જણાવ્યું હતું કે, નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનના ઉપયોગ થકી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે. રાજ્યના તમામ ધારાસભ્યશ્રીઓ ટેબલેટની મદદથી ટેકનોલોજી આધારિત કામગીરીમાં જોડાશે અને તે માટે તમામ ધારાસભ્યશ્રીઓને તાલીમબદ્ધ કરાયા છે.

ભવિષ્યમાં આ એપ્લિકેશનનો વ્યાપ વધારી તેની સાથે રાજ્યના નાગરિકોને પણ જોડી જનસમસ્યાનું ડિજીટલી ત્વરીત નિરાકરણ લવાશે. આ એપ્લિકેશનમાં વિધાનસભા સંલગ્ન બાબતો આવરી લેવાશે. ધારાસભ્યશ્રીઓ આંગળીના ટેરવે ગૃહમાં પ્રસ્તાવ પર પોતાનો મત તથા તેમની હાજરી સહિતની તમામ માહિતી એપ્લિકેશનના માધ્યમથી મેળવી શકશે. આ પ્રસંગે વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લા, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ડૉ. સી. જે. ચાવડા, શ્રી શૈલેષભાઈ પરમાર સહિત ધારાસભ્યશ્રીઓ અને વિધાનસભાના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.●



## ફણસા ગ્રામ સચિવાલયનું લોકાર્પણ



વલસાડના ઉમરગામના ફણસા ગ્રામ પંચાયતની સુવર્ણ જયંતી નિમિત્તે નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ. ૭૮ લાખના ખર્ચે નવનિર્મિત ફણસા ગ્રામ સચિવાલયનું લોકાર્પણ કરાયું હતું. સરકારના ૧૫મા નાણાપંચ અને વિવિધ ગ્રાન્ટ મળી કુલ રૂ. ૬૨ લાખ તેમજ ગ્રામજનોની લોકભાગીદારીથી રૂ. ૧૬ લાખ એકઠા કરી આ ગ્રામ સચિવાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગ્રામ સચિવાલયથી દરેક વ્યક્તિનાં કાર્યો પૂરા કરવા, દરેક પ્રશ્નનું નિરાકરણ લાવવું. અરજદારે દૂર ન જવું પડે તેવી રીતે કાર્ય કરી નવા ગ્રામ સચિવાલયના ઉદ્દેશ્યને સાર્થક કરવો. ઉમરગામ તાલુકામાં પણ વિકાસનાં અનેક કામો થઈ રહ્યાં છે. જેમાં કલગામ ખાતે ૬૬ કેવી સબ સ્ટેશનનું નિર્માણ કરાશે તેમજ અંડર-ગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી પૂર્ણતાને આરે છે. આ કાર્યક્રમમાં ફણસા ગામના અત્યાર સુધીના તમામ સરપંચોનું પ્રમાણપત્ર અને શાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ડૉ. કે.સી. પટેલ, ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર ઉપસ્થિત રહ્યા હતા. ●

## દેવભૂમિ દ્વારકાનાં વિકાસકાર્યોનું નિરીક્ષણ કરતા મંત્રી શ્રી બાવળીયા



રાજ્યના દરેક જિલ્લામાં વિકાસકાર્યો અવિરત પણે ચાલુ છે. તાજેતરમાં પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલી રહેલાં વિવિધ વિકાસકાર્યોનું સ્થળ નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પર્યટન, પ્રવાસન અને સલામતીને ધ્યાને રાખીને બ્લ્યૂ ફ્લેગનાં વૈશ્વિક ધોરણો અન્વયે શિવરાજપૂર બીચને પ્રવાસન વિભાગ વિકસિત કરી રહ્યો છે. મંત્રીશ્રીએ શિવરાજપૂર ખાતે અંદાજે રૂ. ૨૩.૪૩ કરોડના ખર્ચે ફેઈઝ-૧નાં જે કામો હાથ ધરાવાનાં છે તે પૈકીના પ્રગતિ હેઠળનાં કામોની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. મંત્રીશ્રીએ આ કામો વહેલાસર પૂર્ણ કરી પ્રવાસીઓને પૂરતી સુવિધા મળી રહે તે માટેનાં પ્રેરક સૂચનો કર્યાં હતાં.

મંત્રીશ્રીએ દરિયાના ખારા પાણીને પીવાલાયક શુદ્ધ મીઠું પાણી બનાવવા ગાંધવી ગામ ખાતે નિર્માણાધીન ડિસેલિનેશન પ્લાન્ટની સ્થળ પણ મુલાકાત લઈ અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશ કર્યા હતા. આ સાથે, મંત્રીશ્રીએ ભીમગજા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ગામો તથા ઓખા શહેરમાં ચાલી રહેલાં કાર્યોનું પણ નિરીક્ષણ કર્યું હતું. ●

## ગિફ્ટ સિટીમાં IFSCના વિકાસ પર સમીક્ષા બેઠક

ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (IFSC)ના વિકાસ પર કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોનાં કેન્દ્રીય મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. ગુજરાત રાજ્ય સરકારના સહયોગથી GIFTCL દ્વારા આયોજિત આ બેઠકમાં નાણા મંત્રાલય અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવશ્રીઓ સાથે રાજ્ય સરકારના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમીક્ષા બેઠકમાં તમામ ભારતીય નાણાકીય ક્ષેત્રના



નિયમનકારોએ પણ ભાગ લીધો હતો.

કેન્દ્રીય નાણા મંત્રીશ્રીએ ગિફ્ટ સિટીને વૈશ્વિક સ્તરે પ્રીમિયર ફાઈનાન્સિયલ હબ તરીકે શ્રેષ્ઠ બનાવવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વધુને વધુ વ્યવસાયોને આકર્ષવા અને મોટા પાયે રોકાણ ઊભું કરવા પ્રાથમિકતા આપવી જોઈએ.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીએ તમામ નાણાકીય ક્ષેત્રના નિયમનકારોને ગિફ્ટ-IFSCમાં વ્યાવસાયિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા જોડાણ કરવા અપીલ કરી હતી. ત્યારબાદ ગિફ્ટ સિટીમાં IFSCના મુખ્યાલયની મુલાકાતમાં કેન્દ્રીય નાણામંત્રીશ્રીએ ગિફ્ટ-આઈએફએસસીને અગ્રણી વૈશ્વિક નાણાકીય પ્રવેશદ્વાર તરીકે સ્થાપિત કરવા પર ભાર મૂક્યો હતો. ●

# નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે પરિષદ યોજાઈ



ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ૨૧ મી સદીમાં ભારત વિશ્વ માટે શિક્ષણ ક્ષેત્રે પથદર્શક બની રહ્યું છે. પ્રવર્તમાન ટૅક્નોલોજીના યુગમાં ભારતીયોએ શાસ્ત્રોની સાથે સાથે તક્નીકી જ્ઞાન પણ મેળવવું આવશ્યક છે તેમ તેમણે ગુજરાત નૅશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ગુજરાતને વૈશ્વિક ડેસ્ટિનેશન બનાવવા એસોચેમ દ્વારા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પરિષદમાં જણાવ્યું હતું.

ગુજરાતને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે વૈશ્વિક સ્તરે લોકોની પસંદ બનાવવા શું કરી શકાય તે સંદર્ભની ચર્ચા માટે આ પરિષદ મહત્ત્વપૂર્ણ બની રહેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, દેશના અમૃતકાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત તમામ ક્ષેત્રે સર્વાંગી વિકાસ સાધીને સક્ષમ દેશ બનશે. ભૂતકાળમાં ભારત વિશ્વની નવીન ટૅક્નોલોજી આયાત કરતું હતું પરંતુ, આવનારા દિવસોમાં વિશ્વ ભારતની ટૅક્નોલોજી ખરીદશે. આજે ભારત સ્વદેશી ટૅક્નોલોજીથી જ મંગળ અને ચંદ્ર પર પહોંચ્યું છે.

આ કાર્યક્રમમાં ગણપત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ડૉ. મહેન્દ્ર શર્મા, એસોચેમ ગુજરાત કાઉન્સિલના અધ્યક્ષ શ્રી ચિંતન ઠાકર, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના નિયામક શ્રી ડૉ. એસ. શાંતાકુમારે સંશોધનાત્મક વિચારો રજૂ કર્યા હતા. ●

## ઓલપાડમાં 'સોલાર રૂફ ટોપ' પ્લાન્ટનું લોકાર્પણ



ઓલપાડના ધી સોંદલાખારા વિભાગ દૂધ અને શાકભાજી વેચાણ સહકારી મંડળીના ૨૭ કિલોવોટના 'સોલાર રૂફ ટોપ' વીજળી પ્લાન્ટનું પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરાયું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દરેક ગામડામાં પૂરતા વીજ દબાણથી સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. દેશમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ઉપયોગમાં લેવાતી વીજળીના ૫૦ ટકા વીજળી રિન્યૂએબલ એનર્જી અંતર્ગત સૌર ઊર્જાથી ઉત્પન્ન કરવાની સરકારની નેમ છે, જેમાં રાજ્ય સરકાર પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. તેમણે સોલાર રૂફ ટોપ યોજના સહિતની યોજનાનો લાભ મેળવી ઇકો ફ્રેન્ડલી અને પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્રોત થકી કાર્બન ઉત્સર્જન ઘટાડવા સહભાગી બનવાની અપેક્ષા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સુમુલ ડેરીના ડિરેક્ટર શ્રી જયેશભાઈ પટેલ, સોંદલાખારા સહકારી મંડળીના પ્રમુખ શ્રી વસંત પટેલ સહિત મંડળીના સભાસદો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## સોમનાથ ખાતે 'પ્રાદેશિક સરસ મેળો'



રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ કલા-કારીગરોને પ્રોત્સાહન મળે અને કલાકારો તેમની કલા કસબને દર્શાવીને આત્મનિર્ભર બને તેવા ઉદેશ સાથે સમયાંતરે વિવિધ સ્થળોએ સરસ મેળાનું આયોજન કરવામાં આવે છે. આવો જ એક 'પ્રાદેશિક સરસ મેળો' તાજેતરમાં ગીર-સોમનાથ જિલ્લાના સોમનાથ ખાતે યોજાયો હતો.

મત્સ્યોદ્યોગ અને પશુપાલન મંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકીએ મેળાનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું. કે, ગ્રામીણ મહિલાઓ આર્થિક રીતે પગભર બની શકે અને સ્વનિર્મિત વસ્તુઓ વેચી શકે તે માટે 'સરસ' પ્લેટફોર્મ મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે. મંત્રીશ્રીએ સ્ટોલમાં રહેલી વિવિધ વસ્તુઓ નિહાળી અને મહિલાઓની કામગીરીને બિરદાવી હતી.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી વિમલભાઈ ચુડાસમા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રવિન્દ્ર ખતાલે અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પલ્લવીબહેન બારૈયા તથા સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.●

# 'વડોદરા સિટી હેરિટેજ' તકતીનું અનાવરણ



વડોદરાના સાંસ્કૃતિક વારસાને વધુ ઉન્નત બનાવવા હેતુસર 'પ્રવાસન પર પરિસંવાદ'માં પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા સહભાગી થયા હતા. આ કાર્યક્રમ બાદ મંત્રીશ્રીએ માંડવી ચોક ખાતે 'વડોદરા સિટી હેરિટેજ' તકતીનું અનાવરણ કર્યું હતું.

વડોદરામાં પર્યટક સ્થળોનો કઈ રીતે વિકાસ કરી શકાય ? અને સાંસ્કૃતિક વારસાને વધુ ઉત્કૃષ્ટ બનાવવા માટેની કાર્યશાળામાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રવાસન ક્ષેત્રે વડોદરા પણ અમૂલ્ય યોગદાન આપી રહ્યું છે. વડોદરાનો ઇતિહાસ ભવ્ય છે, ત્યારે આવી કાર્યશાળાથી વિકાસનો રોડમેપ યથાર્થ ઠરે છે. વિચાર, આયોજન અને અમલીકરણ થકી વડોદરાનો સાંસ્કૃતિક વારસો વિશ્વ સમક્ષ ઉજાગર થશે. તેમણે વડોદરામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે સ્થાનિક સંસ્થા તરફથી જે કોઈ દરખાસ્તો કે પ્રોજેક્ટ મળશે, તેમને સંપૂર્ણ સહકાર આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીના હસ્તે 'ધ બરોડા કલેક્ટિવ (સ્ટેજ-૨)' પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. ●



## વીર નર્મદ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાયો

વીર કવિ નર્મદની ૧૯૦મી જન્મજયંતીએ શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને વીર નર્મદ દ.ગુજરાત યુનિવર્સિટીનો ૫૪મો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં શિક્ષણમંત્રી અને મહાનુભાવોના હસ્તે ૫૯ પીએચ.ડી અને પાંચ એમ.ફિલ પદવી ધારકો સહિત ૧૨ વિદ્યાશાખાના ૮૨ અભ્યાસક્રમોના ૩૧,૭૪૮ યુવા છાત્ર-છાત્રાઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ 'સેવા એ જ શ્રમનું સાચું મૂલ્ય' વિધાન થકી નવયુવાઓને ભારતીય પરંપરાથી અવગત થવા સાથે ઉચ્ચ શૈક્ષણિક પદવી પ્રાપ્ત કરી સમાજ અને દેશના હિતમાં સેવાકાર્ય કરવા પ્રેરિત કર્યા હતા. તેમણે મહાવિદ્યાલયમાંથી ઉત્તીર્ણ થઈ પરિશ્રમી બની અર્થોપાર્જન સાથે પરિવારભાવનાને પ્રાધાન્ય આપવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉપસ્થિત નવયુવાનોને વ્યસનો અને સામાજિક દૂષણોથી અંતર રાખવા ભારપૂર્વક જણાવ્યું હતું.

આ પ્રસંગે યુનિ.ના કુલપતિ શ્રી ડૉ.કે.એન. ચાવડા, રજિસ્ટ્રાર શ્રી આર.સી. ગઢવી, સેનેટ અને સિન્ડિકેટ સભ્યો, વિભાગીય વડાઓ, યુનિવર્સિટીના પદાધિકારીઓ, વિવિધ કોલેજોના આચાર્યશ્રીઓ સહિત દીક્ષાર્થી વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## ગાંધીનગરમાં CID ક્રાઇમની સમીક્ષા બેઠક

રાજ્ય સરકાર સમયાંતરે કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરતી આવી છે. જનસમસ્યાનો ઉકેલ લાવી શકાય. ગાંધીનગરમાં CID ક્રાઇમની સમીક્ષા બેઠકમાં નાગરિકોના સંરક્ષણ અને પ્રશ્નોના નિકાલ માટે પોલીસ તંત્રે અલાયદો એક્શન પ્લાન બનાવી એકસૂત્રતા સાથે ટીમ ગુજરાત બની કામ કરવા પર ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ભાર મૂક્યો હતો. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે એ માટે પોલીસ તંત્ર સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યું છે. ત્યારે સમગ્ર પોલીસ દળ એક યુનિક ડિઝાઇન અને કોન્સેપ્ટ સાથે કામગીરી કરશે તો પ્રજાજનોને વધુને વધુ સારી સુવિધાઓ પૂરી પાડી શકાશે. આ ઉપરાંત તેમણે એનડીપીએસ અને સાઈબર ક્રાઇમની કામગીરીને વધારે અસરકારક અને વ્યાપક બનાવવા સંબંધિતોને સૂચનાઓ આપી ગુમ થયેલ બાળકોને શોધવાની કામગીરી અને નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવતી કામગીરીને બિરદાવી હતી. ●

# CNG અને ઇલેક્ટ્રિક બસ સંચાલનના અનુદાનમાં વધારો



ગ્રીન- ક્લીન ગુજરાતની નેમ સાથે રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓમા સંચાલિત શહેરી પરિવહન સેવાની CNG અને ઇ-બસો માટે આપવામાં આવતા અનુદાનમાં વધારો કરવાનો નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રીન ગ્રોથ માટે પર્યાવરણ પ્રિય ટ્રાન્સપોર્ટેશન સુવિધાઓ અને બિનપરંપરાગત ઊર્જાના ઉપયોગને વેગ આપવા આહ્વાન કર્યું છે. તેમના આહવાનને ઝીલી લઈને ગુજરાતે મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત હાલ ૩ મહાનગરપાલિકાઓ અને 'અ' વર્ગની ૧૦ નગરપાલિકાઓના ૧૦૬૮ CNG અને ૩૮૨ ઇ-બસ શહેરી પરિવહન સેવામાં કાર્યરત કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ બસ સેવાઓ માટે જે તે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને PPP ધોરણે પરિવહન સેવાઓના સંચાલન અનુદાન પેટે આપવામાં આવતી રકમમાં વધારો કરવાનો અભિગમ અપનાવ્યો છે. તેમના આ નિર્ણય અનુસાર, મહાનગરપાલિકાઓને CNG બસના સંચાલન અન્વયે અગાઉ કિલોમીટર દીઠ અપાતા રૂ. ૧૨.૫૦ના સ્થાને હવે રૂ. ૧૮ આપવામાં આવશે. તેમજ વાયેબિલિટી ગેપ ફંડિંગ-ઘટ માટે અગાઉ મહત્તમ ૫૦ ટકા મળતા હતા તેમાં ૧૦ ટકાનો વધારો કરીને હવે ૬૦ ટકા આપવામાં આવશે.



આ ઉપરાંત જે 'અ' વર્ગની નગરપાલિકાઓમાં હાલ CNG બસ સેવાનું શહેરી પરિવહન સેવામાં PPP ધોરણે સંચાલન થાય છે ત્યાં કિલોમીટર દીઠ રૂ. ૨૨ અનુદાન પેટે અપાશે તેમજ VGF ઘટ ના વધુમાં વધુ ૫૦ ટકા મળતા હતા તે વધારીને ૭૫ ટકા પ્રમાણે અપાશે.

મુખ્યમંત્રીશ્રીએ ઇલેક્ટ્રિક વાહનોનો પણ શહેરી પરિવહન સેવામાં વ્યાપ વધે તેવા આશયથી જે મહાનગરપાલિકાઓમાં ઇ-બસ સેવાઓ PPP ધોરણે હાલ કાર્યરત છે, ત્યાં કિલોમીટર દીઠ રૂ. ૨૫ ના સ્થાને હવે રૂ. ૩૦ અનુદાન આપવાનો નિર્ણય પણ કર્યો છે. એટલું જ નહીં, આવી ઇ-બસ સેવાઓના સંચાલનમાં ઘટની જે રકમ અગાઉ ૫૦ ટકા આપવામાં આવતી હતી તે હવે વધુમાં વધુ ૬૦ ટકા મળશે.

રાજ્યમાં 'અ' વર્ગની નગરપાલિકાઓમાં ઇ-બસની શહેરી પરિવહન સેવાઓ માટે પહેલીવાર કિલોમીટર દીઠ રૂ. ૪૦ અને ઘટની રકમના વધુમાં વધુ ૭૫ ટકા અનુદાન આપવાનો જનહિતકારી નિર્ણય પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્ય સરકારે મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સુવિધા અંતર્ગત કુલ ૨,૮૬૪ બસની કરેલી જોગવાઈઓ સામે ૬૬૨ ઇ-બસ અને ૧૦૯૭ CNG એમ કુલ ૧૭૫૯ બસને મંજૂરી આપવામાં આવી છે. આવી મંજૂર થયેલી બસ સેવા પૈકી ૩૮૨ ઇ-બસ અને ૧૦૬૮ CNG બસ હાલ કાર્યરત છે. ●

# ડિપ્લોમા ટુ ડિગ્રી(D2D) માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવાશે



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળેલી કેબિનેટ બેઠકમાં વિવિધ જનહિતલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ અંગે માહિતી આપતાં મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ભરતી પ્રક્રિયાની કાર્યવાહી ઝડપી બનાવવામાં આવશે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, PM જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત રાજ્યના પ્રત્યેક ઘર સુધી વીમા સહાય પહોંચાડવાની દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે.

રાજ્યમાં ડિપ્લોમા ટુ ડિગ્રી(D2D) માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવશે તે નિર્ણય અંગે વિગતો આપતાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, બોર્ડ / યુનિવર્સિટીની વધુ સંખ્યાને કારણે પ્રવેશ સમિતી માટે બેઠકોની ફાળવણી અને વિવિધ બોર્ડનું મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં જટિલતા રહેતી હતી. આ તમામ યુનિવર્સીટીની પરીક્ષાઓમાં એકસૂત્રતા લઈને એક મેરિટમાં લાવવું શક્ય ન હતું.

આ વિસંગતતા, અસ્પષ્ટતા અને અસંતોષ ટાળવા માટે અને તમામ અરજદાર વિદ્યાર્થીઓને એકસમાનમંચ પર લાવીને ડિપ્લોમા બાદ ડિગ્રીના બીજા વર્ષમાં લેટરલ એન્ટ્રી એડમિશન માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ પ્રવેશ પરીક્ષા પ્રવેશ વર્ષ ૨૦૨૪થી લેવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ પરીક્ષાની પ્રવેશ વર્ષ ૨૦૨૪ માટેની જાહેરાત અને રજિસ્ટ્રેશન ફેબ્રુઆરી ૨૦૨૪થી કરવામાં આવશે. ●

# રાજ્યનાં 14 જિલ્લાનાં ખેડૂતોને 10 કલાક વીજળી અપાશે



રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતોના ઊભા પાકને બચાવવા માટે રાજ્ય સરકારે ખેડૂતોને પાવર અને પાણી આપવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ખેડૂતોના પાક બચાવવા ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી આપવામાં આવશે જેનો તાત્કાલિક ધોરણે અમલ કરવામાં આવશે. આ નિર્ણયથી રાજ્યના અંદાજે કુલ ૨૦.૨૮ લાખ ખેતી વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોમાંથી ૧૪ જિલ્લાના અંદાજે ૧૨ લાખ જેટલા ખેતી વીજ જોડાણ ધરાવતાં ખેડૂતોને લાભ થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણય અંગે ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વરસાદ ખેંચાતા ખાસ કરીને ડાંગર, કપાસ અને મગફળી જેવા પાકને બચાવવા માટે આ મહત્વનો નિર્ણય કરાયો છે. જેમાં કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ખેડૂતોની જરૂરીયાત અને માંગણી અનુસાર વીજળી અને પાણી પૂરૂ પાડવામાં આવશે.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું છે કે, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં ખેડૂતોની જરૂરિયાત પ્રમાણે સિંચાઇ માટે પાણી અપાશે. સરદાર સરોવર સહિત રાજ્યના જે ડેમોમાં ૮૦ ટકાથી વધુ પાણી છે તેવા ડેમોમાંથી સિંચાઇ માટે પાણી છોડવામાં આવશે. વરસાદ ખેંચાતા રાજ્યમાં ખરીફ પાકને બચાવવા માટે પાણીની જરૂરીયાત ઉભી થઈ છે. જેના લીધે રાજ્યના ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને ખેડૂત અગ્રણીઓ દ્વારા ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌની યોજના મારફત નર્મદાનું પાણી આપવા માટે રજૂઆતો મળી હતી. જેને ધ્યાને લઈને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હકારાત્મક નિર્ણય લઈને ઉત્તર ગુજરાત વિસ્તારની સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર, હયાત ૧૨ ઉદવહન પાઈપલાઈનો તથા સૌરાષ્ટ્ર વિસ્તારની સૌની યોજના થકી જોડાયેલ ૨,૦૦૦ થી વધુ તળાવો/ચેકડેમો જળાશયોમાં નર્મદાનું પાણી આપવા માટેનો ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલે રાજ્ય સરકાર દ્વારા સિંચાઇ માટે ખેડૂતોના હિતમાં ૧૦ કલાક વીજળી અને જરૂરિયાતવાળા વિસ્તારમાં પાણી આપવાના નિર્ણય બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઇ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયાનો રાજ્યના ખેડૂતો વતી આભાર માન્યો હતો. ●

# MSME ઉદ્યોગોના વિકાસ માટે પાંચ રિજનલ કાઉન્સિલની સ્થાપના

રાજ્યના MSME ઉદ્યોગકારોને તેમના વિલંબીત ચૂકવણાની અરજીઓનો ઝડપથી નિકાલ થાય એ માટે રાજ્યમાં પાંચ રિજનલ કચેરીઓની સ્થાપના કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા MSME એક્ટ અંતર્ગત ગુજરાત રાજ્યમાં MSEFC (Micro & Small Enterprise Facilitation Council) ગાંધીનગર ખાતે કાર્યરત કરવામાં આવી છે અને MSME માટે રાજ્યની તમામ વિલંબીત ચૂકવણીની અરજીઓનું નિરાકરણ ગાંધીનગર ખાતેથી કરવામાં આવતું હતું. પરંતુ રાજ્યના MSME ઉદ્યોગકારોને વધુ સરળતાથી અને ઝડપથી તેમની વિલંબીત ચૂકવણીની અરજીઓનું નિરાકરણ થાય તે માટે, રાજ્ય સરકાર દ્વારા પાંચ રીજનમાં એટલે કે, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરમાં રિજનલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરમાં Resident Additional Collector (RAC), આ રિજનલ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે રહેશે. તેમજ આ જિલ્લાઓના જનરલ મેનેજર (જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર) તે રિજનલ કાઉન્સિલના મેમ્બર સેક્રેટરી તરીકે કાર્યરત રહેશે. આ રિજનલ કાઉન્સિલનું સંચાલન જે-તે રીજની જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ઓફિસ દ્વારા કરવામાં આવશે. આમ રિજનલ કાઉન્સિલમાં સંબંધિત રીઝનના MSME ઉદ્યોગકારોની તેમની વિલંબીત ચૂકવણી માટેની અરજીઓનો ઝડપથી અને સરળતાથી નિકાલ થઈ શકશે. ●



# દરિયાઈ વિજ્ઞાનના વિશ્વમાં સફર કરાવતું ભાવનગરનું અનોખું પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર

**સુનિલ પટેલ**

રાજ્યના નાગરિકોમાં વિજ્ઞાન પ્રત્યે રસરુચિ કેળવાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિજ્ઞાન અને ટૅક્નોલોજી વિકસાવવાના દૂરંદેશી વિચારના ધ્યેયમંત્રને ચરિતાર્થ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રયાસો થકી રાજ્યમાં વિજ્ઞાન અને ટૅકનોલોજીના પ્રચાર અને પ્રસાર માટે રાજ્યમાં પાટણ, રાજકોટ, ભૂજ અને ભાવનગર એમ ચાર સ્થળોએ પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો (રિજિયોનલ સાયન્સ સેન્ટર)નું નિર્માણ કરવામાં આવ્યું છે.

અમદાવાદમાં આવેલ સાયન્સ સિટી વિજ્ઞાનની દિશાઓ ખોલતી અદ્ભુત નગરી છે. દૂર દૂરના વિસ્તારોમાંથી લોકોને સાયન્સ સિટી પહોંચવાની મુશ્કેલી નિવારવા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી વિચાર કર્યો. લોકો વિજ્ઞાન કેન્દ્ર સુધી ન પહોંચી શકે તો વિજ્ઞાન કેન્દ્ર લોકોની નજીક પહોંચવું જોઈએ. આ પ્રકલ્પની પ્રતિકૃતિ એટલે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર.

આજના જમાનામાં વિજ્ઞાન અને ટૅક્નોલોજી જે ઝડપથી આગળ વધી રહી છે. તેની સાથે જો કદમ ન મિલાવીએ તો જગત આગળ નીકળી જાય અને આપણે પાછળ રહી જઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા જેવા અભિયાનને સાકાર કરવા માટે પણ નવાં સંશોધનોની જરૂર પડશે. આજની યુવા પેઢીમાં નવોન્મેષ ભરવા અને તેમને વિજ્ઞાન તરફ તથા નવા સંશોધનો કરવા માટે પ્રેરિત કરવા માટે આવાં વિજ્ઞાન કેન્દ્રો ઉપયોગી બની રહેશે. આ ઉપરાંત, આ પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો રાજ્યની ચારે દિશાઓમાં બનાવવવામાં આવ્યાં છે. જેથી આ નગરો તથા તેની આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને તેમના ઘરની નજીક આ વિજ્ઞાનનગરી જોવા મળે. સામાન્ય જનસમાજમાં વિજ્ઞાનમાં સામાન્ય રસ કેળવાય, સમજ પેદા થાય, એ ટકી રહે, વિકસે જેથી વિજ્ઞાન લોકભોગ્ય બને એવો પણ આ પ્રકલ્પનો વ્યાપક ઉદ્દેશ્ય છે.

આવું જ એક પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરની ભાગોળે આવેલા નારી ગામ પાસે બનાવવામાં આવ્યું છે. ભાવનગર એ લોકકલા અને સંસ્કૃતિની નગરી છે. તેની સાથે આ ધરતી પર દરિયાઈ વિજ્ઞાન પર પ્રકાશ પાડતું અનોખું વિજ્ઞાન નગર આકાર પામ્યું છે. ૨૦ એકરમાં રૂ. ૧૦૦ કરોડના ખર્ચે બનેલ દરિયાઈ વિજ્ઞાનનાં પડળો ખોલતું અને અતળ વિશ્વમાં લઈ જતું કેન્દ્ર વિજ્ઞાનરસિકોને મળેલ આ એક અમૂલ્ય અને ઉત્કૃષ્ટ નજરાણું છે.

રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટૅકનોલોજી દ્વારા ભાવનગરમાં આ અદ્યતન પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર વિકસિત કરવામાં આવ્યું છે. આ કેન્દ્રનું લોકાર્પણ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ કર્યું હતું.

'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન' વડાપ્રધાનશ્રી જય અનુસંધાન એટલે કે, વૈજ્ઞાનિક પ્રયોગો પર ભાર મૂકે છે. તે વિજ્ઞાન અને તેના દ્વારા થતા પ્રયોગોનું મહત્ત્વ સમજાવે છે. ૨૧ મી સદી જ્ઞાનની સદી છે. આ જ્ઞાન સાથે વિજ્ઞાનનું સાયુજ્ય સધાય તો તેનાં ચમત્કારિક પરિણામો મળી શકે છે. આથી, રાજ્યના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યેનો દૃષ્ટિકોણ વિકસિત થાય તે માટે આ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે.

વિજ્ઞાનનાં આવાં કેન્દ્રોથી વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ ખીલે છે. વિજ્ઞાન કેન્દ્રોમાં વિજ્ઞાનશિક્ષણનો આનંદ જાતે લઈ શકાય છે. તે વિદ્યાર્થીઓની પ્રેરણાને મજબૂત બનાવે છે અને શીખવાની પદ્ધતિ, વિજ્ઞાન પ્રત્યેના વલણ અને યુવાનોની કારકિર્દીની પસંદગીઓને પ્રભાવિત કરે છે.

રિજનલ સાયન્સ સેન્ટર, ભાવનગરમાં સ્થાનિક ભૂગોળને ધ્યાનમાં રાખીને વિજ્ઞાનની વિવિધ શાખાઓ આધારિત પાંચ થીમ આધારિત ગૅલેરીઓ (૧) મરીન એક્વેટિક ગૅલેરી (૨) ઓટોમોબાઈલ ગૅલેરી (૩) બાયોસાયન્સ ગૅલેરી (૪) ઇલેક્ટ્રો-મિકેનિક્સ ગૅલેરી (૫) નોબેલ પ્રાઇઝ ઇન ફિઝિયોલૉજી અને મેડિસિન ગૅલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**મરીન એક્વેટિક ગૅલેરી:** પૃથ્વીની સપાટી પરની દુનિયાથી તદ્દન અલગ એવી સમુદ્રની દુનિયાનો પરિચય કરાવતી ગૅલેરી છે. ત્રણ બાજુથી જોઈ શકાય એવી અને સમુદ્રના પેટાળમાં હોવાનો એહસાસ કરાવતી રંગબેરંગી માછલીઓથી ભરપૂર, વિશાળકાય ટેન્ક મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરી દે છે. તો અહીં આવેલ ૯ડી વી.આર. સમુદ્રની દુનિયાના પ્રત્યક્ષ દર્શન કરાવે છે. આ ગૅલેરી દેશની સમુદ્ર જગતને દર્શાવવી ગણતરીની ગૅલેરીઓમાં એક વિશેષ સ્થાન ધરાવે છે.

**ઓટોમોબાઈલ ગૅલેરી:** આ ગૅલેરીમાં સૌપ્રથમ ઐતિહાસિક તેમજ આધુનિક પરિવહનનો આધાર એવા પૈડાનો પરિચય કરાવવામાં આવે છે. પૈડાની શોધ માનવતા માટે સૌથી મોટો આશીર્વાદ સાબિત થઈ છે. અહીં, હવા, પાણી અને જમીનના પરિવહનને સમર્પિત વિભાગ છે. તો, સમયરેખા અનુસાર વાહનોનો ક્રમિક વિકાસ ખૂબ જ રસપ્રદ રીતે દર્શાવવામાં આવ્યો છે. વિવિધ એન્જિન્સ, ગાડીઓના મોડેલ્સ તેમજ આધુનિક પરિવહનમાં વપરાતી લૅટેસ્ટ ટેકનિકની સમજૂતી વર્કિંગ મોડેલ્સ દ્વારા આપવામાં આવી છે.

**ઇલેક્ટ્રોમિકેનિક્સ ગૅલેરી:** ઇલેક્ટ્રોમિકેનિક્સ ગૅલેરી ઇલેક્ટ્રિસિટી, મૅગ્નેટિઝમ અને તેમના સંયોજનથી ઉદ્દભવતા વિવિધ રસપ્રદ પ્રયોગોનો ખજાનો છે. ચાલતાં-ચાલતા વીજળી ઉત્પન્ન કરવાનો અનુભવ કે પછી મેગ્લેવ ટ્રેન પાછળનું વિજ્ઞાન, માથાના વાળ ઊંચા કરી દેતી ટેસ્લા કોઇલ. દરેક તમને અનોખો અને અવિસ્મરણીય અનુભવ કરાવે છે.

**બાયોસાયન્સ ગૅલેરી:** બાયોસાયન્સ ગૅલેરી વિશ્વભરમાં જોવાં મળતી વિવિધ ઇકોસિસ્ટિમ અને ફૂડ ચેઇન દર્શાવે છે. વિવિધ પ્રાણીઓના હાડપિંજરના મોડેલ્સ અને વિવિધ ઇન્ટરએક્ટિવ એક્સહિબિટ્સ તથા 3D વૉલ થકી જીવનની ઉત્પત્તિથી લઇને ક્રમિક વિકાસની માહિતી રસપ્રદ રીતે દર્શાવવામાં આવી છે. વર્ચ્યુઅલ રિયાલિટીના માધ્યમથી ઊંડાં જંગલોમાં ડાયનાસોરની વચ્ચે ઊભાં રહેવાનો જીવંત અનુભવ માણી શકાય છે.


**નોબેલ પ્રાઈઝ ગૅલેરી:** વિજ્ઞાનના ફિઝિયોલૉજી અને મેડિસિન ક્ષેત્રે ઉત્તમ યોગદાન આપનાર વિજ્ઞાનિકો વચ્ચે ઊભા રહેવાનો એહસાસ કરાવે છે. ફિઝિયોલૉજી અને મેડિસિન ક્ષેત્રે ૨૨૪ નોબેલ પ્રાઇઝ વિજેતાઓનાં જીવનચરિત્ર અને તેમની શોધને દર્શાવતી દેશની સૌથી મોટી ગૅલેરી છે. આપણે આ નોબેલ પારિતોષિક વિજેતાઓને આપણા આદર્શ સમજીને તેમના પથ પર અગ્રેસર થઈ વિજ્ઞાનમાં આપણી નવી ઓળખ બનાવવા પ્રયત્ન કરીએ તે હેતુથી આ ગૅલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ગૅલેરીઓ ઉપરાંત અહીં ૨૦૦ માણસની બેઠક વ્યવસ્થા ધરાવતું અત્યાધુનિક સભાગૃહ પણ બનાવવામાં આવ્યું છે. જ્યાં વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમ, સાયન્ટિફિક મૂવી સ્ક્રિનિંગ અને તજજ્ઞોના વાર્તાલાપનું આયોજન કરવામાં આવે છે.

વિજ્ઞાનને જન-જન સુધી પહોંચાડવા માટે અને જનમાનસને વિજ્ઞાનથી આકર્ષિત કરવા માટે રિજિયોનલ સાયન્સ સેન્ટર, ભાવનગર સતત કાર્યરત છે. રાજ્યકક્ષાના વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે. ઉનાળું વેકેશનના સમયનો સદઉપયોગ કરી પ્રેક્ટિકલ જ્ઞાન દ્વારા વિજ્ઞાનને જાણવા- સમજવા માટે વિવિધ મોડેલ્સ તથા વિવિધ એક્ટિવિટી દ્વારા જ્ઞાન પૂરું પાડવાના હેતુથી સાયન્સ સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

રિજિયોનલ સાયન્સ સેન્ટર આસપાસની શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટી સાથે સાતત્યનો સંબંધ સ્થાપી ચૂક્યું છે. જેને પરિણામે અત્યાર સુધી ૩૦૭ શાળાના ૨૯,૦૦૦ વિદ્યાર્થીઓ રિજિયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લઇ ચૂક્યા છે. ●







# ગુજરાત ક્વિઝ કોર્નર

ધવલ શાહ

**ગુજરાત ક્વિઝ કોર્નરમાં ગુજરાત પાક્ષિકના વર્તમાન અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ ઉપરાંત આપના સામાન્ય જ્ઞાનની અભિરુચિને પ્રેરે તેવા સવાલો આપવામાં આવ્યા છે. આ સવાલોના જવાબ તમને તેના વિકલ્પોમાંથી મળી રહેશે. તો વિચાર શું કરો છો, ઉઠાવો કલમ અને સાચા જવાબ પર ટિક કરો.**

૧) વિશ્વનો પ્રથમ નેનો DAP (પ્રવાહી) પ્લાન્ટ ક્યાં નિર્માણ પામશે ?
અ) કંડલા બ) અમદાવાદ
ક) અંકલેશ્વર ડ) સુરત

૨) ૭૭ મા સ્વાતંત્ર્ય દિનની રાજ્ય કક્ષાની ઉજવણી ક્યાં કરવામાં આવી ?
અ) સુરત બ) વલસાડ
ક) બનાસકાંઠા ડ) ગાંધીનગર

૩) ભારતના સૌથી દક્ષિણમાં આવેલા સ્થાન/બિંદુને શું નામ આપવામાં આવ્યું છે ?
અ) કન્યાકુમારી બ) ઝીરો પોઈન્ટ
ક) ઇન્દિરા પોઈન્ટ ડ) પોક પોઈન્ટ

૪) વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ક્યાં કરવામાં આવી ?
અ) તાપી બ) સુરત
ક) ડાંગ ડ) અમરેલી

૫) સાંસ્કૃતિક વન 'હરસિદ્ધ વન' કયા જિલ્લામાં નિર્માણ પામશે ?
અ) પાવાગઢ બ) કચ્છ
ક) દેવભૂમિ દ્વારકા ડ) સુરેન્દ્રનગર

૬) વિશ્વ સિંહ દિવસ ક્યારે ઊજવવામાં આવે છે ?
અ) ૧૦ ઑગસ્ટ બ) ૧૨ ઑગસ્ટ
ક) ૧૯ ઑગસ્ટ ડ) ૧૬ ઑગસ્ટ

૭) નૅશનલ હૅન્ડલૂમ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
અ) ૬ ઑગસ્ટ બ) ૧૮ ઑગસ્ટ
ક) ૧૨ ઑગસ્ટ ડ) ૭ ઑગસ્ટ

૮) દૂધરેજનો મેળો ક્યાં ભરાય છે ?
અ) સુરેન્દ્રનગર બ) જામનગર
ક) બનાસકાંઠા ડ) આણંદ

૯) કેન્દ્ર સરકારની ODOP પહેલનું પૂર્ણ નામ જણાવો.
અ) ONE DISTRICT ONE POWER
બ) ONE DISTRICT ONE PRICE
ક) ONE DISTRICT ONE PORTAL
ડ) ONE DISTRICT ONE PRODUCT

૧૦) વિદેશી પ્રવાસીઓની મુલાકાતની દૃષ્ટિએ કયા રાજ્યે ભારતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે ?
અ) ગુજરાત બ) મહારાષ્ટ્ર
ક) ગોવા ડ) કેરળ

૧૧) ઇન્ડિયા ટૂરિઝમ સ્ટેટેસ્ટિક્સ ૨૦૨૩ ના અહેવાલ મુજબ સ્થાનિક પ્રવાસીઓની મુલાકાતના સંદર્ભે ગુજરાતે કેટલામું સ્થાન પ્રાપ્ત કર્યું છે ?
અ) પ્રથમ બ) બીજું
ક) પાંચમું ડ) ત્રીજું

૧૨) 'ચંદ્રયાન - ૩' ચંદ્ર પર જ્યાં ઊતર્યું છે, તે સ્થળનું નામ શું રાખવામાં આવ્યું છે ?
અ) તિરંગા બ) શિવ શક્તિ
ક) ભારત ભૂમિ ડ) ગંગા - યમુના

૧૩) કયા દિવસને રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસ તરીકે ઊજવાશે ?
અ) ૭ જુલાઈ બ) ૨૩ ઓગસ્ટ
ક) ૨૨ ઓગસ્ટ ડ) ૧૫ જુલાઈ

૧૪) બેંક લોનના સંદર્ભમાં ઇએમઆઇ(EMI) એટલે શું ?
અ) ઇઝી મની ઇન્સ્ટોલમેન્ટ
બ) ઇક્વેટેડ મંથલી ઇન્સ્ટોલમેન્ટ
ક) ઇક્વલ મિનિમમ ઇન્સ્ટોલમેન્ટ
ડ) ઇક્વલ મની ઇન્સ્ટોલમેન્ટ

૧૫) નીચેનામાંથી કઈ ગુફાઓ કચ્છ જિલ્લામાં આવેલી છે?
અ) ઢાંકની બ) સિયોતની
ક) સાણા ગુફાઓ ડ) કડિયા ડુંગરની

(જવાબ : ૧-અ, ૨-બ, ૩-ક, ૪-અ, ૫-ક, ૬-અ, ૭-ડ, ૮-અ, ૯-ડ, ૧૦-અ, ૧૧-ક, ૧૨-બ, ૧૩-બ, ૧૪-બ, ૧૫-બ)



## પ્રજાકલ્યાણના વિકાસકામો માટે કટિબદ્ધ

# ગુજરાત સરકાર



### આત્મનિર્ભર મહિલા

સૌ પ્રથમ વખત મહિલાલક્ષી યોજનાઓનું બજેટ ₹ ૧ લાખ કરોડને પાર: મહિલા કેન્દ્રિત ૨૦૦થી વધુ યોજનાઓનો સમાવેશ

### આરોગ્ય કવચ થયું બમણું

આયુષ્માન ભારત યોજના હેઠળની સહાય ₹ ૫ લાખથી વધારીને ₹ ૧૦ લાખ કરવામાં આવી: હાલ રાજ્યમાં ૧.૭૯ કરોડ આયુષ્માન કાર્ડધારકો

### વંચિતોનો સર્વાંગી વિકાસ

રાજ્ય સરકારે વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ હેઠળ ₹ ૧ લાખ કરોડ પૈકી વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ માટે અંદાજિત ₹ ૩૭,૦૦૦ કરોડથી વધુની કરી જોગવાઈ

વંચિતોના સામાજીક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ વડે સામાજીક સમરસતાનું વાતાવરણ સર્જાય તે માટે પ્રયત્નશીલ રાજ્ય સરકાર

### આપત્તિ સામે સજ્જ રાજ્ય સરકાર

આગોતરાં આયોજન અને પૂર્વ તૈયારીઓથી રાજ્યમાં 'બિપરજોય' વાવાઝોડાથી થનારા ગંભીર નુકસાનને સફળતાપૂર્વક ટાળી શકાયું : ૧ લાખથી વધુ નાગરિકોના સ્થળાંતરની અભૂતપૂર્વ કામગીરીના કારણે ઝીરો કેઝ્યુઅલટી શક્ય બની

### ઔદ્યોગિક વિકાસ થકી રોજગારી દરમાં વૃદ્ધિ

દેશમાં પ્રથમવાર સાણંદ ખાતે ₹ ૨૨,૫૧૬ કરોડના ખર્ચે સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ, માર્કિંગ અને પેકેજિંગ પ્લાન્ટ સ્થપાતા આ ક્ષેત્રોમાં રોજગારીની તકો ઊભી થશે

નવસારીના વાંસી-બોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પીએમ મિત્ર પાર્ક નિર્માણ પામશે : આશરે ૧ લાખ પ્રત્યક્ષ અને બે લાખ પરોક્ષ રોજગારીનું સર્જન થશે

### પ્રાકૃતિક કૃષિનો વધતો વ્યાપ

રાજ્યમાં ૭.૪૪ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા, કુલ ૧.૮૪ લાખ એકરથી વધુ વિસ્તારમાં થઈ રહી છે પ્રાકૃતિક કૃષિ

### પ્રવાસનમાં પ્રથમ

પ્રવાસન ક્ષેત્રે વર્ષ ૨૦૨૨માં વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાને: ૧૭.૮૦ લાખ વિદેશીઓએ લીધી ગુજરાતની મુલાકાત: દેશના પ્રવાસન ક્ષેત્રે ગુજરાતનો ૨૦.૭૦ ટકા હિસ્સો

### યુવા સ્વાવલંબનને પ્રોત્સાહન

રાજ્યના ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ₹ ૧૮૦૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલીસી ૨.૦ અંતર્ગત રાજ્યની ૧૧૬ શૈક્ષણિક સંસ્થાઓને કુલ ₹ ૧૦.૨૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી

### સુદ્રઢ શાળા શિક્ષણ


શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ ની ભવ્ય સફળતા :
આ વર્ષે ૯.૭૭ લાખ ભૂલકાંઓને આંગણવાડીમાં અને ૨.૩૦ લાખ બાળકોએ ધોરણ-૧માં મેળવ્યો પ્રવેશ

રાજ્ય સરકાર દ્વારા ૨૫ હજાર શિક્ષકોની ભરતી કરાશે : સરકારી સ્કૂલોમાં ૧૬ હજાર નવા ઓરડા બનાવવા બજેટમાં ₹ ૯૩૭ કરોડની જોગવાઈ કરાઈ

**વચન પાળ્યાં છે, પાળીશું**

**ગુજરાતનું માન વધારીશું**








**Published on Date : 01-09-2023**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦